تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِّنْهُمْ
مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ وَاٰتَيْنَا
عِيْسَى ابْنَ مَرْيَمَ الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ
وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلَ الَّذِيْنَ مِنْ بَعْدِهِمْ مِّنْ
بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ وَلٰكِنِ اخْتَلَفُوْا فَمِنْهُمْ مَّنْ
اٰمَنَ وَمِنْهُمْ مَّنْ كَفَرَ وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلُوْا
وَلٰكِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ ﴿٢٥٣﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا
اَنْفِقُوْا مِمَّا رَزَقْنٰكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا
بَيْعٌ فِيْهِ وَلَا خُلَّةٌ وَّلَا شَفَاعَةٌ وَالْكٰفِرُوْنَ هُمُ
الظّٰلِمُوْنَ ﴿٢٥٤﴾ اَللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ
لَا تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا

**આ[૧] રસૂલો છે કે અમે એમનામાં એકને બીજા પર શ્રેષ્ઠ કર્યા,[૨] એમનામાં કોઈની સાથે અલ્લાહે વાત ફરમાવી,[૩] અને કોઈ તે છે, જેને બધા પર (કંઈ કેટલાએ) દરજ્જાઓ બુલંદ (ઉચ્ચ) કર્યા,[૪] અને અમે મરયમના પૂત્ર ઈસાને સ્પષ્ટ નિશાનીઓ આપી,[૫] અને પવિત્ર રૂહ દ્વારા એની સહાય કરી,[૬] અને (જો) અલ્લાહ ઈચ્છતે તો એમની પાછળવાળા અંદરોંદર ન લડતે, એ પછી કે એમની પાસે સ્પષ્ટ નિશાનીઓ આવી ગઈ,[૭] પણ તેઓ જુદા પડી ગયા, એમનામાં કોઈ ઈમાન પર રહ્યો અને કોઈ કાફિર થઈ ગયો,[૮] અને (જો) અલ્લાહ ઈચ્છતે તો તેઓ લડતે નહી. પણ અલ્લાહ જે ઈચ્છે તે કરે,[૯] (૨૫૩) અય ઈમાનવાળાઓ ! અમારા આપેલામાંથી અલ્લાહના [૭]માર્ગમાં ખર્ચ કરો તે દિવસ આવતાં પહેલાં જેમાં ખરીદ વેચાણ નથી, ન કાફિરો માટે દોસ્તી, ન શફાઅત, અને કાફિરો પોતે જ જાલિમ છે[૧૦] (૨૫૪) અલ્લાહ છે જેના સિવાય કોઈ મઅબૂદ નથી,[૧૧] તે પોતે જીવંત અને બીજાઓનું અસ્તિત્વ ટકાવી રાખનાર છે,[૧૨] તેને ન ઘેન ચડે ન**

૧. આ પાક લોકો જેમનો ઉલ્લેખ પાછળ અને ખાસ કરીને ''ઈન્નક લમિનલ મુરસલીન'' માં થયો.

૨. આથી ફલિત થયું કે અમ્બિયા અલયહિમુસ્સલામના મરતબાઓ જુદા જુદા છે. અમુકથી અમુક શ્રેષ્ઠ છે જો કે નુબુવ્વતમાં કશો ફેર નથી. નુબુવ્વતના ગુણમાં બધા જ સરખા છે. પરંતુ લાક્ષણિકતાઓ તેમજ કમાલોની દ્રષ્ટિએ મરતબાઓમાં ફેર છે. આ આયતમાં આ બાબત જ બયાન કરવામાં આવી છે, અને આયતના આ સાર પર જ સમસ્ત ઉમ્મતની એકમતિ છે. (ખાઝિન, મદારિક)

૩. એટલે કે કોઈની પણ દરમ્યાનગીરી વગર. જેમકે હઝરત મૂસા અલયહિમુસ્સલામને તૂર પર્વત પર વાતચીત કરવાનો લ્હાવો આપ્યો, અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે મેઅરાજની રાત્રે વાતચીત ફરમાવી. (જુમલ)

૪. તે હુઝૂર પુરનૂર સૈયદે અમ્બિયા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે કે આપને અન્ય અમ્બિયા કરતાં કંઈ કેટલાએ દરજ્જાઓની શ્રેષ્ઠતા આપી. આના પર સમસ્ત ઉમ્મતની એકમતિ છે. તેમજ કંઈ કેટલીએ હદીષોથી આ વાત પુરવાર થાય છે.

આયતમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના નામ મુબારકનો ઉલ્લેખ કરયા વગર આપની આ ઉચ્ચ શાન અને ઉચ્ચ મરતબાનુ જે બયાન કરાયું છે તો એનાથી પણ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની શ્રેષ્ઠતા પ્રગટ કરવાનો હેતુ છે, બધા અમ્બિયા અલયહિમુસ્સલામની ફઝીલતનું જ્યારે બયાન કરવામાં આવે અને વચમાં આટલા ઉચ્ચ દરજ્જાનો ઉલ્લેખ હોય તો બધા જ એ બાબત સમજી જાય કે હુઝૂરેવાલાની ઝાતે પાક સિવાય આ ગુણ કોઈને પણ બંધ બેસતો આવતો જ નથી. અને જેથી કોઈને શંકા કરવાનું કારણ પણ

فِي الْأَرْضِ ۗ مَنْ ذَا الَّذِي يَشْفَعُ عِنْدَهُ إِلَّا بِإِذْنِهِ ۚ
يَعْلَمُ مَا بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ ۖ وَلَا يُحِيطُونَ
بِشَيْءٍ مِنْ عِلْمِهِ إِلَّا بِمَا شَاءَ ۚ وَسِعَ كُرْسِيُّهُ السَّمَاوَاتِ
وَالْأَرْضَ ۖ وَلَا يَئُودُهُ حِفْظُهُمَا ۚ وَهُوَ الْعَلِيُّ الْعَظِيمُ ﴿٢٥٥﴾
لَا إِكْرَاهَ فِي الدِّينِ ۖ قَدْ تَبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ
فَمَنْ يَكْفُرْ بِالطَّاغُوتِ وَيُؤْمِنْ بِاللَّهِ فَقَدِ
اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقَىٰ لَا انْفِصَامَ لَهَا ۗ
وَاللَّهُ سَمِيعٌ عَلِيمٌ ﴿٢٥٦﴾ اللَّهُ وَلِيُّ الَّذِينَ آمَنُوا
يُخْرِجُهُمْ مِنَ الظُّلُمَاتِ إِلَى النُّورِ ۖ وَالَّذِينَ كَفَرُوا
أَوْلِيَاؤُهُمُ الطَّاغُوتُ يُخْرِجُونَهُمْ مِنَ النُّورِ إِلَى
الظُّلُمَاتِ ۗ أُولَٰئِكَ أَصْحَابُ النَّارِ ۖ هُمْ فِيهَا خَالِدُونَ ﴿٢٥٧﴾

**ઊંઘ આવે[૧૩] જે કંઈ આસમાનો અને જમીનમાં છે તે તેનું જ છે[૧૪] એવો કોણ છે જે તેના દરબારમાં તેના હુકમ વગર ભલામણ કરે[૧૫] જે કંઈ તેઓની આગળ અને જે કંઈ પાછળ છે તેને તે જાણે છે[૧૬] અને તે (લોકો) તેના ઈલ્મમાંથી નથી પામતા પરંતુ જેટલુ તે ઈચ્છે. (તેટલું પામે છે)[૧૭] તેની કુરસીમાં સમાએલા છે આસમાન અને જમીન[૧૮] અને તેને એમની (આસમાન-જમીનની) સાચવણી ભારે નથી (લાગતી) અને તે જ છે બુલંદ, મોટાઈવાળો[૧૯] (૨૫૫) દીનમાં કંઈ બળજબરી નથી[૨૦] નિશંક નેક માર્ગ ગુમરાહીથી ખૂબ જુદો થઈ ગયો છે, તો જે શયતાનને ન માને ને અલ્લાહ પર ઈમાન લાવે[૨૧] તેણે ઘણી મજબૂત ગાંઠ પકડી (લીધી), જેને કદી ખુલવાનું નથી, અને અલ્લાહ સાંભળે, જાણે છે, (૨૫૬) અલ્લાહ મુસલમાનોનો વાલી છે, તેઓને અંધારામાંથી[૨૨] નૂર (પ્રકાશ) તરફ કાઢે છે, અને કાફિરોના તરફદાર શયતાનો છે, તેઓ એમને નૂરથી અંધારાઓ તરફ કાઢે છે, આ લોકો જ દોઝખવાળાઓ છે, તેઓને હમેશાં એમાં રહેવાનું (છે) (૨૫૭)**

ન મળી રહે, (અર્થાત તમામ પૈગમ્બરો દરમ્યાન હુઝૂરનો મરતબો એટલો બધો ઊંચો છે કે જ્યારે એનું બયાન કરવું હોય ત્યારે એ મરતબા સાથે આપના નામે પાકનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા જ રહેતી નથી, કારણ કે દરેક સાંભળનાર એ વાત સમજી જાય છે, કે આ ઉચ્ચ પદવી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ માટે જ છે અટલે કે હુઝૂરનો મરતબો અતિશય જગ જાહેર છે; હ. આ.)

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની તે લક્ષણિકતાઓ અને કમાલો જેમ કે આપ બીજા તમામ અમ્બિયા કરતાં ઉચ્ચ અને ચઢિયતા છે અને જેમાં આપનો કોઈ સમકક્ષ નથી, તે અસંખ્ય છે, કુરઆને કરીમમાં આ મુજબ કહેવાયું છે કે કંઈ કેટલાએ દરજ્જાઓ બુલંદ કર્યા, આ દરજ્જાઓની કોઈ ગણત્રી કુરઆન મજીદમાં બયાન થઈ નથી, તો પછી કોણ એની હદ નક્કી કરી શકે છે ? એ અસંખ્ય કમાલોમાંથી અમુકનું ટૂંક બયાન આ મુજબ છે કે આપની રિસાલત તમામ કાએનાત માટે છે. તમામ કાએનાત આપની ઉમ્મત છે. અલ્લાહપાકે ફરમાવ્યું ''વમા અર્સલ્નાક ઈલ્લા કાફફતલ લિન્નાસિ બશીરંવ વનઝીરા'' અને તમને તમામ લોકો માટે રસૂલ ખુશખબરી સંભળાવનાર અને ડરાવનાર બનાવીને મોકલ્યા છે. બીજી આયતમાં છે, ''લિયકૂન લિલઆલમીન નઝીરા'' જેથી તમને બધાય આલમ માટે ડરાવનાર બનાવીએ, મુસ્લિમ શરીફની હદીષમાં છે ''ઉરસિલ્તુ ઈલલ ખલાઈકિ કાફફહ'' હું તમામ મખ્લૂક માટે રસૂલ બનાવીને મોકલાયો છું'' અને આપની જાતે પાક પર નુબુવ્વત સંપૂર્ણ કરવામાં આવી, કુરઆન મજીદમાં આપને ''ખાતમુન્નબીય્યીન'' કહેવામાં આવ્યા, હદીષ શરીફમાં ફરમાવ્યું ''ખતમ બીન્નબ્બીયુન'' મારા પછી નબીઓ નહીં આવે, સ્પષ્ટ નિશાનીઓ અને જગજાહેર મુઅજિઝાઓમાં આપને બધા અમ્બિયા કરતાં શ્રેષ્ઠ કરવામાં આવ્યા. આપની

ઉમ્મતને બધી ઉમ્મતો કરતાં બેહતર કરવામાં આવી. શફાઅતે કુબરા આપને આપવામાં આવી, અલ્લાહની ખાસ નજીકી એટલે કે મેઅરાજ આપને કરાવવામાં આવી, ઈલ્મી અને અમલી કમાલોમાં આપને સહુથી ચઢિયાતા બનાવવામાં આવ્યા. અને એ સિવાય પણ અસીમ શ્રેષ્ઠતાઓ આપને આપવામાં આવી. (ખાઝિન, મદારિક, જુમલ, બયઝાવી વિગેરે)

૫. જેમકે મૃત્યુ પામેલાઓને સજીવન કરવા, રોગીઓને આરોગ્ય આપવું, માટીમાંથી પક્ષીઓ બનાવીને તેને જીવતા કરવાં, ગેબની ખબરો આપવી વિગેરે.

૬. એટલે કે જિબ્રઈલ અલયિહસ્સલામ દ્વારા જેઓ હમેશાં આપની સાથે જ રહેતા હતા.

૭. એટલે કે અમ્બિયા અલયહિમુસ્સલામના મુઅજિઝાઓ.

૮. એટલે કે આગળના અમ્બિયાની ઉમ્મતો પણ ઈમાન એને કુફ્રમાં વહેંચાએલી રહી, બધી જ ઉમ્મત તાબેદાર બની ગઈ હોય એવું બન્યું નથી.

૯. તેના રાજ્યમાં તેની વિરૂદ્ધ કશું થઈ શકતું નથી, અને એ જ ખુદાની શાન છે.

૧૦. કે એમણે દુનિયાના જીવન દરમ્યાન જરૂરતના દિવસ માટે એટલે કે કયામત માટે કશું જ કર્યુ નહીં.

૧૧. આમાં અલ્લાહ મઅબૂદ હોવાનું અને તે એક હોવાનું બયાન છે. આ આયતને ''આયતલ કુરસી'' કહે છે, હદીષોમાં એની ઘણી ફઝલીતો આવી છે.

૧૨. એટલે કે વાજિબુલ વજૂદ અને જગતનો સર્જનહાર છે;

૧૩. કારણ કે એક જાતની ખાંપણ છે અને તે ખાંપણ અને ઐબથી પવિત્ર છે.

૧૪. આમાં તેના માલિકી હક, હુક્મ ચલાવવાની સત્તા અને અધિકારનું બયાન છે. અને ઘણી જ સારી પદ્ધતિથી શિર્કનું રદ કરવામાં આવ્યું છે, કે જ્યારે આખું જગત તેની મિલ્કત છે ત્યારે તેનો ભાગીદાર કોણ હોઈ શકવાનો છે મુશ્રિકો યા તો ચંદ્ર, સૂર્ય કે તારાઓને પૂજે છે જે આસમાનમાં છે યા તો નદી, દરિયા, પહાડ, પત્થર, ઝાડ વિ. ને પૂજે છે, જે જમીનમાં છે. જ્યારે આસમાન અને જમીનની દરેક વસ્તુ અલ્લાહની મિલ્કત છે. તો પછી પૂજવાને પાત્ર કેવી રીતે બની શકે?

૧૫. આમાં મુશ્રિકોને રદિયો આપ્યો છે, જેઓ સમજતા હતા કે મૂર્તિઓ એમની ભલામણ કરશે. તેઓને બતાવી દેવામાં આવ્યું કાફિરો માટે શફાઅત નથી, જેઓને અધિકાર મળ્યો હશે તેમના સિવાય અલ્લાહના દરબારમાં કોઈપણ શફાઅત નહીં કરી શકે, અને જેઓને અધિકાર મળ્યો છે તે અમ્બિયા, ફરિશ્તાઓ અને મુઅમિનીન (અવલિયા) છે.

૧૬. એટલે કે આગળ પાછળની હાલત અથવા દુનિયા અને આખિરત.

૧૭. અને જેમને તે આપે છે, તે જાણે છે, તેઓ અમ્બિયા, રસૂલ છે, જેઓને ગૈબથી માહિતગાર બનાવવા તેઓની નુબુવ્વતની દલીલ છે, ફરમાવ્યુ ''લા યુઝહિરૂ અલાગયબિહી અહદન ઈલ્લા મનિરતદા મિર-રસૂલ'' (અલ્લાહ દરેકને પોતાના ગૈબથી માહિતગાર કરતોં નથી, પણ રસૂલોમાંથી જેને ચૂંટી કાઢે છે તેને (માહિતગાર કરે છે) (ખાઝિન)

૧૮. આમાં તેની અઝમત અને શાન બયાન કરવામાં આવી છે, અને કુરસીથી યાતો ઈલ્મ અને કુદરત મુરાદ છે. યા તો અર્શ અથવા તે, જે અર્શની નીચે અને સાતેય આસમાનની ઉપર છે, અને શક્ય છે કે આ તે જ વસ્તુ હોય જેને ફલકુલ બુરૂજ કહેવામાં આવે છે.

૧૯. આ આયતમાં ખુદાને લગતા જ્ઞાનના શ્રેષ્ઠ મસાઈલ (પ્રશ્નો)નું બયાન છે, અને એનાથી સાબિત

اَلَمْ تَرَ اِلَى الَّذِیْ حَآجَّ اِبْرٰهٖمَ فِیْ رَبِّهٖۤ اَنْ اٰتٰىهُ
اللّٰهُ الْمُلْكَ اِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّیَ الَّذِیْ یُحْیٖ وَ
یُمِیْتُ قَالَ اَنَا اُحْیٖ وَ اُمِیْتُ قَالَ اِبْرٰهٖمُ فَاِنَّ
اللّٰهَ یَاْتِیْ بِالشَّمْسِ مِنَ الْمَشْرِقِ فَاْتِ بِهَا مِنَ
الْمَغْرِبِ فَبُهِتَ الَّذِیْ كَفَرَ وَاللّٰهُ لَا یَهْدِی الْقَوْمَ
الظّٰلِمِیْنَ ﴿٢٥٨﴾ اَوْ كَالَّذِیْ مَرَّ عَلٰى قَرْیَةٍ وَّ هِیَ
خَاوِیَةٌ عَلٰى عُرُوْشِهَا قَالَ اَنّٰى یُحْیٖ هٰذِهِ اللّٰهُ
بَعْدَ مَوْتِهَا فَاَمَاتَهُ اللّٰهُ مِائَةَ عَامٍ ثُمَّ بَعَثَهٗ
قَالَ كَمْ لَبِثْتَ قَالَ لَبِثْتُ یَوْمًا اَوْ بَعْضَ یَوْمٍ
قَالَ بَلْ لَّبِثْتَ مِائَةَ عَامٍ فَانْظُرْ اِلٰى طَعَامِكَ
وَشَرَابِكَ لَمْ یَتَسَنَّهْ وَانْظُرْ اِلٰى حِمَارِكَ وَلِنَجْعَلَكَ

**અય મહબૂબ ! શું તમે ન જોયો હતો તેને જે ઈબ્રાહીમ સાથે એના રબ વિષે ઝઘડયો, એ (ઘમંડ) પર[૨૩] કે અલ્લાહે તેને બાદશાહી આપી,[૨૪] જ્યારે ઈબ્રાહીમે કહયું મારો રબ તે છે કે (જે) જીવાડે અને મારે છે[૨૫] બોલ્યો હું (પણ) જીવાડું અને મારું છુ[૨૬] ઈબ્રાહીમે ફરમાવ્યું તો અલ્લાહ સૂર્યને પૂર્વથી લાવે છે તુ એને પશ્ચિમથી લઈ આવ[૨૭] તો કાફિરના હોશ ઉડી ગયા, અને અલ્લાહ ઝાલિમોને રસ્તો દેખાડતો નથી (૨૫૮) અથવા તેની જેમ જે એક ગામ પર (થઈને) ગુજર્યા[૨૮] અને તે ઊંધુ દબાયું હતું પોતાના છાપરાઓ પર[૨૯] બોલ્યો ; અલ્લાહ આને એના મૃત્યુ પછી કેમ કરી જીવાડશે ? તો અલ્લાહે તેને મરેલો રાખ્યો. સો વર્ષ (સુધી) પછી સજીવન કર્યો, ફરમાવ્યું તુ અહીં કેટલું રોકાયો, વિનંતી કરી એક દિવસ રોકાયો હોઈશ અથવા થોડું ઓછું, ફરમાવ્યું નહીં તને (તો) સો વર્ષો વહી ગયાં ; અને પોતાના જમણ અને પાણીને જો કે હજી સુધી દુર્ગંધ નથી પામ્યું અને પોતાના ગધેડાને જો (કે જેનાં હાડકાં સુદ્ધાં સલામત રહયાં નથી) અને આ**

થાય છે કે અલ્લાહનું અસ્તિત્વ છે, એક જ છે, જીવંત છે, કદી ફના થનાર નથી, પોતાના સિવાય દરેક વસ્તુનો સર્જનહાર છે, બીજાના શરીરોમાં પ્રવેશવાથી તેમજ પોતાની હાલતમાં ફેરફાર કરવાથી પવિત્ર છે. ન કોઈની એની સાથે મળતાપણું, ન મખલૂકની બાબતની તેને સુધી પહોંચ, બ્રહ્માંડનો માલિક, મૂળ વસ્તુઓ તેમજ તેના ફાંટાઓને કોઈપણ જાતના નમૂના કે મદદ વગર બનાવનાર, સખ્ત પકડકરનાર, જેના દરબારમાં અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈ ભલામણ માટે હોઠ હલાવી શકે નહીં, તમામ વસ્તુઓનું જ્ઞાન ધરાવનાર, જાહેર વસ્તુનું અને છુપાએલી વસ્તુનું પણ, સામુહિક બાબતનું પણ અને તેના એકમનું પણ વિશાળ રાજ્ય અને સત્તાવાળો, સમજ શક્તિ, બલ્કે વહેમ ગુમાનથી પણ ઘણો ઉચ્ચ છે.

૨૦. અલ્લાહના ગુણોના બયાન પછી 'દીનમાં બળજબરી નથી' એવુ ફરમાવવામાં એ વાત પ્રતિ ઈશારો છે કે હવે આકિલ માટે હક સ્વીકારમાં કોઈ બાબત બાધરૂપ રહી નથી;

૨૧. આમાં એ બાબત તરફ ઈશારો છે કે કાફિર માટે પ્રથમ પોતાના કુફ્રથી તવબહ અને અળગાપણું જાહેર કરવું જરૂરી છે, ત્યાર બાદ ઈમાન લાવે તો તે ખરૂ કહેવાશે.

૨૨. કુફ્ર અને ગુમરાહીના અંધારાઓમાંથી ઈમાન અને હિદાયતના નૂર તરફ લાવે છે.

૨૩. ઘમંડ અને તકબ્બુરથી,

૨૪. અને તેને તમામ જમીનનું રાજ્ય આપ્યું, ત્યારે તેને તાબેદારી અને આભાર માનવાને બદલે ઘમંડ કર્યો, અને પોતે ખુદા હોવાનો દાવો કરવા માંડયો તેનું નામ નમરૂદ બિન કિનઆમ હતું, સર્વ પ્રથમ માથા પર તાજ રાખનારો એ પોતે જ હતો, જ્યારે હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામે તેને ખુદાની ઈબાદત કરવાનું

ءَايَةً لِّلنَّاسِ وَانظُرْ إِلَى الْعِظَامِ كَيْفَ نُنشِزُهَا
ثُمَّ نَكْسُوهَا لَحْمًا فَلَمَّا تَبَيَّنَ لَهُ قَالَ أَعْلَمُ أَنَّ
اللَّهَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٢٥٩﴾ وَإِذْ قَالَ إِبْرَاهِيمُ رَبِّ
أَرِنِي كَيْفَ تُحْيِي الْمَوْتَىٰ قَالَ أَوَلَمْ تُؤْمِن قَالَ
بَلَىٰ وَلَٰكِن لِّيَطْمَئِنَّ قَلْبِي قَالَ فَخُذْ أَرْبَعَةً
مِّنَ الطَّيْرِ فَصُرْهُنَّ إِلَيْكَ ثُمَّ اجْعَلْ عَلَىٰ
كُلِّ جَبَلٍ مِّنْهُنَّ جُزْءًا ثُمَّ ادْعُهُنَّ يَأْتِينَكَ سَعْيًا
وَاعْلَمْ أَنَّ اللَّهَ عَزِيزٌ حَكِيمٌ ﴿٢٦٠﴾ مَّثَلُ الَّذِينَ
يُنفِقُونَ أَمْوَالَهُمْ فِي سَبِيلِ اللَّهِ كَمَثَلِ حَبَّةٍ
أَنبَتَتْ سَبْعَ سَنَابِلَ فِي كُلِّ سُنبُلَةٍ مِّائَةُ حَبَّةٍ
وَاللَّهُ يُضَاعِفُ لِمَن يَشَاءُ وَاللَّهُ وَاسِعٌ عَلِيمٌ ﴿٢٦١﴾

**એટલા માટે કે તને અમે લોકો માટે નિશાની બનાવીએ અને પેલાં હાડકાંને જો કેવી રીતે અમે તેને ઉભાં કરીને તે પછી તે ઉપર માંસ પહેરાવીએ છીએ, જ્યારે આ મામલો તેના પર જાહેર થઈ ગયો (ત્યારે) બોલ્યો હું ખૂબ જાણું છું કે અલ્લાહ સર્વ કંઈ કરી શકે છે (૨૫૯) અને જ્યારે વિનંતિ કરી ઈબ્રાહીમે[૩૦] ઓ મારા પાલનહાર ! મને દેખાડ, તુ કેમ કરી મુર્દાઓને જીવાડીશ ? ફરમાવ્યું શું તને યકીન નથી[૩૧] ? વિનવ્યું યકીન કેમ નથી ? પણ (હું) એ ઈચ્છું કે મારા દિલને શાંતિ થાય[૩૨] ફરમાવ્યું તો સારૂં ચાર પક્ષીઓ લઈને પોતાના સહવાસમાં કરી લે[૩૩] પછી તેમનો એક એક ટુકડો દરેક પહાડ પર મૂકી દે પછી તેમને બોલાવ તેઓ તારી પાસે પગોથી દોડતાં આવશે[૩૪] અને જાણી રાખ કે અલ્લાહ ચઢીયાતો હિકમતવાળો છે.(૨૬૦) તેઓનું દ્રષ્ટાંત જેઓ પોતાના માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે[૩૫] દાણાંની જેમ (છે) જેણે સાત ડુંડીઓ ઉગાડી[૩૬] દરેક ડુંડીમાં સો દાણા[૩૭] અને અલ્લાહ જેના માટે ઈચ્છે (તેના માટે) આનાથી પણ અધિક વધારે, અને અલ્લાહ ઉદારતાવાળો ઈલ્મવાળો છે (૨૬૧)**

નિમંત્રણ આપ્યું. આગમાં નાખતાં પહેલાં હોય કે પછી, ત્યારે તે પૂછવા માંડયો, કે તમારો પરવરદિગાર કોણ છે ? જેના તરફ તમે અમને બોલાવો છો.

૨૫. એટલે કે શરીરોમાં મૃત્યુ અને જીવન જન્માવે છે, અલ્લાહને ઓળખનાર કોઈ વ્યક્તિ માટે આ વાતમાં શ્રેષ્ઠ માર્ગદર્શન હતું, અને એમાં બતાવવામાં આવ્યું હતું કે તારૂં જીવન પોતે જ તેના અસ્તિત્વનું સાક્ષી છે, કે તું એક નિર્જીવ ટીપું હતો. તેણે તને મનુષ્યની શિકલ આપી, અને જીવન આપ્યું, તે જ પરવરદિગાર છે, અને એજ પાછો જીવંત શરીરોને મૃત્યુ આપે છે, તેની કુદરતનું પ્રતિક ખૂદ તારા જીવન-મૃત્યુમાં જ દેખાય છે, તેના અસ્તિત્વથી અજાણ રહેવું હદ દરજ્જાની અજ્ઞાનતા, મૂર્ખતા અને અભાગીપણું છે. આ દલીલ એટલી જબરદસ્ત હતી કે નમરૂદથી એનો જવાબ ન બની શક્યો, અને લોકોની સમક્ષ તેને લાજવાબ થવું પડશે એ બ્હીકે તેણે ચર્ચા અવળે માર્ગે ચઢાવી.

૨૬. નમરૂદે બે માણસોને બોલાવ્યા તેમાંથી એકને કત્લ કર્યો બીજાને છોડી દીધો, અને કહેવા લાગ્યો કે હું પણ જીવાડું-મારૂં છું, એટલે કે કોઈને પકડી લઈને છોડી દેવો એ તેને જીવાડવું છે, આ તેની મૂર્ખતા હતી. ક્યાં પકડવું અને છોડવું અને ક્યાં જીવન અને મૃત્યુ પેદા કરવું. કત્લ થયેલા માણસને જીવંત કરવાથી આજીઝ રહેવું, અને એના બદલે પકડેલા માણસને છોડી દઈ તેને જીવતા કરવા સમાન સમજવું એજ તેની બેઈજ્જતી કરવા માટે પુરતું હતું. બુદ્ધિથી પણ એ પુરવાર થયું કે જે દલીલ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે રજુ કરી હતી તે સામા પક્ષની વાતને કાપી નાખનાર હતી અને એનો જવાબ શક્ય જ નથી, પણ નમરૂદના આ કૃત્યથી એના દાવામાં એક ડગલુ આગળ વધવા જેવું લાગવાથી હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે તેના

પર મુનાઝિરા (વાદ-વિવાદ)ની પદ્ધતિ મુજબ પકડ કરી, કે મૃત્યુ અને જીવન પેદા કરવું એ તો તારા અધિકારમાં નથી જ, પણ અય ખુદા હોવાનો જૂઠો દાવો કરનાર! એનાથી પણ સહેલું કામ કરી દેખાડ, કે એક ગતિમાન વસ્તુની ગતિની દિશા ફેરવી બતાવ.

૨૭. જો આટલુ પણ ન કરી શકતો હોય તો પછી ખુદાઈનો દાવો ક્યા મોઢે કરે છે?

**મસઅલો** :- આ આયતથી ઈલ્મે કલામમાં મુનાઝિરો કરવાનું સુબૂત મળે છે.

૨૮. વધારે લોકોના મંતવ્ય અનુસાર આ બનાવ હઝરત ઉઝૈર અલયહિસ્સલામનો છે. અને તે ગામ બયતુલ મુકદ્દસ હતું. જ્યારે બુખ્ત નશર બાદશાહે બયતુલ મુકદ્દસને વેરાન કરી નાખ્યું અને બની ઇસરાઈલને કત્લ કર્યા, કેદ પકડ્યા, નાશ કર્યા, ત્યાર પછી હઝરત ઉઝેર અલયહિસ્સલામ ત્યાં થઈને પસાર થયા, આપની પાસે એક વાસણમાં ખજૂર, એક પ્યાલામાં દ્રાક્ષનો રસ હતો અને આપ એક ગધેડા પર સવાર થયેલા હતા, આખા ગામમાં ફર્યા પણ કોઈ માણસ મળ્યું નહીં, ગામની ઈમારતોને પડી ગએલી સ્થિતિમાં નિહાળી. આપે આશ્ચર્યમય બની જઈને કહ્યું, ''અલ્લાહ આને એના મૃત્યુ પછી કેમ કરી જીવાડશે? પછી આપે પોતાના ગધેડાને ત્યાં બાંધી દીધું અને આરામ કરવા લાગ્યા, અને એ જ હાલતમાં એમની રૂહ કાઢી લેવામાં આવી, અને ગધેડું પણ મરી ગયું, આ બનાવ સવારના સમયે બન્યો હતો, ૭૦ વરસ પછી ઈરાનના બાદશાહોમાંથી એકને અલ્લાહ તઆલાએ શક્તિ આપી, તે પોતાના સૈન્યો લઈને બયતુલ મુકદ્દસ ગયો, અને તેને પહેલાંથી પણ વધારે સારી ઢબથી વસાવ્યું, અને બની ઈસરાઈલમાંથી જે લોકો બચી ગયા હતા તેમને અલ્લાહ પાક ફરી અહી લાવ્યો, અને તેઓએ બયતુલ મુકદ્દસ અને એની આજુબાજુ વસવાટ કર્યો. અને એમની સંખ્યા વધતી રહી, તે સમય દરમ્યાન અલ્લાહ તઆલાએ હઝરત ઉઝૈર અલયહિસ્સલામને લોકોની નજરોથી છુપાવી રાખ્યા અને કોઈ આપને જોઈ ન શક્યું, જ્યારે આપના ગુજરી જવાને ૧૦૦ વરસ પુરાં થયાં ત્યારે અલ્લાહે આપને સજીવન કર્યા, પ્રથમ આંખોમાં જીવ આવ્યો, હજુ બીજું શરીર મૃત હતું, તે આપની નજરે નિહાળતાં જીવતું કર્યું, આ સજીવન થવાનો બનાવ સાંજે સૂર્યાસ્ત સમયે બન્યો, અલ્લાહ પાકે પૂછ્યું તમે અહીં કેટલું રોકાયા? આપે અંદાજે કહ્યું કે એક દિવસ યા એનાથી થોડું ઓછું, આપનો ખયાલ એવો હતો કે આ એ જ દિવસની જ સાંજ છે જેની સવારે સૂતા હતા. ત્યારે અલ્લાહ પાકે ફરમાવ્યું, નહીં બલ્કે તમે ૧૦૦ વરસ અહી રહ્યા, પોતાની જમણની ચીજો પાણી, ખજૂર અને દ્રાક્ષના રસને જુઓ કે તેવું ને તેવું જ છે, તેમાં ગંધ સુદ્ધાં આવી નથી, અને પોતાના ગધેડાને જુઓ, જોયું તો તે મરેલું પડયું હતું, તેનાં અવયવો પણ છુટા પડી ગયા હતા, સફેદ હાડકાં ચમકી રહ્યાં હતાં. હવે આપની નજર સમક્ષ તેના ભાગો એકઠા થયા, અવયવો પોતપોતાની જગ્યાએ બેઠા, હાડકાંઓ પર માંસ આવ્યું, માસ પર ચામડું લાગ્યું, વાળ પણ ઉગ્યા, પછી તેમાં રૂહ ફૂંકવામાં આવી, તે તરત ઉઠી ગયું અને અવાજ કરવા માંડયું, પોતાના પરવરદિગારની કુદરતને આંખે દેખીને તેઓ બોલ્યા, હું સારી રીતે જાણું છું કે અલ્લાહ તઆલા દરેક બાબત પર કુદરત ધરાવે છે. પછી આપ પોતાની સવારી પર બેસીને પોતાના મોહલ્લામાં પધાર્યા, માથા તથા દાઢી મુબારકના વાળ સફેદ થઈ ચૂક્યા હતા, ઉમર તે જ ૪૦ વરસની હતી, કોઈ આપને ઓળખતું ન હતું, ક્યાસ કરીને પોતાના ઘેર આવ્યા, એક વૃદ્ધા મળી, જેના પગ બેકાર થઈ ગયા હતા, જે અંધ થઇ ગઈ હતી, તેણી આપના ઘરની લોંડી હતી, અને તેણીએ આપને જોએલા હતા. આપે તેણીને પૂછ્યું આ ઉઝૈરનું ઘર છે? તેણીએ કહ્યુ હા! પણ ઉઝૈર ક્યાં છે? તેઓને તો ગુમ થવાને ૧૦૦ વરસ વિતી ગયાં, આટલું બોલીને ખૂબ રડવા લાગી, આપે ફરમાવ્યું, હું ઉઝૈર છું, પેલીએ કહ્યું, સુબ્હાનલ્લાહ! આવું કેમ કરી બની શકે? આપે

ફરમાવ્યું કે અલ્લાહપાકે મને ૧૦૦ વરસ મરેલો રાખી પછી જીવંત કર્યો, પેલી સ્ત્રીએ કહ્યું કે હઝરત ઉઝૈર તો મુસ્તજાબુદદઅવાત હતા, જે દુઆ કરતાં હતા તે કબૂલ થઈ જતી હતી, તમે દુઆ કરો કે હું દેખતી થઈ જાઉં, આપે દુઆ ફરમાવી તે દેખતી બની ગઇ. આપે તેના હાથ પકડીને કહ્યું કે ખુદાના હુકમથી ઉભી થા, આ કહેતાંની સાથે જ તેના પગો પણ ઠીક થઈ ગયા, તેણીએ આપને જોઈને ઓળખ્યા, અને કહ્યું કે હું સાક્ષી આપુ છું કે બેશક! આપ હઝરત ઉઝૈર છો, તે આપને બની ઈસરરાઈલના મહોલ્લામાં લઈ ગઈ, ત્યાં એક ટોળામાં આપના સુપુત્ર હતા જેમની ઉમર ૧૧૮ વરસની હતી, અને આપના પૌત્રો પણ હતા. જે વૃદ્ધ થઈ ચૂક્યા હતા, પેલી વૃદ્ધાએ જોરથી કહ્યું, હઝરત ઉઝૈર પધાર્યા છે, લોકોએ તેણીને જૂઠલાવી ત્યારે તેણીએ કહ્યું કે મને જુઓ આપની દુઆથી હું સારી બની ગઈ છું, લોકો આપની સેવામાં હાજર થયા, આપના પુત્રે કહ્યું કે મારા વાલિદ સાહેબના ખભાઓની વચમાં કાળાવાળોનું એક ચંદ્રકારક વર્તુળ હતું, શરીર મુબારક ખોલીને બતાવ્યું તો તે મોજુદ હતું. તે સમયમાં તવરાતની એક પણ પ્રત બચી ન હતી, કોઈ તેને જાણનારૂં પણ ન હતું, આપે આખી તવરાત મોઢે પઢી બતાવી. એક માણસે કહ્યું, મને મારા પિતા પાસેથી જાણવા મળ્યું હતું કે બુખ્ત નસરના અત્યાચારો પછી પકડાઈ જતી વખતે મારા દાદાએ તવરાતને એક જગ્યાએ દફન કરી દીધી હતી, તે જગ્યાની નિશાની મને યાદ છે, પછી તે જગ્યાએથી તવરાત કાઢવામાં આવી, હઝરત ઉઝૈર અલયહિસ્સલામે પોતાની યાદશક્તિથી જે તવરાત લખાવી હતી, તેમાં અને આમાં એક અક્ષરનો પણ ફેર હતો નહીં. (જુમલ)

૨૯. પહેલાં છાપરાઓ પડયાં, પછી તેના પર ભીંતો પડી;

૩૦. તફસીરકારોએ લખ્યું છે કે દરિયા કાંઠે એક માણસ મરેલો પડયો હતો. ભરતી-ઓટમાં દરિયાનું પાણી ચઢતું ઉતરતું હતું. જ્યારે પાણી ચઢતું ત્યારે માછલીઓ તેની લાશ ખાતી અને જ્યારે પાણી ઉતરી જતું ત્યારે જંગલના પ્રાણીઓ તેને ખાતાં હતાં, પછી જ્યારે દરિંદા નાસી જતા ત્યારે પરિંદાં ખાતાં હતાં, જ્યારે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે આ જોયું ત્યારે એમને શોખ થયો કે મુર્દાઓ કેવી રીતે સજીવન થશે તે જોવું જોઈએ, આપે અલ્લાહના દરબારમાં વિનંતી કરી કે અય પરવરદિગાર! મને શ્રદ્ધા છે કે મુર્દાઓને તું જીવંત કરીશ, અને એમના શરીરના ભાગો દરિયાઈ જનાવરો અને પ્રાણીઓના પેટોમાંથી તેમજ પક્ષીઓના પોટાઓમાંથી એકઠા કરીશ, પરંતુ, હું આ આશ્ચર્યજનક દ્રશ્ય નજરે નિહાળવા ઈચ્છુ છું.

તફસીરકારોનું એક મંતવ્ય એવુ પણ છે કે જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામને પોતાના 'ખલીલ' બનાવ્યા ત્યારે મલકુલ મવત અલ્લાહ પાકની આજ્ઞા લઈ આપને એની ખુશખબર સંભળાવવા આવ્યા, ખુશખબર સાંભળીને આપે આલ્લાહપાકની હમ્દ બયાન કરી, અને મલકુલ મવતને પૂછ્યું કે મને ખલીલ બનાવ્યો તેની નિશાની શું છે? તેઓએ કહ્યું કે અલ્લાહપાક આપની દુઆ કબૂલ કરશે, અને આપની માંગણીથી મુર્દાઓને જીવંત કરશે, ત્યારે આપે આ દુઆ કરી. (ખાઝિન)

૩૧. આલ્લાહ તઆલા છુપી અને જાહેર બાબતનો જાણકાર છે. તેને હઝરત ઈબ્રાહીમ એલયહિસ્સલામના પાકા ઇમાન અને યકીનની જાણ છે. છતાં એવો પ્રશ્ન કર્યો કે શું તને યકીન નથી? એ એટલા માટે છે કે સાંભળનારને માંગણીનો હેતુ જાણવા મળે, અને એ પણ સમજી જાય કે આ માંગણી કોઈ શંકા કુશંકાના કારણે ન હતી. (બયઝાવી, જુમલ વિગેરે)

૩૨. અને પ્રતિક્ષાની વ્યાકુળતા મટી જાય, હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂ એનો મતલબ એવો બતાવે છે કે એ નિશાનીથી મારા દિલને એ બાબત શાંતિ થાય કે તેં મને પોતાનો ખલીલ બનાવ્યો છે.

૩૩. જેથી સારી રીતે ઓળખી શકાય.

تلك الرسل ٣ — البقرة ٢

الَّذِينَ يُنْفِقُونَ أَمْوَالَهُمْ فِي سَبِيلِ اللَّهِ ثُمَّ
لَا يُتْبِعُونَ مَا أَنْفَقُوا مَنًّا وَلَا أَذًى لَهُمْ
أَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَ
لَا هُمْ يَحْزَنُونَ ۝ قَوْلٌ مَعْرُوفٌ وَمَغْفِرَةٌ
خَيْرٌ مِنْ صَدَقَةٍ يَتْبَعُهَا أَذًى وَاللَّهُ غَنِيٌّ
حَلِيمٌ ۝ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تُبْطِلُوا صَدَقَاتِكُمْ
بِالْمَنِّ وَالْأَذَى كَالَّذِي يُنْفِقُ مَالَهُ رِئَاءَ
النَّاسِ وَلَا يُؤْمِنُ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ
فَمَثَلُهُ كَمَثَلِ صَفْوَانٍ عَلَيْهِ تُرَابٌ فَأَصَابَهُ
وَابِلٌ فَتَرَكَهُ صَلْدًا لَا يَقْدِرُونَ عَلَى
شَيْءٍ مِمَّا كَسَبُوا وَاللَّهُ لَا يَهْدِي الْقَوْمَ

**તેઓ જે પોતાના માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે[૩૮] ફરી આપ્યા પછી ન કહી સંભળાવે, ન કષ્ટ આપે[૩૯] તેઓનો બદલો એમના અલ્લાહ પાસે છે, અને તેઓને ન કંઈ ચિંતા થાય ન કંઈ દુ:ખ (૨૬૨) સારી વાત કહેવી અને દરગુજર કરવું[૪૦] તે ખૈરાત કરતાં સારૂં છે, જેના પછી સતામણી હોય[૪૧] અને અલ્લાહ નચિંત, સહનશીલ છે. (૨૬૩) અય ઈમાનવાળાઓ ! કહી સંભળાવીને અને કષ્ટ આપીને તમારા સદકા નિષ્ફળ ન કરી નાખો,[૪૨] તે (માણસ) ની જેમ જે પોતાનો માલ લોકોને દેખાડવા ખર્ચ કરે અને અલ્લાહ તેમજ કયામત પર ઈમાન ન લાવે, તો એનું દ્રષ્ટાંત એવું છે જેમકે એક ખડક (નો પથ્થર) કે તેના પર માટી છે. હવે તેના પર ધોધમાર પાણી પડયું જેણે તેને નર્યો પથરો કરી મૂક્યો[૪૩] (આવા માણસો) પોતાની કમાઈમાંથી કોઈ વસ્તુ પર અધિકાર નહિ પામે, અને અલ્લાહ કાફિરોને માર્ગ બતાવતો નથી. (૨૬૪)**

૩૪. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે મોર, મરઘો, કબુતર અને કાગડો આ ચાર પક્ષીઓ પાળ્યાં અને પછી એમને અલ્લાહના હુકમથી ઝુબેહ કર્યાં. એમના પીછાંઓ કાઢી નાખ્યાં અને એમનાં માંસનો ખીમો કરીને એકબીજામાં મેળવી દીધું, અને પાછા એના અમુક ભાગ કરી એક એક ભાગ એક એક પહાડ પર મૂક્યો. અને બધાંના માથાં પોતાની પાસે રાખ્યાં પછી ફરમાવ્યું; અલ્લાહના હુકમથી ચાલ્યાં આવો, આ સાંભળતાં જ પેલા માંસના ખીમાના દરેક ભાગમાંથી દરેક પક્ષીના ભાગો ઉડયા, દરેકનું માંસ જુદુ જુદુ થઈને પોતપોતાના ભાગો સાથે જોડવાઈ જઈને તે પક્ષીની શિકલ તૈયાર થઈ ગઈ, પછી તે બધા પોતાના પગોથી દોડતાં દોડતાં હાજર થયાં, અને પોતપોતાના માથા સાથે જોડાઈને તે જ પક્ષી તૈયાર થઈને ઉડી ગયાં, સુબ્હાનલ્લાહ !

૩૫. પછી તે ખર્ચ કરવું વાજિબ હોય કે નિફલ, દરેક નેકીના માર્ગમાં ખર્ચ કરવાનો મતલબ છે, ઈચ્છે તો કોઈ વિદ્યાર્થીને કિતાબો ખરીદી આપે અથવા દવાખાનાં બનાવી આપે અથવા મુર્દાઓને સવાબ પહોંચાડવા ત્રીજયું ચાલીસમું કરીને ગરીબોને ખવડાવે.

૩૬. વાસ્તવમાં ઉગાડનાર અલ્લાહ તઆલા જ છે. દાણા તરફ એનો સંબંધ તો નામ માત્રનો જોડયો છે.

**મસઅલો** :- આનાથી જાણવા મળ્યું કે કાર્યનો સંબંધ મજાઝી (ઉપલક) રીતે ખુદા સિવાય બીજા સાથે જોડવો જાઈઝ છે, જ્યારે કે સંબંધ જોડનાર ખુદા સિવાય બીજાને સ્વયં કાર્યકર્તા સમજતો ન હોય, એટલા માટે જ આ દવા ફાયદો આપનાર છે, માં-બાપે ઉછેર્યો, ગુમરાહીથી બચાવ્યો, બુઝૂર્ગોએ હાજત પુરી કરી

الْكٰفِرِيْنَ ﴿٢٦٤﴾ وَمَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ
ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ وَتَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ
كَمَثَلِ جَنَّةٍۭ بِرَبْوَةٍ اَصَابَهَا وَابِلٌ فَاٰتَتْ
اُكُلَهَا ضِعْفَيْنِ ۚ فَاِنْ لَّمْ يُصِبْهَا وَابِلٌ فَطَلٌّ ؕ
وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٢٦٥﴾ اَيَوَدُّ اَحَدُكُمْ
اَنْ تَكُوْنَ لَهٗ جَنَّةٌ مِّنْ نَّخِيْلٍ وَّاَعْنَابٍ منزل ١
تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ لَهٗ فِيْهَا مِنْ كُلِّ
الثَّمَرٰتِ ۙ وَاَصَابَهُ الْكِبَرُ وَلَهٗ ذُرِّيَّةٌ ضُعَفَآءُ ۖ
فَاَصَابَهَآ اِعْصَارٌ فِيْهِ نَارٌ فَاحْتَرَقَتْ ؕ كَذٰلِكَ
يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ﴿٢٦٦﴾ ع
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا

**અને તેઓનું દ્રષ્ટાંત જેઓ પોતાનો માલ અલ્લાહની ખુશી મેળવવામાં અને પોતાનાં દિલ અટલ કરવામાં ખર્ચ છે[૪૪] તે બગીચા જેવું છે જે ચઢાણ પર હોય તેના પર ધોધમાર પાણી પડયું તો બમણા મેવા લગાડયા, પછી જો ધોધમાર વરસાદ તેને ન મળે તો છંટકાવ માત્ર જ પુરતો છે[૪૫] અને અલ્લાહ તમારાં કામો જોઈ રહયો છે[૪૬] (૨૬૫) શું તમારામાં કોઈ એ (વાત) ને પસંદ કરશે[૪૭] કે તેના પાસે ખજૂર અને દ્રાક્ષનો એક બગીચો હોય[૪૮] જેના નીચે નદીઓ વહેતી (હોય) તેના માટે એમાં દરેક પ્રકારનાં ફળો છે[૪૯] અને તેને વૃદ્ધાવસ્થા આવી[૫૦] અને તેના અશકત બાળકો (પણ) છે[૫૧] તો તે (બગીચા) પર એક વંટોળ આવ્યો જેમાં આગ હતી તો (બગીચો) સળગી ગયો[૫૨] આમ જ અલ્લાહ તમને પોતાની આયતો બયાન કરે છે કે કયાંક તમે ધ્યાન લગાવો[૫૩] (૨૬૬) અય ઈમાનવાળાઓ ! પોતાની પાક કમાઈઓમાંથી [૫૪]**

વિગેર વાક્યો બોલવા જાઈઝ છે, કારણ કે આ કાર્યો સાથે એમના સંબંધ ઉપલકિયા છે, હકીકતમાં આ કામો કરનાર અલ્લાહ જ છે, મુસલમાનના અકીદા મુજબ બીજી વસ્તુઓ સાધન માત્ર છે.

૩૭. તો એક દાણાના સાતસો દાણા થઈ ગયા, એવી જ રીતે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાથી સાતસો ગણો બદલો મળે છે.

૩૮ શાને નુઝૂલ :- આ આયત હઝરત ઉસ્માનગની અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહુ અન્હૂમા વિષે ઉતરી, ગઝવએ તબૂકના અવસરે હઝરત ઉસ્માન રદિયલ્લાહુ અન્હૂએ એક હઝાર ઊંટો સામાનથી લાદેલા આપ્યાં. અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહુ અનહુએ ચાર હજાર દિરહમ સદકાના હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દરબારમાં હાજર કર્યાં, અને કહ્યું કે કુલ મારા પાસે આઠ હજાર દિરહમ હતા જેમાથી અડધા મેં મારા અને બાલ બચ્ચાં માટે રહેવા દીધા છે, બાકીના અડધા અલ્લાહના માર્ગમાં હાજર છે. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે તમે આપ્યા અને જે તમે રાખ્યા અલ્લાહ તઆલા બન્નેમાં બરકત આપે.

૩૯. ઉપકાર કરીને તેને જાહેર કરવો કે મેં તારી સાથે આવું સદવર્તન કર્યું છે અને તેને નીચું જોવડાવવું અને કષ્ટ આપવાનો મતલબ એ છે કે તેને એવું કહી દુ:ખી કરવો કે તુ નાદાર હતો, મુફલિસ અને લાચાર હતો, મેં તારી દેખભાળ રાખી, તારી સહાય કરી અથવા બીજી રીતે દબાણ નીચે રાખે એ બધાની મનાઈ છે.

૪૦. અર્થાત જો સવાલ કરનારને કંઈ આપી શકાય એમ ન હોય તો નરમાશ અને સારી રીતે જવાબ આપવો, જેથી તેને ખોટુ ન લાગે. અને જો તે સવાલમાં આગ્રહ ચાલુ રાખે અથવા ન બોલવાનું બોલે તો તેને

દરગુજર કરવું.

૪૧. નીચું જોવાડીને અથવા કહી સંભળાવીને અથવા બીજી કંઈ તકલીફ પહોંચાડીને.

૪૨. એટલે કે જે રીતે મુનાફિકોનો હેતુ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવાનો નથી હોતો તે પોતાનો માલ લોકોને દેખાડવા ખર્ચ કરીને તેને બર્બાદ કરે છે, એવી રીતે તમે કહી સંભળાવીને અને કષ્ટ આપીને પોતાના સદકાને બર્બાદ ન કરો.

૪૩. આ મુનાફિકની રિયાકારીના કામનુ દ્રષ્ટાંત છે કે જે રીતે પથ્થર પર માટી દેખાય છે. પણ વરસાદથી તે ધોવાઈ જાય છે, નર્યો પથરો રહી જાય છે. આજ પરિસ્થિતિ મુનાફિકના અમલની છે, જોનારને એવું લાગે છે કે જાણે અમલ બરાબર છે, પણ કયામતના દિવસે એ તમામ આમાલ નિષ્ફળ જશે. કારણ કે અલ્લાહની ખુશી મેળવવા ન કરાયા હતા.

૪૪. અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવું દિલને મક્કમ કરે છે.

૪૫. આ નિખાલસ મોમિનના અમલની એક મિષાલ છે. જેવી રીતે ઊંચાઈ પર આવેલો શ્રેષ્ઠ ધરતીનો બગીચો દરેક હાલતમાં સારા ફળો લગાડે છે, ભલે પછી વરસાદ વધારે હોય કે ઓછો, એવી જ રીતે મુખલિસ મુઅમિનનો સદકો વધારે હોય કે થોડો અલ્લાહ તેને ખૂબ વધારે છે;

૪૬. અને તમારી નિય્યત તેમજ નિખાલસતાને જાણે છે;

૪૭. અટલે કે કોઈ પસંદ નહિ કરે. કારણ કે વાત કોઈ બુદ્ધિમાન માની લે એવી નથી;

૪૮. તે બાગમાં બીજા પણ ઉચ્ચ પ્રકારના મેવાના ઝાડો હોય, ખજૂર અને દ્રાક્ષનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે, એ વધારે સરસ મેવા છે.

૪૯. અર્થાત તે  બગીચો એક રોનકવાળું સ્થળ અને મનમોહક હોવા ઉપરાંત એક સરસ મિલ્કત પણ છે;

૫૦. જે સમય જરૂરતમંદીનો હોય છે, કારણ કે એ સમય મનુષ્ય કમાવવા અને કામ કરવા શક્તિમાન હોતો નથી;

૫૧. જે કમાવવા લાયક હજુ થયા નથી, અને તેઓને ઉછેર કરવાની આવશ્યક્તા છે મતલબ કે સમય એવો છે જેમાં માલની ખૂબ આવશ્યક્તા છે અને બધો દારોમદાર ફક્ત પેલા એક બગીચા પર જ છે, અને બગીચો પણ ખૂબ ઉત્તમ છે;

૫૨. તે બગીચો સળગી જાય તો તે સમયે પેલા માણસની ચિંતા, દુઃખ, પસ્તાવો અને નિરાશા કેટલી હદે પહોંચી જાય? આજ હાલત તે માણસની છે જેણે નેક કાર્યો તો કર્યાં પણ અલ્લાહની ખુશી મેળવવા માટે નહિ બલ્કે લોકોને દેખાડવા ખાતર, અને છતાં એને એવુ ગુમાન હોય કે મારી પાસે નેકીઓ જમા છે, પણ જ્યારે કે ખૂબ જરૂરતનો સમય એટલે કે કયામતનો દિવસ આવશે ત્યારે અલ્લાહપાક તેનાં આ કાર્યોને બિન સ્વિકૃત જાહેર કરશે, તે દિવસ તેને કેટલી ચિંતા અને કેટલો પસ્તાવો થશે?

હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હૂએ સહાબાએ કિરામ રદિયલ્લાહુ અન્હૂમને પૂછ્યું કે 'તમારા ખયાલ મુજબ આ આયત શેના વિષે ઉતરી? ત્યારે હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હૂએ જવાબ આપ્યો કે 'આ એક ધનવાન માણસનું દ્રષ્ટાંત છે, જે નેક કામ કરતોં હોય અને પછી શયતાનના ભટકાવવાથી ભટકી જઈને પોતાની તમામ નેકીઓને બરબાદ કરી નાખતો હોય.' (મદારિક, ખાઝિન)

૫૩. અને જાણો કે દુનિયા નાશવંત છે અને આકિબત આવનાર છે.

كَسَبْتُمْ وَمِمَّآ أَخْرَجْنَا لَكُم مِّنَ الْأَرْضِ
وَلَا تَيَمَّمُوا الْخَبِيثَ مِنْهُ تُنفِقُونَ وَلَسْتُم
بِآخِذِيهِ إِلَّآ أَن تُغْمِضُوا فِيهِ ۚ وَاعْلَمُوٓا أَنَّ
اللَّهَ غَنِيٌّ حَمِيدٌ ﴿٢٦٧﴾ الشَّيْطَانُ يَعِدُكُمُ
الْفَقْرَ وَيَأْمُرُكُم بِالْفَحْشَآءِ ۖ وَاللَّهُ يَعِدُكُم
مَّغْفِرَةً مِّنْهُ وَفَضْلًا ۗ وَاللَّهُ وَاسِعٌ عَلِيمٌ ﴿٢٦٨﴾
يُؤْتِي الْحِكْمَةَ مَن يَشَآءُ ۚ وَمَن يُؤْتَ
الْحِكْمَةَ فَقَدْ أُوتِيَ خَيْرًا كَثِيرًا ۗ وَمَا يَذَّكَّرُ
إِلَّآ أُولُوا الْأَلْبَابِ ﴿٢٦٩﴾ وَمَآ أَنفَقْتُم مِّن نَّفَقَةٍ
أَوْ نَذَرْتُم مِّن نَّذْرٍ فَإِنَّ اللَّهَ يَعْلَمُهُ ۗ وَمَا
لِلظَّالِمِينَ مِنْ أَنصَارٍ ﴿٢٧٠﴾ إِن تُبْدُوا الصَّدَقَاتِ

**અને તેમાંથી જે અમે તમારી માટે જમીનમાંથી કાઢયુ[૫૫] કંઈક આપો, અને તેમાંથી ખાસ રદ્દી (વસ્તુ આપવા) નો ઈરાદો ન કરો[૫૬] કે આપો તો તેમાંથી. અને (એ વસ્તુ જો) તમને મળે તો ન લો જ્યાં સુધી કે આંખ મીચામણાં ન કરો અને જાણી રાખો કે અલ્લાહ નચિંત, વખાણ કરાએલો છે (૨૬૭) શયતાન તમને ચિંતા કરાવે છે મોહતાજીની[૫૭] અને બેહયાઈનો હુકમ આપે છે[૫૮] અને અલ્લાહ તમને વાયદો ફરમાવે છે બખ્શિશ અને ફઝલનો[૫૯] અને અલ્લાહ ઉદારતાવાળો ઈલ્મવાળો છે (૨૬૮) અલ્લાહ જેને ઈચ્છે (તેને) હિકમત આપે છે[૬૦] અને જેને હિકમત મળી તેને ઘણી ભલાઈ પ્રાપ્ત થઈ, અને બુદ્ધિમાનો સિવાય (બીજા) નસીહત નથી માનતા (૨૬૯) અને તમે જે ખર્ચ કરો[૬૧] અથવા મન્નત માનો[૬૨] અલ્લાહને તેની ખબર છે[૬૩] અને જાલિમોનો કોઈ મદદગાર નથી (૨૭૦) જો ખૈરાત જાહેર રીતે આપો તો એ ઘણી જ સારી વાત**

૫૪. આનાથી કમાવવા માટે ધંધો કરવાની છૂટ અને વેપારના માલમાં ઝકાત સાબિત થાય છે. (ખાઝિન, મદારિક) એ પણ બની શકે છે કે આ નિફલ અને ફર્ઝ બન્ને પ્રકારના સદકાઓ માટે હોય. (તફસીરે અહમદી)

૫૫. પછી તે અનાજ હોય કે ખાણો હોય;

૫૬. **શાને નુઝૂલ** :- અમુક લોકો સદકામાં ખરાબ વસ્તુઓ આપતા હતા, તેમના માટે આ આયત ઉતરી;

**મસઅલો** :- સદકો ઉઘરાવનારે મધ્યમ કક્ષાનો માલ લેવો જોઈએ, તદ્દન ખરાબ પણ ન લે અને સહુથી ઉત્તમ પણ ન લઈ લે;

૫૭. કે જો ખર્ચ કરશો, સદકો આપશો તો નાદાર બની જશો.

૫૮. એટલે કે કંજૂસી કરવાનો અને ઝકાત, સદકા ન આપવાનો, આ આયતમાં ખૂબીની વાત એ કહેવામાં આવી છે કે કંજૂસી સારી છે એવુ મનુષ્યના ભેજામાં ઠસાવવામાં શયતાન નિષ્ફળ જાય છે, ત્યારે તેને એવો ડર બતાવે છે કે ખૈરાત કરીશ તો નાદાર બની જઈશ; આજના સમયમાં જે લોકો ખૈરાત કરતાં ખચકાય છે તેમના દિલોમાં પણ આવો જ ડર બેઠેલો હોય છે;

૫૯. સદકો આપવા અને ખર્ચ કરવાના બદલા રૂપે;

૬૦. હિકમતનો મતલબ અહીં કુરઆન, હદીષ, ફિકહ લેવાયો છે યા પછી તકવો અથવા નુબુવ્વત; (મદારિક ખાઝિન)

فَنِعِمَّا هِيَ ۚ وَإِنْ تُخْفُوهَا وَتُؤْتُوهَا الْفُقَرَاءَ
فَهُوَ خَيْرٌ لَّكُمْ ۚ وَيُكَفِّرُ عَنكُم مِّن سَيِّئَاتِكُمْ ۗ
وَاللَّهُ بِمَا تَعْمَلُونَ خَبِيرٌ ﴿٢٧١﴾ لَّيْسَ عَلَيْكَ هُدَاهُمْ
وَلَٰكِنَّ اللَّهَ يَهْدِي مَن يَشَاءُ ۗ وَمَا تُنفِقُوا مِنْ
خَيْرٍ فَلِأَنفُسِكُمْ ۚ وَمَا تُنفِقُونَ إِلَّا ابْتِغَاءَ وَجْهِ
اللَّهِ ۚ وَمَا تُنفِقُوا مِنْ خَيْرٍ يُوَفَّ إِلَيْكُمْ وَأَنتُمْ
لَا تُظْلَمُونَ ﴿٢٧٢﴾ لِلْفُقَرَاءِ الَّذِينَ أُحْصِرُوا
فِي سَبِيلِ اللَّهِ لَا يَسْتَطِيعُونَ ضَرْبًا فِي
الْأَرْضِ يَحْسَبُهُمُ الْجَاهِلُ أَغْنِيَاءَ مِنَ التَّعَفُّفِ
تَعْرِفُهُم بِسِيمَاهُمْ لَا يَسْأَلُونَ النَّاسَ إِلْحَافًا ۗ
وَمَا تُنفِقُوا مِنْ خَيْرٍ فَإِنَّ اللَّهَ بِهِ عَلِيمٌ ﴿٢٧٣﴾

**છે, અને જો છુપી રીતે ફકીરોને આપો તો એ તમારા માટે સર્વોત્તમ છે[૬૪] અને આમાં તમારા અમુક ગુનાહો ઘટશે. અને અલ્લાહને તમારાં કામોની ખબર છે (૨૭૧) તેઓને માર્ગ આપવો તમારી માટે જરૂરી નથી[૬૫] હા ! અલ્લાહ જેને ઈચ્છે તેને માર્ગ આપે છે, અને જો તમે ઉત્તમ વસ્તુ આપો તો તમારું જ ભલું છે[૬૬] અને તમારા માટે ખર્ચ કરવું યોગ્ય નથી પણ અલ્લાહની મરજી મેળવવા માટે જ (ખર્ચ કરે તો યોગ્ય છે), અને જે માલ આપો તમને પુરો મળશે અને (તમને) નુકશાન કરવામાં નહિ આવે (૨૭૨) તે ફકીરો માટે જે અલ્લાહના માર્ગમાં રોકી રાખવામાં આવ્યા[૬૭] જમીનમાં ચાલી શકતા નથી,[૬૮] નાદાન તેઓને તવંગર સમજ્યા (તેમના માંગવાથી) બચવાના કારણે,[૬૯] તું તેઓને તેમની શિકલ પરથી ઓળખી લઈશ[૭૦] લોકો પાસે સવાલ નથી કરતા કે કરગરવું પડે, અને તમે જે ખૈરાત કરો અલ્લાહ તેને જાણે છે (૨૭૩)**

૬૧. નેકીના માર્ગે યા બુરાઈના માર્ગે;

૬૨. સારા કામની અથવા ગુનાહની; 'નઝર' પરિભાષામાં 'ભેટ' અને 'નઝરાણાં' ને કહે છે, અને શરીઅતની દ્રષ્ટિએ 'નઝર' એ ઈબાદત અને ખુદાની નઝદીકી પ્રાપ્ત કરવા ઈરાદા પૂર્વક કરાએલું કાર્ય છે, માટે જ કોઈએ ગુનાહના કામની 'નઝર' માની તો તે ખરી ઠરશે નહીં. 'નઝર' ખાસ અલ્લાહ માટે જ હોઈ શકે અને જાઈઝ છે કે 'નઝર' તો ખાસ અલ્લાહ માટે જ કરે અને કોઈ વલીની દરગાહ પર રહેતા ફકીરો-ગરીબોને તે 'નઝર' ખર્ચ કરવા-વાપરવા માટેનું સ્થાન બનાવે, દા. ત. કોઈએ 'નઝર' માની કે યા અલ્લાહ તુ મારી ફલાણી મુરાદ પુરી કરી દે અથવા ફલાણા બીમારને સારો કરી દે તો હું ફલાણા વલીયુલ્લાહના દરબારના ગરીબો ફકીરોને ખાવા ખવડાવવાની અથવા ત્યાંના ખાદિમોને આટલા રૂપિયા આપવાની અથવા ત્યાંની મસ્જિદ માટે તેલ યા ચટાઈ હાજર કરવાની નઝર માનું છું, તો આવી 'નઝર' જાઈઝ છે. (રદદુલ મુહતાર)

ખુલાસો :- 'નઝર' નો અર્થ મન્નત છે.

૬૩. તે તમને એનો બદલો આપશે.

૬૪. સદકો ફર્ઝ હોય કે નિફલ જ્યારે નિખાલસતાથી માત્ર અલ્લાહ વાસ્તે જ આપવામાં આવે. અને દેખાવ કરવાનો ઈરાદો ન હોય. તો જાહેર રીતે આપો કે છુપી રીતે બન્ને તરીકા ઉત્તમ છે;

**મસઅલો** :- પણ ફર્ઝ સદકાને જાહેર રીતે અને નિફલને છુપી રીતે આપવું વધારે બહેતર છે;

**મસઅલો** :- જો નિફલ સદકો આપનાર એટલા માટે જાહેર કરીને આપે કે એનાથી બીજાને આપવાનો

الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ بِالَّيْلِ وَالنَّهَارِ سِرًّا
وَّعَلَانِيَةً فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٢٧٤﴾ اَلَّذِيْنَ يَاْكُلُوْنَ
الرِّبٰوا لَا يَقُوْمُوْنَ اِلَّا كَمَا يَقُوْمُ الَّذِيْ يَتَخَبَّطُهُ
الشَّيْطٰنُ مِنَ الْمَسِّ ۭ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْٓا اِنَّمَا
الْبَيْعُ مِثْلُ الرِّبٰوا ۘ وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ
الرِّبٰوا ۭ فَمَنْ جَاۗءَهٗ مَوْعِظَةٌ مِّنْ رَّبِّهٖ فَانْتَهٰى
فَلَهٗ مَا سَلَفَ ۭ وَاَمْرُهٗٓ اِلَى اللّٰهِ ۭ وَمَنْ عَادَ
فَاُولٰۗىِٕكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٧٥﴾
يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِي الصَّدَقٰتِ ۭ وَاللّٰهُ
لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيْمٍ ﴿٢٧٦﴾ اِنَّ الَّذِيْنَ

**તેઓ જે પોતાનો માલ ખૈરાત કરે છે રાત્રે અને દિવસે, છુપી રીતે અને જાહેરમાં.[૭૧] તેઓ માટે પોતાનો બદલો છે પોતાના રબ પાસે તેઓને ન કોઈ ચિંતા ન કોઈ ફિકર (૨૭૪) તેઓ જે વ્યાજ ખાય છે[૭૨] કયામતના દિવસે ઉભા નહિ રહે પણ તેના જેમ ઉભા રહેશે જેને ભૂતપ્રેતે પકડીને ગાંડો બનાવી દીધો હોય[૭૩] આ એટલા માટે કે તેઓએ કહયું વેપાર પણ તો વ્યાજની જેમ જ છે અને અલ્લાહે હલાલ કર્યો વેપાર અને હરામ કર્યું વ્યાજ, તો જેને પોતાના રબ પાસેથી નસીહત મળી અને તે રોકાયો તો તેને હલાલ છે જે પહેલાં લઈ ચૂકયો[૭૪] અને તેનું કામ અલ્લાહના હવાલે છે[૭૫] અને જે હવે આવું કામ કરશે તે દોઝખી છે, તેઓ એમાં કેટલીએ મુદ્દત રહેશે[૭૬] અલ્લાહ વ્યાજને નાશ કરે છે[૭૭] અને ખેરાતને વૃદ્ધી આપે છે[૭૮] અને અલ્લાહને પસંદ નથી પડતો કોઈ આભાર ન માનનાર મોટો ગુનેહગાર (૨૭૬) બેશક! તેઓ જે ઈમાન**

શોખ થાય તો એ પણ અફઝલ છે; (મદારિક)

૬૫. આપને ખુશખબર આપનાર તેમજ ડરાવનાર અને અલ્લાહના માર્ગ તરફ બોલવનાર બનાવીને મોકલવામાં આવ્યા છે. એમને ઈસ્લામનુ આમંત્રણ આપવાથી આપનો ફર્ઝ પુરો થઈ જાય છે, એનાથી વધારે પ્રયત્ન આપના માટે જરૂરી નથી.

**શાને નુઝૂલ** :- ઈસ્લામ પહેલાં યહૂદીઓ સાથે મુસલમાનોના સગાઈ સંબંધો હતા. જેથી તેઓ યહૂદીઓ સાથે સદવર્તન કરતાં રહ્યા હતા. ઈસ્લામ પછી મુસલમાનોને યહૂદીઓ સાથે આપવા લેવાનો સંબંધ અયોગ્ય લાગ્યો અને તેઓને જે કંઈ આપતા હતા તે એટલા ખાતર બંધ કર્યું કે એનાથી યહૂદીઓ ઈસ્લામ તરફ આકર્ષાય ત્યારે આ આયત ઉતરી.

૬૬. માટે બીજાને તમારો ઉપકાર કહી ન સંભળાવો;

૬૭. એટલે કે 'વમા યુનફેકો મિન ખયરીન' વાળી આયતમાં જે સદકા-ખૈરાતનું બયાન છે. તેના બેહતરીન હકદાર તે ગરીબો છે જેઓએ પોતાની જાતને જેહાદ અને અલ્લાહની તાબેદારી માટે રોકી રાખી છે.

**શાને નુઝૂલ** :- આ આયત 'એહલે સુફ્ફા' માટે ઉતરી. એ લોકો લગભગ ૪૦૦ની સંખ્યામાં હતા, એ લોકો હિજરત કરીને મદીના શરીફ પધાર્યા હતા, અહીં એ લોકોના ન તો ઘરબાર હતાં, ન કુટુંબ કબીલા અને ન તો એ લોકોએ શાદી કરી હતી, આ લોકોનો બધો સમય ઈબાદતમાં પસાર થતો હતો, રાત્રે કુરઆન મજીદ શીખવું. અને દિવસમાં જેહાદના કાર્યમાં પરોવાએલા રહેવું, આયતમાં એમના અમુક ગુણોનું બયાન આવે છે;

૬૮. કારણ કે તેઓને દીની કોર્યોમાંથી એટલી ફુરસદ નથી મળતી કે હરીફરીને રોજી રળી શકે,

૬૯. એટલે કે તેઓ કોઈની પાસે સવાલ કરતાં નથી એટલે અજાણ્યા લોકો તેને માલદાર સમજી બેસે છે.

૭૦. કે સ્વભાવમાં નર્મી અને મોઢા પર અશક્તિ દેખાઈ આવે છે, ભૂખના કારણે રંગ પીળો પડી ગયો છે.

૭૧. એટલે કે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાનો ઘણો જ શોખ ધરાવે છે, અને દરેક હાલતમાં ખર્ચ કરતાં રહે છે.

**શાને નુઝૂલ** :- આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂ વિશે ઉતરી, જ્યારે કે આપે અલ્લાહના માર્ગમાં ચાલીસ હજાર દીનાર ખર્ચી કાઢ્યા હતા, દસ હજાર રાત્રે, દસ હજાર દિવસે, દસ હજાર છુપી રીતે અને દસ હજાર જાહેરમાં.

એક મંતવ્ય એવું છે કે આ આયત હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂ વિશે ઉતરી, જ્યારે કે આપની પાસે માત્ર ચાર દિરહમ હતા, બીજુ કશું ન હતું, અને આપે એ ચારે ખૈરાત કરી દીધા, એક રાત્રે એક દિવસે એક છુપી રીતે અને એક જાહેરમાં.

ફાયદો :- આયતમાં રાત્રીની ખૈરાતને દિવસની ખૈરાત કરતાં અને છુપી રીતે આપવાને જાહેર રીતે આપવા કરતાં પહેલાં બયાન કર્યું છે. એનાથી ફલિત થાય છે કે છુપી રીતે આપવું જાહેરમાં આપવા કરતાં બેહતર છે.

૭૨. આ આયતમાં વ્યાજ હરામ હોવાનુ અને વ્યાજખાઉંની કમ્બખ્તીનુ બયાન છે. વ્યાજને હરામ કરવામાં ઘણાં રહસ્યો છે, એનું ટૂંકું બયાન આ મુજબ છે કે વ્યાજમાં જે (મુદ્દલ રકમ ઉપરાંત) વધારાની અમુક રકમ લેવાય છે તે, કોઈ પણ વસ્તુના બદલો (હક) ન હોવાથી એ ચોખ્ખો અન્યાય છે. બીજુ એ કે વ્યાજનું રિવાજ વેપાર ધંધા માટે નુકશાનકારક છે. કારણ કે વ્યાજખાઉ જાણે છે બીજા વેપારની મુસીબત અને મેહનતમાં પડવા કરતાં આ ઘણું સરળ છે; અને આ રીતે એ બીજી વસ્તુઓનો વેપાર કરતાં ખચકાય છે. જે સમાજ માટે મોટી મુસીબત ઉભી કરે છે, ત્રીજુ વ્યાજનો રિવાજ અંદરોઅંદરની મહોબ્બતને હાનિ પહોંચાડે છે, કારણ કે જ્યારે માણસને વ્યાજ લેવાની ટેવ પડી જાય છે ત્યારે તે વ્યાજ વગરનું કરજ આપતો નથી, ચોથુ વ્યાજ ખાવાથી માણસના સ્વભાવમાં માનવભક્ષી પ્રાણીઓ કરતાં પણ વધારે નિર્દયતા વસી જાય છે, કારણ કે વ્યાજખાઉ પોતાના કરજદારની બરબાદી ઈચ્છતો હોય છે. આના સિવાય પણ વ્યાજમાં બીજા મોટા નુકસાનો છે, શરીઅતની મનાઈ ખાસ ઈચ્છનિય અને વ્યાજબી છે, મુસ્લિમ શરીફની હદીષમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે વ્યાજખાઉં, તેના મદદગારો અને વ્યાજનું લખાણ લખનાર તેમજ તેના સાક્ષીઓ પર લઅનત કરી છે અને ફરમાવ્યું કે આ બધા જ ગુનાહમાં સરખા જ છે.

૭૩. અર્થ એ છે કે જે રીતે ભૂતપ્રેતની અસરવાળો સીધો ઉભો રહી શકતો નથી અને પડતો ગબડતો ચાલે છે. કયામતના દિવસે વ્યાજખાઉંની હાલત એવી જ થશે કે વ્યાજના કારણે તેનું પેટ ઘણું ભારે અને મોટું થઈ જશે, તે એના વજનથી થોડી થોડીવારે ગબડી પડશે. હઝરત જુબેર રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું, આ નિશાની તે વ્યાજખાઉની છે જે વ્યાજને હલાલ સમજતો હશે.

૭૪. અર્થાત હરામ થતા પહેલાં જે લીધું તેના પર પકડ નથી.

૭૫. જેવો ઈચ્છો તેવો હુકમ કરે, જેને હરામ ઠેરવી, બન્દા માટે તેની તાબેદારી માત્ર જરૂરી છે;

૭૬. **મસઅલો** :- જે વ્યાજને હલાલ જાણે તે કાફિર છે, હમેશાં દોઝખમાં રહેશે કારણ કે હરામે કતઈને હલાલ સમજનાર કાફિર થઈ જાય છે.

૭૭. અને તેમાં બરકત આપતો નથી, હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે અલ્લાહ

تلك الرسل ٣ — البقرة ٢

اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا
الزَّكٰوةَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٢٧٧﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا
اتَّقُوا اللّٰهَ وَذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰوٓا اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ﴿٢٧٨﴾ فَاِنْ لَّمْ تَفْعَلُوْا فَاْذَنُوْا بِحَرْبٍ
مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ ۚ وَاِنْ تُبْتُمْ فَلَكُمْ رُءُوْسُ
اَمْوَالِكُمْ ۚ لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ ﴿٢٧٩﴾ وَاِنْ
كَانَ ذُوْ عُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ ۗ وَاَنْ
تَصَدَّقُوْا خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿٢٨٠﴾ وَاتَّقُوْا
يَوْمًا تُرْجَعُوْنَ فِيْهِ اِلَى اللّٰهِ ۗ ثُمَّ تُوَفّٰى كُلُّ
نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٢٨١﴾

**લાવ્યા અને સદકર્મો કર્યાં અને નમાઝ કાયમ કરી અને ઝકાત આપી તેઓનો બદલો એમના પરવરદિગાર પાસે છે, અને ન તેઓને કંઈ ચિંતા હશે ન ફિકર (૨૭૭) અય ઈમાનવાળાઓ ! જો મુસલમાન હોઉ તો અલ્લાહથી ડરો અને બાકી પડતું વ્યાજ છોડી આપો[૭૯] (૨૭૮) પછી જો આવું ન કરો તો અલ્લાહ અને અલ્લાહના રસૂલ સાથે લડાઈનું યકીન કરી લો[૮૦] અને જો તમે તવબહ કરો તો પોતાની મૂડી લઈ લો, ન તમે કોઈને નુકસાન પહોંચાડો[૮૧] ન તમને નુકશાન થાય[૮૨] (૨૭૯) અને જો કરજદાર તંગીવાળો હોય તો તેને મહેલત (ઢીલ) આપો સરળતા સુધીની, અને જો જાણો તો કરજ તેના પર તદ્દન છોડી મૂકવું તમારા માટે એથી વધુ સારૂં છે[૮૩] (૨૮૦) અને તે દિવસથી ડરો જેમાં અલ્લાહ તરફ (પાછા) ફરશો, અને દરેક જીવને તેની કમાણી પુરી ભરપાઈ કરવામાં આવશે અને તેમના પર જુલ્મ નહિ થાય[૮૪] (૨૮૧)**

તઆલા ન એનાથી સદકો કબૂલ કરે છે ન હજ, ન જેહાદનો સવાબ મળે છે ન સગાસંબંધીઓ સાથે વર્તણુંક કરવાનો;

૭૮. એમાં વધારો કરે છે અને બરકત આપે છે, દુનિયા અને આખિરતમાં એનો સવાબ વધારે છે;

૭૯. આ આયત તે લોકો માટે ઉતરી જે હરામ થતાં પહેલાં વ્યાજનું લેણ-દેણ કરતાં હતા, અને તેઓની વ્યાજની મોટી મોટી રકમો બીજાઓ પાસે બાકી હતી, આ આયતમાં હુકમ કરવામાં આવ્યો છે હરામનો હુકમ નાઝિલ થયા પછી પહેલાનું લેણું પણ છોડી દો અને પહેલાં નક્કી કરેલું વ્યાજ પણ લેવું જાઈઝ નથી;

૮૦. આ વ્યાજની બુરાઈ છોડાવવા ખાતર સજાની ખબર અને ધમકી રૂપે કહેવાયું છે, નહીં તો કોની હિમ્મત છે કે અલ્લાહ અને રસૂલ સાથે લડાઈની કલ્પના પણ કરી શકે, જેમ કે લોકોએ પોતાનાં વ્યાજનાં લેણાં છોડી દીધાં, અને કહ્યું કે અલ્લાહ-રસૂલ સાથે લડાઈની અમારી હિમ્મત નથી, અમે તવબહ કરીએ છીએ.

૮૧. વધારે લઈને.

૮૨. મૂડી કરતાં ઓછું લઈને;

૮૩. કરજદાર જે તંગદસ્ત હોય તો તેને મહેલત આપવી અથવા થોડું કે બધું કરજ માફ કરી દેવું એ મહાન નેકીનું કામ છે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે ફરમાવ્યું, જેણે કરજદાર ગરીબને મહેતલ આપી અથવા તેનું કરજ માફ કરી દીધું, અલ્લાહ પાક તેને પોતાની રહમતના છાંયડામાં રાખશે તે દિવસે જ્યારે

تلك الرسل ٣ البقرة ٢

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا تَدَايَنْتُمْ بِدَيْنٍ اِلٰۤى
اَجَلٍ مُّسَمًّى فَاكْتُبُوْهُ ؕ وَلْيَكْتُبْ بَّيْنَكُمْ كَاتِبٌ
بِالْعَدْلِ ۪ وَلَا يَاْبَ كَاتِبٌ اَنْ يَّكْتُبَ كَمَا عَلَّمَهُ
اللّٰهُ فَلْيَكْتُبْ ۚ وَلْيُمْلِلِ الَّذِىْ عَلَيْهِ الْحَقُّ وَلْيَتَّقِ
اللّٰهَ رَبَّهٗ وَلَا يَبْخَسْ مِنْهُ شَيْـًٔا ؕ فَاِنْ كَانَ الَّذِىْ
عَلَيْهِ الْحَقُّ سَفِيْهًا اَوْ ضَعِيْفًا اَوْ لَا يَسْتَطِيْعُ اَنْ
يُّمِلَّ هُوَ فَلْيُمْلِلْ وَلِيُّهٗ بِالْعَدْلِ ؕ وَاسْتَشْهِدُوْا
شَهِيْدَيْنِ مِنْ رِّجَالِكُمْ ۚ فَاِنْ لَّمْ يَكُوْنَا رَجُلَيْنِ
فَرَجُلٌ وَّامْرَاَتٰنِ مِمَّنْ تَرْضَوْنَ مِنَ الشُّهَدَآءِ
اَنْ تَضِلَّ اِحْدٰىهُمَا فَتُذَكِّرَ اِحْدٰىهُمَا الْاُخْرٰى ؕ وَ
لَا يَاْبَ الشُّهَدَآءُ اِذَا مَا دُعُوْا ؕ وَلَا تَسْـَٔمُوْۤا اَنْ تَكْتُبُوْهُ

**અય ઈમાનવાળાઓ ! જ્યારે તમે એક નક્કી સમય સુધી (ના) કોઈ કરજની લેણ દેણ કરો[૮૫] તો તેને લખી લો[૮૬] અને તમારામાં લખનારે ઠીક ઠીક લખવું જોઈએ[૮૭] અને લખાણ કરનાર લખવાનો ઈનકાર ન કરે જેવું કે તેને અલ્લાહે શીખવાડયું છે[૮૮] તો તેણે લખી દેવું જોઈએ, અને જેના પર હક નીકળે છે તે લખાવતો ચાલે, અને અલ્લાહથી ડરે જે તેનો પાલનહાર છે અને હકમાંથી કશું રાખી ન મૂકે, પછી જેના પર હક નીકળે છે (તે) ગાંડો અથવા અશક્ત હોય અથવા લખાવી ન શકે[૮૯] તો તેના વાલી ઈન્સાફથી લખાવે. અને બે ગવાહ કરી લો પોતાનાં પુરુષોમાંથી[૯૦] પછી જો બે પુરુષો ન હોય[૯૧] તો એક પુરુષ અને બે સ્ત્રીઓ, એવા ગવાહ જેમને (તમે) પસંદ કરો[૯૨] કે ક્યાંક તેમનામાં એક સ્ત્રી ભૂલે તો તે એકને બીજી યાદ અપાવી દે, અને ગવાહોને જ્યારે બોલાવવામાં આવે ત્યારે આવવાનો ઈનકાર ન કરે[૯૩] અને કરજ નાનું હોય**

તેના છાંયડા સિવાય બીજો કોઈ છાંયડો નહીં હોય;

૮૪. એટલે કે ન તો તેઓની નેકી ઓછી કરવામાં આવશે, ન તેઓના ગુનાહો વધારી દેવામાં આવશે, હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર ઉતરેલી અંતિમ આયત છે, આના પછી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ૨૧ દિવસ દુનિયામાં (જાહેર રીતે) રહ્યા અને એક મંતવ્ય અનુસાર નવ (૯) રાત્રીઓ અને એક મંતવ્ય મુજબ સાત રાત્રીઓ; પણ શુઅબીએ હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત કરી છે કે બધાથી અંતિમ આયતે રિબા (વ્યાજની આયત) ઉતરી.

૮૫. ભલે પછી તે લેણ-દેણ, ખરીદ વેચાણનું હોય કે રોકડ રકમનું, હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે આનો મતલબ 'બયએ સલમ' છે. બયએ સલમ તેને કહે છે અગાઉથી કિંમત લઈને કોઈ વસ્તુનો સોદો કરવામાં આવે, અને વેચનાર વેચેલી વસ્તુનો કબ્જો ખરીદનારને સોંપવા એક ચોક્કસ સમય મર્યાદા નક્કી કરે, આવો વેપાર જાઈઝ હોવા માટે જે વસ્તુનો સોદો થયો હોય તે વસ્તુ, તેના પ્રકાર, તેના ગુણ, તેની માત્રા, મુદ્દત કબ્જો સોંપવાનો સ્થળ, મૂડી વિગેરે તમામ બાબતો ચોકકસ રીતે નક્કી થએલી હોવી જોઈએ.

૮૬. આવું લખાણ કરવું મુસ્તહબ છે. એમાંથી ફાયદો એ છે કે ભૂલચૂક અને કરજદારના ઈન્કારનો ભય રહેશે નહીં.

૮૭. પોતાના તરફથી વધારો ઘટાડો ન કરે, અને બન્ને પક્ષોમાંથી કોઈની પણ તરફદારી ન કરે.

صغيرا او كبيرا الى اجله ذلكم اقسط عند الله
واقوم للشهادة وادنى الا ترتابوا الا ان
تكون تجارة حاضرة تديرونها بينكم فليس
عليكم جناح الا تكتبوها واشهدوا اذا تبايعتم
ولا يضار كاتب ولا شهيد وان تفعلوا فانه
فسوق بكم واتقوا الله ويعلمكم الله والله بكل
شيء عليم ﴿٢٨٢﴾ وان كنتم على سفر ولم تجدوا
كاتبا فرهان مقبوضة فان امن بعضكم بعضا
فليؤد الذي اؤتمن امانته وليتق الله ربه
ولا تكتموا الشهادة ومن يكتمها فانه
اثم قلبه والله بما تعملون عليم ﴿٢٨٣﴾

**કે મોટું એની મુદ્દત સુધીનું લખાણ કરી લેવાને ભાર રૂપ ન જાણો, આ અલ્લાહ પાસે વધુ ન્યાયની વાત છે, આમાં ગવાહી સારી રહેશે. અને આ (લખાણ) એનાથી નજીક છે કે તમને શંકા ન થાય. પણ જો કોઈ હાથોહાથનો રોકડીયો સોદો હોય તો તેને ન લખવાનો તમારા પર ગુનોહ નથી[૯૪] અને જ્યારે ખરીદ-વેચાણ કરો ત્યારે સાક્ષી બનાવી લો[૯૫] અને લખી આપનારને અને સાક્ષીને કષ્ટ આપવામાં ન આવે (અથવા) લખી આપનાર અને સાક્ષી કષ્ટ ન આપે)[૯૬] અને જો તમે આવું કરો તો તમારું ઉલ્લંઘન કહેવાશે, અને અલ્લાહથી ડરો, અને અલ્લાહ તમને (લેણદેણના નિયમો) શિખવાડે છે, અને અલ્લાહ સર્વ કંઈ જાણે છે (૨૮૨) અને જો તમે સફરમાં હોય[૯૭] અને (તમે) લખી આપનાર ન મેળવી શકો[૯૮] તો (કોઈ વસ્તુ) ગીરો મૂકો કબ્જો સોંપીને[૯૯] અને જો તમને એકબીજા પર ભરોસો હોય તો એ જે બીજાને અમીન સમજ્યો હતો[૧૦૦] (તે) પોતાની અમાનત આપી દે[૧૦૧] અને અલ્લાહથી ડરે તેનો પાલનહાર છે ; અને ગવાહી ન છૂપાવો[૧૦૨] અને જે ગવાહી છૂપાવશે તો અંદરથી એનું દિલ ગુનેહગાર છે[૧૦૩] અને અલ્લાહ તમારાં કામોને જાણે છે (૨૮૩)**

૮૮. મતલબ એ છે કે કોઈ પણ લખાણ કરનાર લખવાનો ઈન્કાર ન કરે, જેમકે અલ્લાહ તઆલાએ તેને દસ્તાવેજો લખવાનું ઈલ્મ આપયું છે, સુધારો વધારો કર્યા વગર ઈમાનદારીથી લખે, એક મંતવ્ય મુજબ આવું લખાણ કરી આપવું ફર્ઝ કિફાયહ છે, અને એક મંતવ્ય પ્રમાણે ફર્ઝ ઐન છે, જ્યારે કે લખાણ લખનાર (સ્ટેમ્પ વેન્ડર) નવરો હોય, જ્યારે કે તેના સિવાય બીજો કોઈ લખનાર ન મળતો હોય, અને બીજા મંતવ્ય મુજબ આવું લખાણ કરી આપવું મુસ્તહબ છે, કારણ કે એમાં એક મુસલમાનની જરૂરત પુરી કરી આપવાનો સવાબ અને ઈલ્મ મળ્યા બદલનો શુક્ર અદા કરવાનું જાહેર થાય છે, અને મંતવ્ય એવું છે કે આવું લખાણ લખવું ફર્ઝ હતું, પછી ''લા યુદાર કાતિબુન'' વાળી આયત ઉતર્યા પછી મન્સૂખ થઈ ગયું.

૮૯. એટલે કે કરઝદાર ગાંડો કે અર્ધ ગાંડો અથવા બાળક યા ખૂબ વયોવૃદ્ધ હોય, અથવા ગુંગો હોવાથી કે ભાષા ન જાણવાના કારણે પોતાને જે કહેવાનું છે તે કહી શકતો ન હોય,

૯૦. સાક્ષી માટે આઝાદ હોવું અને મુસલમાન તેમજ પુખ્તવયનું હોવું જરૂરી છે, કાફિરોની ગવાહી ફકત કાફિરો માટે જ સ્વીકાર્ય છે,

૯૧. માત્ર સ્ત્રીઓની ગવાહી ચાલશે નહીં, ભલે પછી તેણીઓની સંખ્યા ચારની હોય, પણ જે બાબતોની ખબર પુરુષોને થઈ શકતી નથી જેમ કે બાળકને જન્મ આપવું, કુંવારી હોવું, અને સ્ત્રીઓની ખાસ ઐબો, બીમારીઓ વિગેરે, આવી બાબતમાં ફક્ત એક સ્ત્રીની ગવાહી પણ સ્વીકાર્ય ગણાશે,

**મસઅલો** :- જે બાબતોમાં ગુનેહગારને શરીઅતે નક્કી કરેલી સજાઓ લાગુ પડતી હોય તેમાં અને ખૂન કેસમાં સ્ત્રીઓની ગવાહી કબૂલ થશે નહીં, ફક્ત પુરૂષોની ગવાહી જ જોઈએ, એ સિવાયની બાબતોમાં એક

પુરૂષ સાથે બે સ્ત્રીઓની ગવાહી પણ કબુલ કરાશે, (મદારિક અહમદી)

૯૨. જેમનું ન્યાયી હોવું તમે જાણતા હોય, અને નેક હોવા પર તમને વિશ્વાસ હોય,

૯૩. **મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે સાક્ષી આપવી ફર્ઝ છે, જ્યારે કે દાવો કરનાર સાક્ષીઓને બોલાવે ત્યારે તેમના માટે ગવાહી છુપાવવી જાઈઝ નથી, આ હુકમ સજા લાગુ પડતી હોય તેના સિવાયના કેસો માટે છે, અને સજા લાગુ પડે એવા કેસોમાં સાક્ષીને જાહેર કરવાનો કે છુપાવવાનો અધિકાર છે, બલ્કે છુપાવવું અફઝલ છે.

હદીષ શરીફમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે ફરમાવ્યું, જે મુસલમાનની પરદાપોશી કરશે અલ્લાહ તઆલા દુનિયા અને આખિરતમાં એની પરદાપોશી કરશે.

પરંતુ કોઈને ચોરી કરીને કંઈ લેતાં જોયો હોય તો એની સાક્ષી આપવી વાજિબ છે, જેથી જેનો માલ ચોરાયો હોય તેના હક મરાય નહીં. હા! ગવાહ એટલી સાવચેતી વાપરી શકે છે, કે સાક્ષી આપતી વખતે ચોરીનો શબ્દ ન બોલે એવું કહે કે આ માલ ફલાણા માણસે લીધો હતો.

૯૪. કારણ કે આમાં લેણ-દેણ થયા પછી મામલો સમાપ્ત થઈ ગયો એને કોઈ જાતની ચિંતા કે ભય રહ્યો નહીં, અને બીજું એ કે આ પ્રકારનું ખરીદ-વેચાણ વધુ પ્રમાણમાં થાય છે, અને આમાં લખાણ અને ગવાહીની પાબંદી જાળવવી મુશ્કેલ બને છે,

૯૫. આ મુસ્તહબ છે. કારણ કે એમાં સાવચેતી છે,

૯૬. ''યુદાર્ર'' ના બે અર્થ થઈ શકે છે, લખાણ લખણારને અને ગવાહને કષ્ટ ન આપો. અથવા એ લોકો લખાણ ન લખી આપીને અને ગવાહી ન આપીને કષ્ટ ન આપે, હઝરત ઈબ્ને અબ્બાસથી બન્ને કિરઅતો સાબિત છે, જ્યારે હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂની કિરઅત બીજા અર્થને સ્પષ્ટ કરે છે, લખનાર અને ગવાહને એ રીતે કષ્ટ પહોંચાડી શકાય કે તેઓને તેમનું કામકાજ છોડાવીને પોતાનું કામ કરી આપવા બળજબરી કરવામાં આવે. અથવા લખાણ લખનારને મેહનતાણું આપવામાં ન આવે અથવા એ લોકો જો બીજી જગ્યાએથી હાજર થયા હોય તો તેમને ભાડુ-ભથ્થું આપવામાં ન આવે, વિગેરે, અને લખનાર અને સાક્ષી એ રીતે કષ્ટ આપી શકે છે કે ફુરસદ હોવા છતાં લખવાનો કે ગવાહી આપવાનો ઈન્કાર કરે, અથવા લખાણમાં કે ગવાહીમાં પોતાના તરફથી ઘટાડો-વધારો કે સુધારો કરે,

૯૭. અને એ દરમ્યાન કરજ લેવાની જરૂરી ઉભી થાય,

૯૮. અને તેથી દસ્તાવેજ કે બીજું લખાણ કરવા અસમર્થ રહો, ત્યારે પોતાના મનના સમાધાન ખાતર,

૯૯. એટલે કે કોઈ વસ્તુ કરજ આપનારનાં કબ્જામાં ગીરો મૂકો.

**મસઅલો** :- આવું કરવું મુસ્તહબ છે. સફરની હાલતમાં ગીરો મૂકવું આયતથી અને બિન સફરની હાલતમાં ગીરો મૂકવું હદીષથી સાબિત છે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મદીના શરીફમાં પોતાનું બખ્તર એક યહૂદી પાસે ગીરો મૂક્યું હતું. અને તેના બદલે વીસ સાઅ (એક પ્રકારનું માપ) જવ લીધા હતા,

**મસઅલો** :- આ આયતથી ગીરો મૂકવું જાઈઝ અને એમાં કબ્જો સોંપી દેવાની શરત છે. એવુ સાબિત થાય છે.

૧૦૦. એટલે કે કરઝદાર જેને કરજ આપનારે અમીન સમજ્યો હતો,

૧૦૧. અમાનતથી કરજ મુરાદ છે.

૧૦૨. કારણ કે આવું કરવાથી હકવાળાનો હક માર્યા જવાનો ભય છે, આ સંબોધન ગવાહોને છે કે

لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ وَاِنْ
تُبْدُوْا مَا فِيْٓ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ يُحَاسِبْكُمْ بِهِ
اللّٰهُ ۭ فَيَغْفِرُ لِمَنْ يَّشَاۗءُ وَيُعَذِّبُ مَنْ يَّشَاۗءُ ۭ
وَاللّٰهُ عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۲۸۴ اٰمَنَ الرَّسُوْلُ
بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ۭ
كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰۗىِٕكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۣ
لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ رُّسُلِهٖ ۣ وَقَالُوْا سَمِعْنَا
وَاَطَعْنَا ڭ غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ۲۸۵ لَا
يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ۭ لَهَا مَا كَسَبَتْ
وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ ۭ رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ
اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا

**અલ્લાહનું જ છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે (તે), અને જે તમે જાહેર કરો જે કંઈ[૧૦૪] તમારા અંતર (જીવ) માં છે અથવા છુપાવો. અલ્લાહ તમારાથી તેનો હિસાબ લેશે[૧૦૫] તો જેને ઈચ્છશે તેને બખ્શી દેશે[૧૦૬] અને જેને ઈચ્છશે તેને સજા આપશે[૧૦૭] અને અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે (૨૮૪) રસૂલ અને ઈમાનવાળા જે કંઈ રસૂલ પર તેના પરવરદિગાર તરફથી ઉતર્યું તેના પર ઈમાન લાવ્યા. બધાંએ માન્યુ[૧૦૮] અલ્લાહ અને તેના ફરિશ્તાઓ. અને તેની કિતાબો અને તેના રસૂલોને[૧૦૯] એ કહેતાં કહેતાં કે અમે તેના કોઈ રસૂલ પર ઈમાન લાવવામાં તફાવત નથી કરતા[૧૧૦] અને વિનંતી કરી અમે સાંભળ્યું અને માન્યુ[૧૧૧] અય અમારા પરવરદિગાર ! તારી માફી (અમારા માટે) હો. અને તારા તરફ જ પલટવાનું છે (૨૮૫) અલ્લાહ કોઈ પ્રાણ પર ભાર નથી મૂકતો પણ તેની શક્તિ મુજબ; તેનો ફાયદો છે જે સારૂં (સદ્‌કર્મો) કમાયો. અને જે બુરાઈ કમાયો તો તેનું જ નુકશાન છે[૧૧૨] અય અમારા પાલનહાર ! જો અમે ભૂલી જઈએ અથવા ચૂકીએ તો અમને**

જ્યારે તેઓને ગવાહી આપવા માટે બોલાવવામાં આવે ત્યારે હક બાબતનો ન છુપાવે, અને એક મંતવ્ય અનુસાર આ સંબોધન કરજદારોને છે કે તેઓ પોતાની જાત પર (કરજ લીધા બાબત)ની ગવાહી આપવામાં પાછી પાની ન કરે.

૧૦૩. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે કબીરા ગુનાહોથી બધામાં મોટો ગુનોહ અલ્લાહ સાથે અન્યને શરીક કરવું, જૂઠી ગવાહી આપવી, તેમજ ગવાહી છુપાવવી છે;

૧૦૪. બુરાઈ;

૧૦૫. ઈન્સાનનાં દિલમાં બે પ્રકારના વિચારો આવે છે. એક તો વસવસો કે દિલને એનાથી ખાલી રાખવું એ આદમીની શક્તિના બહારની વાત છે. પરંતુ તે એને ખરાબ તો જાણે જ છે. અને તેના પર અમલ કરવાનો ઈરાદો ધરાવતો નથી, એને 'હદીષે નફ્સ' અથવા વસવસો કહે છે, એના પર પકડ થવાની નથી, બુખારી અને મુસ્લિમની હદીષ શરીફમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, મારી ઉમ્મતના દિલોમાં જે વસવસાઓ થાય છે, અલ્લાહપાક એનાથી દરગુઝર ફરમાવે છે, જ્યાર સુધી કે તેઓ તેને અમલમાં ન મુકે, અથવા તે મુજબ મોઢાથી ન બોલે, આવા વસવાસા આ આયતમાં દાખલ થતા નથી,

બીજા તે વિચારો જેને ઈન્સાન પોતાના હૃદયમાં સ્થાન આપે છે, અને તેને અમલમાં મૂકવાનો ઈરાદો અને નિર્ધાર કરે છે, આવા વિચારોની પકડ થશે અને આ આયતમાં એવા વિચારો વિષે જ ફરમાન થયું છે;

**મસઅલો** :- કુફ્ર કરવાના નિર્ધારથી કાફિર થઈ જવાય છે, અને જો ગુનાહોનો નિર્ધાર કરીને માનવી તેના પર અટલ રહે પરંતુ તે ગુનાહિત ઈરાદાને અમલમાં મૂકવા માટે તેને અવસર પ્રાપ્ત ન થાય અને

حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِنَا رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا
طَاقَةَ لَنَا بِهٖ وَاعْفُ عَنَّا وَاغْفِرْ لَنَا وَارْحَمْنَا
اَنْتَ مَوْلٰىنَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٨٦﴾

سُوْرَةُ اٰلِ عِمْرٰنَ مَدَنِيَّةٌ وَّهِيَ مِائَتَا اٰيَةٍ وَّعِشْرُوْنَ رُكُوْعًا

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ﴿١﴾ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ ﴿٢﴾ نَزَّلَ
عَلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ
يَدَيْهِ وَاَنْزَلَ التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ﴿٣﴾ مِنْ
قَبْلُ هُدًى لِّلنَّاسِ وَاَنْزَلَ الْفُرْقَانَ ؕ اِنَّ
الَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ؕ
وَاللّٰهُ عَزِيْزٌ ذُو انْتِقَامٍ ﴿٤﴾ اِنَّ اللّٰهَ لَا يَخْفٰى

**પકડીશ નહીં[૧૧૩] અય અમારા પરવરદિગાર ! અને અમારા પર ભારે બોજો ન મૂક જેમ કે તેં અમારા આગલાઓ પર મૂક્યો હતો, અને અય અમારા રબ ! અમારા પર એવો બોજ ન મૂક જેની અમને શક્તિ ન હોય, અને અમને માફ કરી દે, અને બખ્શી દે, અને અમારા પર મહેરબાની કર, તુ અમારો માલિક છે, તો કાફિરો પર અમને મદદ આપ (૨૮૬)**

**સૂરહ : આલે ઇમરાન**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)**

**અલ્લાહ છે જેના સિવાય કોઈની પૂજા નથી[૧૧૪] પોતે જીવંત બીજાઓને બાકી રાખનાર (છે) (૨) તેણે તમારા પર આ સાચી કિતાબ ઉતારી આ આગળની કિતાબોની સત્યતા જાહેર કરતી અને તેણે સૌથી પહેલાં તવરાત અને ઈન્જીલ ઉતારી, (૩) લોકોને માર્ગ બતાવતી, અને ફૈસલો ઉતાર્યો, બેશક! તેઓ જે અલ્લાહની આયતોથી મુન્કિર થયા[૧૧૫] તેમના માટે સખત અઝાબ છે. અને અલ્લાહ ચઢીયાતો બદલો લેનાર છે (૪) અલ્લાહ પર કશું છૂપું નથી. ન જમીનમાં ન આસ્માનમાં (૫) તે જ છે જે તમારી**

લાચારીથી તે તેને કરી ન શકે, તે બધા ઉલમાનુસાર તેની પકડ કરવામાં આવશે. શેખ અબૂ મનસૂર માતુરીદી અને શમસુલ અઈમ્મા હલવાઇનુ પણ એ જ મંતવ્ય છે, અને તેઓ ''ઈન્નલ્લઝીન યુહિબ્બુનલ ફહિશત'' વાળી આયત તથા હઝરત આઈશા વાળી હદીષ કે જેમાં ફરમાવ્યું છે કે બન્દો જે ગુનાહોનો નિર્ધાર કરે ભલે પછી તેના પર અમલ ન કરે તો પણ તેના પર પકડ થશે, થી દલીલ કરે છે;

**મસઅલો** :- બન્દાએ કોઈ ગુનાહનો ઈરાદો કર્યો, પછી પસ્તાયો અને અલ્લાહ પાસે માફી માંગી તો અલ્લાહ તઆલા તેને માફ કરી દેશે;

૧૦૬. પોતાના ફઝલથી ઈમાનવાળાઓને;

૧૦૭. પોતાના ન્યાયથી,

૧૦૮. ઝુજાજે કહ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ આ સૂરહમાં નમાઝ, ઝકાત, રોઝા, હજના ફર્ઝ હોવાનું તેમજ તલાક, ઈલા, હૈઝ, જિહાદ વિગેરે ના હુક્મોનુ તેમજ અમ્બિયાના બનાવોનું બયાન ફરનાવ્યુ ત્યારે હવે સૂરહના અંતમાં ફરમાવ્યું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને મોમિનો આ તમામ બાબતો પર ઈમાન લાવ્યા. અને કુરઆન અને એના તમામ આદેશો અને હુક્મો અલ્લાહ તરફથી ઉતરેલા છે એ વાતની સત્યતાને સ્વીકારી,

૧૦૯. ઈમાનના આધાર સ્તંભ અને એને લગતી અનિવાર્ય બાબતોના આ ચાર મર્તબા છે, (૧) અલ્લાહ પર એ રીતે ઈમાન લાવવું કે અલ્લાહ એક છે, તેનો કોઈ ભાગીદાર નથી. તેના જેવો બીજો કોઈ નથી, તેમજ તેનાં તમામ નામો અને ગુણો પર ઈમાન લાવે, અને માને તેમજ શ્રદ્ધા રાખે તે ખૂબ ઈલ્મવાળો

અને દરેક વસ્તુ પર કુદરત ધરાવનાર છે, અને તેના ઈલ્મ તેમજ કુદરતથી કોઈ વસ્તુ બહાર નથી, (૨) ફરિશ્તાઓ પર એ રીતે ઈમાન લાવવું કે એમનું અસ્તિત્વ છે, તેઓ માસૂમ છે, પવિત્ર છે, અલ્લાહ અને તેના રસૂલો વચ્ચે એહકામ અને પયામ માટેનું કામકાજ બજાવે છે, (૩) અલ્લાહની કિતાબો પર ઈમાન લાવવું. એ રીતે કે જે કિતાબો તેણે પોતાના રસૂલો પર ઉતારી અને વહી મારફત તેઓને પહોચાડી. તે તમામ નિશંક સત્ય અને અલ્લાહના તરફથી જ છે, અને કુરઆન મજીદ ફેરબદલ ઘટાડા વધારાથી પાક છે, તેમજ એમાં મુહકમ (કોઈ પણ હુકમ માટે સ્પષ્ટ) અને મુતશાબેહ (જેનો ખરો અર્થ અલ્લાહ-રસૂલ જાણે છે) આયતનો સમાવેશ છે, (૪) રસૂલો પર એ મુજબ ઈમાન લાવવું કે તેઓ અલ્લાહના રસૂલ છે, જેઓને તેણે પોતાના બન્દાઓ તરફ મોકલ્યા એ બધા તેની વહીના અમાનતદાર છે. ગુનાહોથી પાક અને માસૂમ છે, તે બધા તમામ મખલૂકથી અફઝલ છે, અને એમનામાં અમુક મરતબાના હિસાબે અમુકથી ચઢિયાતા છે.

૧૧૦. જેવું કે યહૂદીઓ અને ખ્રિસ્તીઓએ કર્યું, કે અમુક પર ઈમાન લાવ્યા અને અમુકનો ઈન્કાર કર્યો,

૧૧૧. તારા હુકમ અને ફરમાનને,

૧૧૨. એટલે કે દરેક જીવને સદકર્મોનો સવાબ અને કુકર્મોની સજા મળશે, ત્યારબાદ અલ્લાહ તઆલાએ પોતાના મોમિન બન્દાઓને દુઆનો તરીકો શિખવ્યો, કે તેઓ પોતાના પરવરદિગારને આ પ્રમાણે વિનંતિ કરે,

૧૧૩. અને ભૂલચૂકથી તારા કોઈ હુકમ પર અમલ ન કરી શકીએ તો સઝા કરીશ નહિ.

સૂરએ આલે ઈમ્રાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે,

૧૧૪. **શાને નુઝૂલ** :- તફસીરકારોએ ફરમાવ્યું કે આ આયત નજરાનના પ્રતિનિધિમંડળ વિષે ઉતરી. જેમા ૬૦ સવારો હતા. અને તેમનામાં ૧૪ સરદારો અને ૩ માણસો તેમની કોમના ઘણા આગળ પડતા આગેવાનો હતા, તેમજ અબ્દુલ મસીહ નામનો એક માણસ હતો જે તેમનો આગેવાન અને અમીર હતો, જેના અભિપ્રાય વગર ખ્રિસ્તીઓ કોઈ પણ કામ ન કરતાં, બીજો એક અબહમ નામનો માણસ હતો જે પોતાની કોમનો વિશ્વાસુ અને નાણાંકિય બાબતોનો ઓફિસર હતો, ખોરાક ખાતાનાં તેમજ પુરવઠો પુરો પાડવાનાં તમામ કામો તેના હસ્તક હતાં, ત્રીજો એક માણસ અબૂહારસા બિન અકલમા હતો, આ માણસ ખ્રિસ્તીઓના તમામ ધર્મગુરૂઓ અને પાદરીઓનો સરદાર હતો, રોમના રાજ્યકર્તાઓ, તેના ઈલ્મ અને ધાર્મિક હોદ્દાના કારણે તેની ખૂબ ઈજ્જત કરતા હતા, આ બધા લોકો ઉમદા અને કિંમતી પોશાક પહેરીને ખૂબ જ ઠઠારા સાથે હુઝૂર સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમની સેવામાં મુનાઝરો કરવાના ઈરાદે આવ્યા અને મસ્જિદે અકદસમાં પ્રવેશ્યા, હુઝૂર સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ તે સમયે અસરની નમાઝ અદા ફરમાવી રહ્યા હતા, ત્યારે તે લોકોની નમાઝનો પણ સમય થઈ ગયો, અને તેઓએ પણ મસ્જિદ શરીફમાં જ પૂર્વ તરફ મોઢું કરીને પઢવાનું શરુ કરી દીધું, પરવાર્યા પછી હુઝૂર સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ સાથે વાતચીત શરૂ થઈ, હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું 'તમે ઈસ્લામ સ્વીકારો, ત્યારે તેઓએ કહ્યું ''અમે તમારી પહેલાં ઈસ્લામ સ્વીકારી ચૂક્યા છીએ.'' હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, 'આ જૂઠ છે આ દાવો ખોટો છે, તમારો દાવો ઈસ્લામ વિરોધી છે કે અલ્લાહને સંતાન છે. તેમજ તમારી સલીબ (ક્રોસ)ની પૂજા અને તમારૂ સુવ્વરનું માંસ ખાવું પણ ઈસ્લામથી વિરૂદ્ધ છે. તેઓએ કહ્યુ કે સારૂં જો હઝરત ઈસા ખુદાના પુત્ર ન હોય તો બતાવો કે તેમના પિતા કોણ છે? અને બધા એક સાથે બોલાવા લાગ્યા. હુઝૂર સલ્લલ્લાહો

عَلَيْهِ شَيْءٌ فِي الْأَرْضِ وَلَا فِي السَّمَاءِ ﴿٥﴾ هُوَ الَّذِي
يُصَوِّرُكُمْ فِي الْأَرْحَامِ كَيْفَ يَشَاءُ لَا إِلَٰهَ إِلَّا هُوَ
الْعَزِيزُ الْحَكِيمُ ﴿٦﴾ هُوَ الَّذِي أَنْزَلَ عَلَيْكَ
الْكِتَابَ مِنْهُ آيَاتٌ مُحْكَمَاتٌ هُنَّ أُمُّ الْكِتَابِ
وَأُخَرُ مُتَشَابِهَاتٌ فَأَمَّا الَّذِينَ فِي قُلُوبِهِمْ زَيْغٌ
فَيَتَّبِعُونَ مَا تَشَابَهَ مِنْهُ ابْتِغَاءَ الْفِتْنَةِ وَابْتِغَاءَ
تَأْوِيلِهِ وَمَا يَعْلَمُ تَأْوِيلَهُ إِلَّا اللَّهُ وَالرَّاسِخُونَ
فِي الْعِلْمِ يَقُولُونَ آمَنَّا بِهِ كُلٌّ مِنْ عِنْدِ رَبِّنَا
وَمَا يَذَّكَّرُ إِلَّا أُولُو الْأَلْبَابِ ﴿٧﴾ رَبَّنَا لَا تُزِغْ
قُلُوبَنَا بَعْدَ إِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَدُنْكَ
رَحْمَةً إِنَّكَ أَنْتَ الْوَهَّابُ ﴿٨﴾ رَبَّنَا إِنَّكَ

منزل ١

**મુખાકૃતિ બનાવે છે માંના પેટમાં જેવી ઈચ્છે[૧૧૬] તેના સિવાય કોઈની ઈબાદત નથી ઈજ્જતવાળો હિકમતવાળો (છે)[૧૧૭] (૬) તે જ છે જેણે તમારા પર આ કિતાબ ઉતારી એની અમુક આયતો સ્પષ્ટ અર્થ ધરાવે છે[૧૧૮] તે (આયતો) કિતાબનું મૂળ છે[૧૧૯] અને બીજી (આયતો) તે છે જેમના અર્થમાં ગુઢતા છે[૧૨૦] તો તેઓ જેમના દિલોમાં વાંકાપણું છે[૧૨૧] તેઓ ગુઢ રહસ્યોવાળી (આયતો) ની પાછળ પડે છે[૧૨૨] ગુમરાહી ઈચ્છવા[૧૨૩] અને એનું પાંખીયું ઢુંઢવા માટે[૧૨૪] અને એનું ખરૂં અર્થઘટન અલ્લાહ જ જાણે છે[૧૨૫] અને પાકા ઈલ્મવાળા[૧૨૬] કહે છે અમે એના પર ઈમાન લાવ્યા[૧૨૭] બધું અમારા પરવરદિગાર પાસેથી છે[૧૨૮] અને બુદ્ધિમાનો જ નસીહત ગ્રહણ કરે છે. (૭) અય અમારા પરવરદિગાર ! તેં અમને હિદાયત આપી[૧૨૯] પછી (હવે) અમારા દિલ વાંકા ન કર અને અમને પોતાના પાસેથી રહમત આપ, નિશંક તુ મહાન આપનાર છે (૮) અમારા પાલનહાર ! બેશક તુ બધા લોકોને એકઠા**

અલયહે વસલ્લમે ફરમાવ્યું, શું તમે નથી જાણતા કે પુત્ર હમેશાં પિતા જેવો હોય છે, તેઓ સહમત થયા, પછી આપે ફરમાવ્યું 'શું તમે નથી જાણતા કે આપણો પરવરદિગાર હમેશાં જીવંત રહેનાર છે. તેના માટે મૃત્યુ અશક્ય છે. જ્યારે હઝરત ઈસા અલયહિસ્સલામને મોત આવનાર છે' તેઓએ એનો પણ સ્વીકાર કર્યો, ફરી ફરમાવ્યું 'શું તમે નથી જાણતા કે આપણો પરવરદિગાર બંદાઓના કામ બનાવી આપનાર અને વાસ્તવમાં સંભાળ રાખનાર તેમજ રોજી આપનાર છે' તેઓએ કહ્યું 'હા' ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે પૂછ્યુ કે 'શુ હઝરત ઈસા પણ આવા જ છે?' ત્યારે તેઓ બોલ્યા 'નહીં' હુઝૂરે આગળ ફરમાવ્યું 'શું તમે નથી જાણતા કે અલ્લાહ તઆલા જમીન અને આસમાનની કોઈ વસ્તુથી અજાણ નથી.' તેઓએ એનો સ્વીકાર કર્યો, ત્યારે હુઝૂરે પૂછ્યું 'શું હઝરત ઈસા અલ્લાહના શિખવાડયા વગર આમાંથી કંઈ જાણે છે?' તેઓએ કહ્યું 'નહીં' હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, 'શું તમે નથી જાણતા કે હઝરત ઈસા ગર્ભાશયમાં રહ્યા, જન્મનારાઓની જેમ જન્મ્યા, બાળકોની જેમ તેઓને ખવડાવવામાં આવ્યું, જિંદગી દરમ્યાન તેઓ ખાતા પીતા રહ્યા, તેમજ મનુષ્ય જાતની બીજી જરૂરીયાતો પણ તેઓએ ઉભી થતી' તેઓને આનો પણ સ્વીકાર કર્યો, ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું 'પછી તેઓ તમારી માન્યતા મુજબ કેમ કરીને અલ્લાહ બની શકે છે?' ત્યારે તે બધા ચુપ થઈ ગયા, અને તેમનાથી કશો ઉત્તર આપી શકાયો નહીં, ત્યારે સૂરએ આલે ઈમ્રાનની ૧ લી આયતથી લઈને ૮૦ થી થોડી વધારે આયતો આ વિષે ઉતરી;

**ફાયદો :-** અલ્લાહની સિફતોમાં જે 'હય્ય' આવે છે, તેનો અર્થ 'હમેશાં રહેનાર' એવો થાય છે. એટલે

કે એવો હમેશાં રહેનાર જેનુ મૃત્યુ શક્ય જ ન હોય; અને 'કય્યૂમ' નો અર્થ એ છે જે કે પોતે પોતાની જાતે અસ્તિત્વ ધરાવતો હોય, અને મખલૂક પોતાના દુનિયા અને આખિરતના જીવનમાં જે હાજતો ધરાવતી હોય તેના વિષે હુકમ કરતો હોય;

૧૧૫. આમાં નજરાનના પ્રતિનિધિમંડળના ખ્રિસ્તીઓનો પણ સમાવેશ થાય છે,

૧૧૬. પુરૂષ, સ્ત્રી, ગોરો, કાળો, સૌંદર્યવાળો, વિ. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, તમારી પેદાઈશના અણુઓ માંનાં પેટમાં ૪૦ દિવસ એકઠાં થાય છે, પછી એટલા જ દિવસો જમેલા લોહીનાં રૂપમાં રહે છે, પછી એટલા જ દિવસો માસનાં લોથડા રૂપે રહે છે, પછી અલ્લાહપાક એક ફરિશ્તો મોકલે છે, જે તેની રોજી, તેની ઉમર, તેના અમલ, તેનું પરિણામ અર્થાત તેની નેકબખ્તી કે બદબખ્તી વિ. બાબતો લખે છે. પછી તેમાં રૂહ દાખલ કરે છે. તો તેના સોગંઘ જેના સિવાય કોઈ પૂજનિય નથી. માણસ જન્નતી જેવો અમલ કરતો રહે છે એટલા સુધી કે તેનામાં અને જન્નતમાં હાથ જેટલુ અંતર રહી જાય છે. એટલે કે ઘણું ઓછું અંતર રહે છે, પછી તેનું લખાણ આગળ આવે છે, અને તે દોઝખી લોકોના અમલ કરવા મંડી જાય છે અને એના પર તેનો ખાત્મો (મૃત્યુ) થાય છે, અને જહન્નમમાં દાખલ થાય છે, અને કોઈ એવો હોય છે કે દોઝખીઓના અમલ કરતો રહે છે; એટલા સુધી કે તેના અને દોઝખમાં એક હાથનું અંતર રહી જાય છે. પછી લખાણ આગળ આવે છે અને તેના જીવનનો નકશો બદલાય છે અને તે જન્નતીઓ જેવા અમલ કરવા લાગે છે અને એના પર જ એને મોત આવે છે, અને તે જન્નતમાં દાખલ થઈ જાય છે.

૧૧૭. આમાં પણ ખ્રિસ્તીઓને રદીયો અપાયો છે, જેઓ હઝરત ઈસા અલયહિસ્સલામને ખુદાનો પુત્ર કહેતા અને આપની ઈબાદત કરતાં હતા,

૧૧૮. જેમાં અનેક અર્થો કે ગુઢતા જેવું કશું નથી.

૧૧૯. કે એનાથી એહકામ તારવવામાં આવે છે, અને હલાલ- હરામમાં તેના પર અમલ કરવામાં આવે છે.

૧૨૦. આવી આયતો અનેક અર્થોની શક્યતા ધરાવે છે. એમાંથી એક અર્થ અલ્લાહ તઆલાએ ધાર્યો છે, તેને અલ્લાહ જ જાણે અથવા જેને અલ્લાહે ઈલ્મ આ બાબતનું આપ્યું હોય તે જાણે છે;

૧૨૧. એટલે કે ગુમરાહ અને બદમઝહબ લોકો જેઓ પોતાની મનેઈચ્છાઓના તાબેદાર હોય છે.

૧૨૨. અને આવી આયતોના જાહેરી અર્થ પર હુકમ કરે છે. અથવા ખોટું અર્થઘટન કરે છે. અને એવું શુભ આશયથી નથી કરતાં બલ્કે, (જુમલ)

૧૨૩. અને શંકા કુશંકામાં નાખવાં માટે (જુમલ)

૧૨૪. પોતાની ઈચ્છા અનુસાર, તેઓ અર્થઘટન અને પાંખિયા ઢુંઢવાને લાયક ન હોવા છતાં (જુમલ, ખાઝિન)

૧૨૫. હકીકતમાં (જુમલ) અને પોતાના કરમ અને અર્પણથી જેને તે જણાવે તે જાણે છે.

૧૨૬. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવતા હતા કે હું ''રાસિખુન-ફિલ-ઈલ્મ (પાકા ઈલ્મવાળા) માં દાખલ છું.

અને મુજાહિદની રિવાયતમાં આ મુજબ છે કે ફરમાવ્યું, હું તે લોકોમાંથી છું જેઓ ગુઢાર્થ અને અનેક મતલબ ધરાવતી આયતોનું અર્થઘટન જાણે છે,

جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيهِ ۚ إِنَّ اللَّهَ لَا
يُخْلِفُ الْمِيعَادَ ﴿٩﴾ إِنَّ الَّذِينَ كَفَرُوا لَن تُغْنِيَ عَنْهُمْ
أَمْوَالُهُمْ وَلَا أَوْلَادُهُم مِّنَ اللَّهِ شَيْئًا ۖ وَأُولَٰئِكَ هُمْ
وَقُودُ النَّارِ ﴿١٠﴾ كَدَأْبِ آلِ فِرْعَوْنَ وَالَّذِينَ مِن
قَبْلِهِمْ ۚ كَذَّبُوا بِآيَاتِنَا فَأَخَذَهُمُ اللَّهُ بِذُنُوبِهِمْ ۗ
وَاللَّهُ شَدِيدُ الْعِقَابِ ﴿١١﴾ قُل لِّلَّذِينَ كَفَرُوا
سَتُغْلَبُونَ وَتُحْشَرُونَ إِلَىٰ جَهَنَّمَ ۚ وَبِئْسَ
الْمِهَادُ ﴿١٢﴾ قَدْ كَانَ لَكُمْ آيَةٌ فِي فِئَتَيْنِ الْتَقَتَا ۖ
فِئَةٌ تُقَاتِلُ فِي سَبِيلِ اللَّهِ وَأُخْرَىٰ كَافِرَةٌ
يَرَوْنَهُم مِّثْلَيْهِمْ رَأْيَ الْعَيْنِ ۚ وَاللَّهُ يُؤَيِّدُ بِنَصْرِهِ
مَن يَشَاءُ ۗ إِنَّ فِي ذَٰلِكَ لَعِبْرَةً لِّأُولِي الْأَبْصَارِ ﴿١٣﴾

**કરનાર છે[૧૩૦] તે દિવસ માટે જેમાં કશી શંકા નથી[૧૩૧] નિશંક અલ્લાહનો વાયદો બદલાતો નથી[૧૩૨] (૯) બેશક ! તેઓ જે કાફિર થયા[૧૩૩] તેમના માલ અને તેમની ઓલાદ અલ્લાહથી તેમને કંઈ બચાવી શકશે નહીં, અને તેઓ જ દોઝખનું બળતણ છે (૧૦) જેમકે ફિરઔનવાળાઓ અને તેઓના આગલાઓની રીત; તેઓએ આયતોને જૂઠલાવી, તો અલ્લાહે તેમના ગુનાહો પર તેઓને પકડયા, અને અલ્લાહનો અઝાબ સખ્ત છે (૧૧) કાફિરોને ફરમાવી આપો (કે) કોઈ પળ ગુજરે છે કે તમે પરાજીત થશો અને દોઝખ તરફ હંકારવામાં આવશો[૧૩૪] અને તે (દોઝખ) ઘણી જ ખરાબ પથારી (છે)(૧૨) નિશંક ! તમારા માટે નિશાની હતી[૧૩૫] (તે) બે ટોળીઓમાં જે અંદર અંદર અથડાઈ ગઈ[૧૩૬] એક જુથ અલ્લાહના માર્ગમાં લડતુ (હતું)[૧૩૭] અને બીજું કાફિર (હતું)[૧૩૮] કે તેઓને આંખે જોનાર પોતાનાથી બમણા સમજે, અને અલ્લાહ જેને ઈચ્છે છે (તેને) પોતાની મદદ વડે શક્તિ આપે છે[૧૩૯] બેશક ! આમાં બુદ્ધિમાનો માટે જરૂર જોઈને શિખવાનું છે (૧૩)**

હઝરત અનસ બિન માલિક રદીયલ્લાહુ અન્હૂ ફરમાવે છે કે ''રાસિખ ફીલ ઈલ્મ'' (પાકુ ઈલ્મ ધરાવનાર તે આલિમે બાઅમલ છે. જે પોતાના ઈલ્મનો તાબેદાર હોય.

તફસીરકારોનું એક કથન એ મુજબનું છે કે ''રસિખ ફીલ ઈલ્મ'' તે લોકો છે જેનામાં ચાર ગુણ હોય. (૧) તકવો-અલ્લાહનો ડર (૨) લોકો સાથે તવાઝુઅ નરમી (૩) દુનિયવી બાબતોથી પરહેઝગારી (૪) નફ્સ સાથે જિહાદ. (ખાઝિન)

૧૨૭. કે તે અલ્લાહ તરફથી છે. અને એના જે અર્થો હોય તે હક છે, અને એને નાઝિલ કરવામાં રહસ્ય છે.

૧૨૮. સ્પષ્ટ અર્થવાળી આયતો હોય કે અનેક અર્થોવાળી હોય,

૧૨૯. અને પાકા ઈલ્મવાળા કહે છે

૧૩૦. હિસાબ અથવા બદલો આપવા માટે,

૧૩૧. તે કયામતનો દિવસ છે

૧૩૨. તો જેના દિલમાં વાકાપણું હશે તે હલાક થશે. અને જે તારા એહસાનના પ્રતાપે હિદાયત પામે તે નેકબખ્ત હશે. અને છુટકારો પામશે.

**મસઅલો** :- આ આયતથી જાણવા મળ્યું કે જૂઠ અલ્લાહના મરતબાથી વિરુદ્ધ છે. માટે અલ્લાહપાકનું જૂઠ બોલવું અશક્ય અને તેની તરફ એનો સંબંધ જોડવો સખત બેઅદબી છે. (મદારિક ઇબુરસુઈદ)

૧૩૩. હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલૈયહે વસલ્લમથી ફરી જઈને,

تلك الرسل ٣ — ال عمران ٣

زُيِّنَ لِلنَّاسِ حُبُّ الشَّهَوٰتِ مِنَ النِّسَآءِ وَالْبَنِيْنَ
وَالْقَنَاطِيْرِ الْمُقَنْطَرَةِ مِنَ الذَّهَبِ وَالْفِضَّةِ وَالْخَيْلِ
الْمُسَوَّمَةِ وَالْاَنْعَامِ وَالْحَرْثِ ؕ ذٰلِكَ مَتَاعُ الْحَيٰوةِ
الدُّنْيَا ۚ وَاللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ ﴿۱۴﴾ قُلْ اَؤُنَبِّئُكُمْ
بِخَيْرٍ مِّنْ ذٰلِكُمْ ؕ لِلَّذِيْنَ اتَّقَوْا عِنْدَ رَبِّهِمْ جَنّٰتٌ
تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَاَزْوَاجٌ
مُّطَهَّرَةٌ وَّرِضْوَانٌ مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿۱۵﴾
اَلَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَقِنَا
عَذَابَ النَّارِ ﴿۱۶﴾ اَلصّٰبِرِيْنَ وَالصّٰدِقِيْنَ وَالْقٰنِتِيْنَ
وَالْمُنْفِقِيْنَ وَالْمُسْتَغْفِرِيْنَ بِالْاَسْحَارِ ﴿۱۷﴾ شَهِدَ اللّٰهُ اَنَّهٗ
لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ

**લોકો માટે એમની મનેચ્છાઓનો પ્રેમ શણગારવામાં આવ્યો[૧૪૦] સ્ત્રીઓ અને પુત્રો અને નીચે ઉપર (જમાવેલા) સોના ચાંદીના ઢગલા અને નિશાનીઓ કરેલા ઘોડા અને ઢોરઢાંખર અને ખેતી, આ જીવતી દુનિયાની મૂંડી છે[૧૪૧] અને અલ્લાહ છે જેના પાસે સારૂ ઠેકાણું (છે)[૧૪૨] (૧૪) તમે ફરમાવો શું હું તમને એનાથી[૧૪૩] ઉત્તમ વસ્તુ બતાવું ? પરહેઝગારો માટે એમના પરવરદિગાર પાસે જન્નતો છે જેમની નીચે નહેરો વહે છે, સદા તેમાં રહેશે, અને (તેમાં) સ્વચ્છ પત્નીઓ (પણ છે)[૧૪૪] અને અલ્લાહની રઝામંદી (છે)[૧૪૫] અને અલ્લાહ બંદાઓને જુએ છે[૧૪૬] (૧૫) તેઓ જે કહે છે અય અમારા પાલનહાર ! અમે ઈમાન લાવ્યા તો અમારા ગુનાહ માફ કર અને અમને દોઝખના અઝાબથી બચાવી લે (૧૬) સબ્રવાળા[૧૪૭] અને સાચા[૧૪૮] અને અદબવાળા અને અલ્લાહના માર્ગમાં ખર્ચનારા અને મળસ્કાથી માફી માંગનારા[૧૪૯] (૧૭) અલ્લાહે સાક્ષી આપી કે તેના સિવાય કોઈ પૂજનીય નથી[૧૫૦] અને ફરિશ્તાઓએ અને આલિમોએ (પણ) ન્યાય (ના સ્થાન) પર ઉભા રહીને (સાક્ષી આપી)[૧૫૧] તેના સિવાય કોઈની ઈબાદત નથી (તે) ઈજ્જતવાળો,**

૧૩૪. **શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હૂ બયાન કરે છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કાફિરોને બદ્રમાં પરાજિત કર્યા પછી જ્યારે મદીના શરીફ પધાર્યા ત્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વસ્સલમે યહૂદીઓને એકત્ર કરીને ફરમાવ્યું કે તમે અલ્લાહથી ડરો અને બદ્રમાં કાફિરો પર જે આફત ઉતરી તેવી આફત તમારા પર પડે ત્યાર પહેલા ઈસ્લામ સ્વીકારી લો, તમે જાણી ચૂક્યા છો ક હું અલ્લાહ તરફથી મોકલવામાં આવેલો રસૂલ છું અને તમે પોતાની કિતાબમાં આ બાબતનો ઉલ્લેખ છે તે જાણો જ છો; ત્યારે તેઓએ કહ્યું કે કુરેશીઓ યુદ્ધ વિધાથી અજાણ હતા. અમારો તમારો સામનો થશે ત્યારે તમે જાણશો કે યુદ્ધ કરનાર આવા હોય છે, તેઓના આ જવાબ વિશે આ આયત ઉતરી. અને તેઓને અગાઉથી ખબર આપી દેવામાં આવી કે તેઓ પરાજિત થશે, માર્યા જશે, કેદ પકડાશે અને એમના પર જિઝયો નાખવામાં આવશે. પછી એવું જ થયું અને ઈસ્લામી સૈન્યના હાથે એક જ દિવસમાં તેમના ૬૦૦ યોધ્ધાઓ મરાયા અને અનેક કેદ પકડાયા, અને ખૈબરવાળાઓ પર જિઝયો નાખવામાં આવ્યો,

૧૩૫. આમાં યહૂદીઓને સંબોધન છે. અને અમુકના કહેવા મુજબ બધા જ કાફિરોને અને અમુકના મતાનુસાર ફકત મોમિનોને સંબોધવામાં આવ્યા છે, (જુમલ)

૧૩૬. બદ્રની લડાઈમાં;

૧૩૭. એટલે હુઝૂર સલ્લલ્લાહુ અલૈયહિ વસલ્લમ અને એમના અસ્હાબ; એમની કુલ સુખ્યા ૩૧૩ની હતી, ૭૭ મુહાજિરો અને ૨૩૬ અન્સારીઓ હતા, મુહાજિરો તરફથી ઝંડો હઝરત અલી અને અન્સાર તરફથી હઝરત સઅદ બિન ઉબાદા રદીયલ્લાહુ અન્હૂમાનાં હાથોમાં હતો, આ આખા સૈન્યમાં ફકત બે

ઘોડા ૭૦ ઊંટો ૬ બખ્તરો અને ૮ તલવારો હતી, અને આ યુદ્ધમાં ફક્ત ૧૪ સહાબી શહીદ થયા હતા, ૬ મુહાજિર અને ૮ અન્સારમાંથી;

૧૩૮. કાફિર સૈન્યની સંખ્યા ૯૫૦ સિપાહીયોની હતી, એમનો સેનાપતિ અકબા બિન રબીઆ હતો, તેઓ પાસે ૧૦૦ ઘોડાઓ અને ૭૦૦ ઊંટ હતાં, તેમજ મોટી સંખ્યામાં બખ્તરો અને શસ્ત્રો હતાં; (જુમલ)

૧૩૯. ભલે પછી તેમની સંખ્યા ઓછી હોય અને સરસમાનની ગમે તેટલી કમી હોય;

૧૪૦. જેથી વાસનાનાં પૂજારીઓ અને અલ્લાહની તાબેદારી કરનારાઓમાં ફેર માલમ પડી જાય, જેવી રીતે કે બીજી આયતમાં ફરમાવ્યું છે કે ''ઈન્ના જઅલના મા અલલ અરદિ ઝિનતલ લહા લિનબલુવહુમ'' અર્થાત ધરતી પર જે કંઈ છે તેને અમે શણગાર બનાવ્યો છે જેથી અમે અજમાઈશ કરીએ કે કોણ સારા કામો કરે છે;

૧૪૧. આ વસ્તુઓથી ટૂંક મુદ્દત સુધી ફાયદો મળે છે, પછી એ નાશ પામે છે. મનુષ્યે આ દુનિયાની મૂડી એવા કામમાં ખર્ચ કરવી જોઈએ, જેમાં એની આખિરત સુધરવાનું યકીન હોય;

૧૪૨. તે ઠેકાણું એટલે જન્નત; તો તેનું આકર્ષણ લગાડવું જોઈએ, અને નાશવંત જગાની ફના થનાર એવી મોહક વસ્તુ સાથે દિલ ન લગાડવું જોઈએ;

૧૪૩. એટલે કે દુનિયાની આ પુંજી થી;

૧૪૪. જેઓ સ્ત્રી જાતિની અમુક અણગમતી બાબતો તેમજ દરેક ઘૃણાસ્પદ વસ્તુથી પાક સાફ છે;

૧૪૫. અને એ સર્વથી મહાન નેઅમત છે;

૧૪૬. અને તેઓના કાર્ય તેમજ હાલતોને નિહાળે છે, અને એ મુજબ બદલો આપે છે;

૧૪૭. જેઓ તાબેદારી પર જામેલા રહે, મુસીબતોમાં સબ્ર કરે અને ગુનાહોથી અળગા રહે.

૧૪૮. જેમનું વાણી, વર્તન, ઈરાદા, નિય્યતો બધું જ સાચું હોય.

૧૪૯. આમાં અંતિમ રાત્રીએ નમાઝ પઢનારાઓનો પણ સમાવેશ થાય છે, અને મળસ્કે દુઆ ઈસ્તિગફાર, કરનારાઓ પણ આમાં દાખલ છે, આ સમય એકાંત અને દુઆ કબૂલ થવાનો છે, હઝરત લુકમાન અલયહિસ્સલામે પોતાના પુત્રને કહ્યું કે મરઘા કરતાં ઓછો ન રહીશ કે તે સવારમાં અવાજ કરે અને તુ સૂતો રહી જાય;

૧૫૦. **શાને નુઝૂલ** :- સિરીયાના ધર્મગુરૂઓ પૈકીમાનાં બે માણસો હુઝૂર સલ્લાહો અલૈયહિ વસલ્લમ પાસે આવ્યા. જ્યારે તેઓએ મદીના શરીફને નિહાળ્યું ત્યારે તે એકબીજાને કહેવા લાગ્યા કે અંતિમ સમયના નબીના શહેરનું વર્ણન આ મુજબનું જ છે, જેવુ કે આ શહેર છે, જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના દરબારમાં હાજર થયા ત્યારે હુઝૂરની મુખાકૃતિ તેમજ આપની મુબારક આદતો તવરાત મુજબની દેખીને આપને ઓળખી ગયા, અને કહ્યું કે આપ મુહમ્મદ છો? હુઝૂરે ફરમાવ્યું હા! ફરી પૂછ્યું આપ અહમદ છો? ફરમાવ્યું, હા! તેઓએ કહ્યું, અમે એક પ્રશ્ન પૂછીએ છીએ, જો તમે તેનો ખરો ઉત્તર આપશો તો અમે ઈમાન લઈ આવશું, ફરમાવ્યું, પૂછો, તેઓએ પૂછ્યું અલ્લાહની કિતાબમાં સૌથી મોટી સાક્ષી કઈ છે? ત્યારે આ આયત ઉતરી, જેને સાંભળીને પેલા બન્ને ધર્મગુરૂઓ મુસલમાન થઈ ગયા.

હઝરત સઈદ બિન જુબેર રદીયલ્લાહુ અન્હૂ રિવાયત કરે છે કે કઅબા શરીફમાં ૩૬૦ મૂર્તિઓ હતી, જ્યારે મદીના શરીફમાં આ આયત ઉતરી ત્યારે કાબા શરીફમાં બધી જ મૂર્તિઓ સજદામાં પડી ગઈ;

૧૫૧. એટલે કે અમ્બિયા અને અવલિયાએ;

لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝١٨ اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ
الْاِسْلَامُ ۗ وَمَا اخْتَلَفَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ
مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْيًاۢ بَيْنَهُمْ ۗ وَمَنْ يَّكْفُرْ بِاٰيٰتِ اللّٰهِ
فَاِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ۝١٩ فَاِنْ حَآجُّوْكَ فَقُلْ
اَسْلَمْتُ وَجْهِىَ لِلّٰهِ وَمَنِ اتَّبَعَنِ ۗ وَقُلْ لِّلَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ وَالْاُمِّيّٖنَ ءَاَسْلَمْتُمْ ۗ فَاِنْ اَسْلَمُوْا فَقَدِ اهْتَدَوْا ۚ
وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا عَلَيْكَ الْبَلٰغُ ۗ وَاللّٰهُ بَصِيْرٌۢ بِالْعِبَادِ ۝٢٠
اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ
بِغَيْرِ حَقٍّ ۙ وَّيَقْتُلُوْنَ الَّذِيْنَ يَاْمُرُوْنَ بِالْقِسْطِ مِنَ
النَّاسِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ۝٢١ اُولٰٓئِكَ الَّذِيْنَ حَبِطَتْ
اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ۡ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ۝٢٢

**હિકમતવાળો (છે) (૧૮) નિશંક અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે[૧૫૨] અને કિતાબવાળા કુસંપમાં ન પડયા[૧૫૩] પણ ત્યારબાદ કે તેઓની પાસે ઈલ્મ આવી ચૂક્યુ[૧૫૪] પોતાના દિલોની બળતરાના કારણે;[૧૫૫] અને જે અલ્લાહની આયતોના મુન્કિર થશે તો બેશક! અલ્લાહ જલ્દી હિસાબ લેનાર છે.(૧૯) પછી અય મહબૂબ! જો તેઓ તમારી સાથે વિવાદ કરે તો ફરમાવી દો કે મેં અને (મારી સાથે) જે મારા તાબેદાર બન્યા (તેઓએ) પોતાનું મોઢું અલ્લાહની સમક્ષ નમાવ્યું છે[૧૫૬] અને કિતાબવાળાઓ અને અજ્ઞાનોને ફરમાવો[૧૫૭] શું તમે ગરદન નમાવી?[૧૫૮] પછી જો તેઓ ગરદન નમાવે ત્યારે તો માર્ગ પામી ગયા; અને જે મોઢું ફેરવે તો તમારા પર તો આટલું હુકમ પહોંચાડી દેવાનું જ છે[૧૫૯] અને અલ્લાહ બંદાઓને જોઈ રહયો છે (૨૦) તે જેઓ અલ્લાહની આયતોના મુન્કિર બને અને પૈગમ્બરોને નાહક શહીદ કરે (છે)[૧૬૦] અને ન્યાયનો આદેશ આપનારાઓને કત્લ કરે છે, તેઓને દુ:ખદાયક અઝાબની ખુશખબરી આપો (૨૧) આ છે તેઓ જેમના આમાલ નિષ્ફળ ગયા દુનિયા અને આખેરતમાં,[૧૬૧] અને તેમનો કોઈ મદદગાર નથી[૧૬૨] (૨૨)**

૧૫૨. એના સિવાય બીજો એકેય દીન (ધર્મ) સ્વિકૃત નથી, યહૂદી અને નસરાની વિગેરે લોકો જે પોતાના ધર્મોને શ્રેષ્ઠ બતાવે છે, તેઓના દાવો આ આયતે જૂઠો ઠેરવ્યો;

૧૫૩. આ આયત યહૂદીઓ અને નસરાનીઓ વિષે ઉતરી. જેમણે ઈસ્લામનો સ્વીકાર ન કર્યો અને હુઝૂર સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમની નુબુવ્વતમાં વીવાદ ઉભો કર્યો;

૧૫૪. તેઓ પોતાની કિતાબોમાં હુઝૂર સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના વખાણ અને ગુણો વાચી ચૂક્યા, અને તેઓએ ઓળખી લીધું કે આજ તે નબી છે જેઓની ખબર અલ્લાહની કિતાબોમાં આપવામાં આવી છે,

૧૫૫. એટલે કે એમના વિવાદનું કારણ તેઓની ઈર્ષા અને દુનિયવી ફાયદાની લાલચ છે.

૧૫૬. એટલે કે હું અને મારા તાબેદારો સંપૂર્ણપણે અલ્લાહના ફરમાંબરદાર અને તાબેદાર છીએ, અમારો ધર્મ તવહીદનો ધર્મ છે જેની સત્યતા તમે પણ તમારી કિતાબો દ્વારા જાણો છો, તો પછી એ વિષે તમારો અમારી સાથે ઝગડો કરવો બેકાર છે;

૧૫૭. જેટલા આકાશી ધર્મ સિવાયના બીજા કાફિરો છે તે બધા અજ્ઞાન લોકોમાં દાખલ છે, તેઓમાં અરબસ્તાનના મુશ્રિકોનો પણ સમાવેશ થાય છે.

૧૫૮. અને દીને ઈસ્લામ સામે માથું નમાવ્યું? સ્પષ્ટ દલીલો જાહેર થઈ ગયા છતાં તમે હજુ સુધી પોતાના કુફ્ર પર જ અડેલા છો?

આ રીતે (પ્રશ્નો દ્વારા) તેમને ઈસ્લામની દાવત આપી છે;

أَلَمْ تَرَ إِلَى الَّذِينَ أُوتُوا نَصِيبًا مِّنَ الْكِتٰبِ يُدْعَوْنَ
إِلٰى كِتٰبِ اللّٰهِ لِيَحْكُمَ بَيْنَهُمْ ثُمَّ يَتَوَلّٰى فَرِيقٌ مِّنْهُمْ وَهُم
مُّعْرِضُونَ ﴿٢٣﴾ ذٰلِكَ بِأَنَّهُمْ قَالُوا لَن تَمَسَّنَا النَّارُ إِلَّا
أَيَّامًا مَّعْدُودٰتٍ وَغَرَّهُمْ فِي دِينِهِم مَّا كَانُوا يَفْتَرُونَ ﴿٢٤﴾
فَكَيْفَ إِذَا جَمَعْنٰهُمْ لِيَوْمٍ لَّا رَيْبَ فِيهِ وَوُفِّيَتْ كُلُّ
نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُونَ ﴿٢٥﴾ قُلِ اللّٰهُمَّ مٰلِكَ
الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَن تَشَاءُ وَتَنزِعُ الْمُلْكَ مِمَّن
تَشَاءُ وَتُعِزُّ مَن تَشَاءُ وَتُذِلُّ مَن تَشَاءُ بِيَدِكَ
الْخَيْرُ إِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٢٦﴾ تُولِجُ الَّيْلَ فِي
النَّهَارِ وَتُولِجُ النَّهَارَ فِي الَّيْلِ وَتُخْرِجُ الْحَيَّ مِنَ
الْمَيِّتِ وَتُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ وَتَرْزُقُ مَن تَشَاءُ

**શું તમે તેઓને ન જોયા? જેઓને કિતાબનો એક ભાગ મળયો[૧૬૩] (તેમને) અલ્લાહની કિતાબ તરફ બોલાવવામાં આવે છે તેઓ એમનો ફેંસલો કરે પછી એમાંનું એક જુથ મોઢું મચકોડીને ફરી જાય છે[૧૬૪] (૨૩) આ હિમ્મત[૧૬૫] તેમને એટલા માટે થઈ કે તેઓ કહે છે અમને કદાપી આગ અડશે નહીં પણ ગણત્રીના દિવસો (સુધી)[૧૬૬] અને તેઓને પોતાના દીનમાં તે જૂઠે ફરેબ આપ્યો જે તેઓ ઠોકી બેસાડતા હતા[૧૬૭] (૨૪) તો કેવી (ફજેતી) થશે જ્યારે અમે તેઓને તે દિવસ માટે એકત્ર કરીશું જેમાં કશી શંકા નથી[૧૬૮] અને દરેક જીવને તેની કમાણી પુરી માપી આપવામાં આવશે, અને તેઓ પર જુલ્મ નહિ થાય (૨૫) આવી વિનંતી કર, અય રાજ્યના માલિક! તુ જેને ઈચ્છે તેને રાજપાટ આપે, અને જેના પાસેથી ઈચ્છે (તેના પાસેથી) સલ્તનત ખૂંચવી લે, અને (તુ) જેને ઈચ્છે તેને આબરૂ આપે અને જેને ઈચ્છે તેને ફજેતી આપે, બધી ભલાઈ તારા જ હાથમાં છે, બેશક! તુ સર્વ કંઈ કરી શકે છે[૧૬૯] (૨૬) તુ દિવસનો ભાગ રાત્રીમાં નાખે, અને રાત્રીનો ભાગ દિવસમાં નાખે[૧૭૦] અને મરેલામાંથી જીવતું કાઢે, અને જીવતામાંથી મરેલું કાઢે[૧૭૧], અને જેને ઈચ્છે**

૧૫૯. અને તે તમે પુરૂ કરી જ દીધું છે, જો એનાથી તેઓએ ફાયદો ન મેળવ્યો હોય તો તે પોતે જ નુકશાનમાં રહ્યા છે, આ આયતમાં હુઝૂર સલ્લલ્લાહુ અલૈયહિ વસલ્લમને શાંતિ અપાઈ છે કે આપ તેઓના ઇમાન ન લાવવાના કારણે દુ:ખી થશો નહીં;

૧૬૦. જેવી રીતે કે બની ઈસરાઈલે એક સવારે સમયના થોડાક જ ભાગમાં ૪૩ નબીઓને શહીદ કરી દીધા પછી તેમનામાં ૧૧૨ આબિદો તેમને નેકીઓના હુકમ કરવા મેદાને પડયા અને બુરાઈયોથી રોકવા લાગ્યા તો તે જ દિવસે સાંજે તેમને પણ શહીદ કરી દીધા, આ આયતમાં હુઝૂર સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના સમયના યહૂદીઓને ધમકાવ્યા છે કારણ કે તેઓ પોતાના પૂર્વજોના આવા કરતુતોથી રાજી હતા.

૧૬૧. **મસઅલો** :- આ આયતથી માલૂમ પડ્યું કે અમ્બિયાની શાનમાં બેઅદબી કરવું કુફ્ર છે, અને એ પણ જાણવા મળ્યું કે કુફ્રથી તમામ આમાલ બર્બાદ થઈ જાય છે;

૧૬૨. કે તેઓને અલ્લાહના અઝાબથી બચાવે;

૧૬૩. એટલે કે યહૂદીઓને, એમને તવરાત શરીફના હુકમો અને ઈલ્મ શિખવાડવામાં આવ્યું હતું, જેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના વખાણ, આપના ગુણો તેમજ દીને ઈસ્લામની સત્યતાનું બયાન છે, એનાથી એવું થવું જોઈતું હતું કે જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પધારે અને એમને કુરઆન તરફ બોલાવે ત્યારે તેઓ હુઝૂર પર અને કુરઆન શરીફ પર ઈમાન લઈ આવે અને તેના હુકમોનું પાલન કરે, પણ તેમાંથી મોટા ભાગનાઓએ એવું ન કર્યું;

૧૬૪. શાને નુઝૂલ :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ ઇન્હૂથી એક રિવાયત એ મુજબની છે કે એક

**(તેને) ગણતરી વગર આપે (૨૭) મુસલમાનો, મુસ્લિમો સિવાય કાફિરોને પોતાના મિત્ર ન બનાવી લે[૧૭૨] અને જે આવું કરશે તેને અલ્લાહ સાથે કઈ સંબંધ ન રહ્યો, પરંતુ જ્યારે કે તમે તેઓથી કંઈક ડરો (ત્યારે મિત્રતાનો ડોળ કરી શકો છો)[૧૭૩] અને અલ્લાહ તમને પોતાના ગઝબથી ડરાવે છે, અને અલ્લાહ તરફ જ પરત થવાનું છે (૨૮) તમે ફરમાવો કે જો તમે પોતાના દિલની વાત છુપાવો અથવા જાહેર કરો અલ્લાહને બધી ખબર છે, અને અલ્લાહ જે કઈ આસ્માનોમાં અને જે કઈ ધરતીમાં છે (તે બધું જ) જાણે છે, અને દરેક વસ્તુ પર અલ્લાહનો કાબૂ છે (૨૯) જે દિવસે દરેક જીવે જે કામ કર્યું (તેને) હાજર પામશે[૧૭૪]. અને જે બુરૂં કામ કર્યું (તેના વિષે) અભિલાષા સેવશે કે મારા અને આનામાં દૂરનું અંતર હોત તો સારૂં થાત[૧૭૫] અને અલ્લાહ તમને પોતાના અઝાબથી ડરાવે છે, અને અલ્લાહ બન્દાઓ પર મેહરબાન છે (૩૦) અય મહબૂબ! તમે ફરમાવી દો કે લોકો! જો તમે અલ્લાહને દોસ્ત રાખતા હોવ તો મારા ફરમાંબરદાર બની જાવ. અલ્લાહ તમને દોસ્ત રાખશે[૧૭૬] અને તમારા ગુનાહ માફ કરી દેશે, અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૩૧)**



بِغَيْرِ حِسَابٍ ﴿٢٧﴾ لَا يَتَّخِذِ الْمُؤْمِنُونَ الْكٰفِرِينَ أَوْلِيَاءَ
مِنْ دُونِ الْمُؤْمِنِينَ ۚ وَمَنْ يَفْعَلْ ذٰلِكَ فَلَيْسَ
مِنَ اللّٰهِ فِي شَيْءٍ إِلَّا أَنْ تَتَّقُوا مِنْهُمْ تُقٰىةً ۗ وَيُحَذِّرُكُمُ
اللّٰهُ نَفْسَهُ ۗ وَإِلَى اللّٰهِ الْمَصِيرُ ﴿٢٨﴾ قُلْ إِنْ تُخْفُوا مَا
فِي صُدُورِكُمْ أَوْ تُبْدُوهُ يَعْلَمْهُ اللّٰهُ ۗ وَيَعْلَمُ مَا فِي
السَّمٰوٰتِ وَمَا فِي الْأَرْضِ ۗ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٢٩﴾
يَوْمَ تَجِدُ كُلُّ نَفْسٍ مَا عَمِلَتْ مِنْ خَيْرٍ مُحْضَرًا ۚ
وَمَا عَمِلَتْ مِنْ سُوءٍ ۚ تَوَدُّ لَوْ أَنَّ بَيْنَهَا وَبَيْنَهُ أَمَدًا
بَعِيدًا ۗ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهُ ۗ وَاللّٰهُ رَءُوفٌ
بِالْعِبَادِ ﴿٣٠﴾ قُلْ إِنْ كُنْتُمْ تُحِبُّونَ اللّٰهَ فَاتَّبِعُونِي
يُحْبِبْكُمُ اللّٰهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ ۗ وَاللّٰهُ غَفُورٌ رَحِيمٌ ﴿٣١﴾

વખતે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ 'બયતુલ મિદરાસ' પધાર્યા, અને ત્યાં યહૂદીઓને ઈસ્લામનું આમંત્રણ આપ્યું, નઈમ ઈબ્ને ઉમર અને હારિસ ઈબ્ને ઝૈદે કહ્યું કે એ મુહમ્મદ! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) આપ ક્યા ધર્મ પર છો? આપે ફરમાવ્યું, 'મિલ્લતે ઈબ્રાહીમી' પર. તેઓએ કહ્યું, હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) તો યહૂદી હતા, હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું, તવરાત લાવો. હમણાં જ અમારી તમારી વચ્ચે ફેંસલો થઈ જશે, તેઓએ સ્વીકાર ન કર્યો, અને ઈન્કાર કર્યો, ત્યારે આ આયત શરીફ ઉતરી.

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂથી એક બીજી રિવાયત એ મુજબની છે કે ખૈબરના યહૂદીઓમાંથી એક પુરૂષે એક સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો હતો, અને તવરાતમાં એ માણસની સજા એ નક્કી કરવામાં આવી છે કે તેને પથરા મારીને મારી નાખવામાં આવે, પણ પેલા બે યહૂદીઓ ઊંચા કૂળના હોવાથી તેમને મારી નાખવાનું તેઓએ પસંદ કર્યું નહિ, અને આ કેસને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં એવી આશાએ રજુ કર્યો કે કદાચ આપ પથરા મારીને મારવાનો હુકમ નહીં કરે, પણ હુઝૂરે બન્નેને પથરા મારીને મારી નાખવાનો હુકમ કર્યો, ત્યારે યહૂદીઓ ક્રોધે ભરાઈને કહેવા લાગ્યા કે આ ગુનાહની આ સજા છે જ નહીં, તમે જુલ્મ કર્યો છે; ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે તવરાતના ફરમાન મુજબ નિવેડો લાવીએ ત્યારે તેમણે કહ્યું, આ વાત ન્યાયની છે; તવરાત મંગાવવામાં આવી અને યહૂદીઓના મોટા આલિમ અબ્દુલ્લાહ બિન સૂરીયાએ પઢવાનું શુરૂ કર્યું, જ્યારે વ્યભિચારીઓને પથરા મારીને મારી નાખવાની આયત આવી, ત્યારે પેલાએ તેના પર હાથ મૂકી દીધો, અને તેને છોડી દઈને

قُلْ أَطِيعُوا اللَّهَ وَالرَّسُولَ ۖ فَإِنْ تَوَلَّوْا فَإِنَّ اللَّهَ
لَا يُحِبُّ الْكَافِرِينَ ﴿٣٢﴾ إِنَّ اللَّهَ اصْطَفَىٰ آدَمَ وَنُوحًا
وَآلَ إِبْرَاهِيمَ وَآلَ عِمْرَانَ عَلَى الْعَالَمِينَ ﴿٣٣﴾ ذُرِّيَّةً بَعْضُهَا
مِنْ بَعْضٍ ۗ وَاللَّهُ سَمِيعٌ عَلِيمٌ ﴿٣٤﴾ إِذْ قَالَتِ امْرَأَتُ عِمْرَانَ
رَبِّ إِنِّي نَذَرْتُ لَكَ مَا فِي بَطْنِي مُحَرَّرًا فَتَقَبَّلْ مِنِّي ۖ
إِنَّكَ أَنْتَ السَّمِيعُ الْعَلِيمُ ﴿٣٥﴾ فَلَمَّا وَضَعَتْهَا قَالَتْ
رَبِّ إِنِّي وَضَعْتُهَا أُنْثَىٰ وَاللَّهُ أَعْلَمُ بِمَا وَضَعَتْ
وَلَيْسَ الذَّكَرُ كَالْأُنْثَىٰ ۖ وَإِنِّي سَمَّيْتُهَا مَرْيَمَ وَإِنِّي
أُعِيذُهَا بِكَ وَذُرِّيَّتَهَا مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ ﴿٣٦﴾
فَتَقَبَّلَهَا رَبُّهَا بِقَبُولٍ حَسَنٍ وَأَنْبَتَهَا نَبَاتًا حَسَنًا
وَكَفَّلَهَا زَكَرِيَّا ۖ كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ

**તમે ફરમાવી દો કે અલ્લાહ અને રસૂલનો હુકમ માનો[૧૭૭] પછી જો તેઓ મોઢું ફેરવે તો અલ્લાહને કાફિર પસંદ પડતા નથી (૩૨) બેશક ! અલ્લાહે ચૂંટી લીધા આદમ અને નૂહ અને ઈબ્રાહીમ અને ઈમ્રાનને આખી દુનિયામાં (થી)[૧૭૮] (૩૩) આ એક વંશ છે એકબીજાથી [૧૭૯] અને અલ્લાહ સાંભળનાર જાણનાર છે (૩૪) જ્યારે ઈમ્રાનની પત્નીએ વિનંતી કરી[૧૮૦] અય મારા પાલનહાર ! મેં તારા માટે મન્નત માની (તેની) જે મારા પેટમાં છે કે માત્ર તારી જ સેવામાં રહે[૧૮૧] તો તું મારા (તરફ) થી સ્વીકારી લે બેશક ! તુ જ સાંભળનાર જાણનાર છે (૩૫) પછી જ્યારે તે (ગર્ભ) ને જણ્યો, બોલી અય મારા પરવરદિગાર ! આ તો મેં પુત્રીનો જન્મ આપ્યો,[૧૮૨] અને અલ્લાહને સારી રીતે જાણ છે (તેની) જેનો તેણે જન્મ આપ્યો, અને તે દીકરો જે તેણીએ માંગ્યો (તે) આ દીકરી જેવો નથી[૧૮૩] અને મેં એ (દીકરી) નું નામ મરયમ રાખ્યું[૧૮૪] અને હું એ (દીકરી) ને અને એ (દીકરી) ની ઔલાદને તારા શરણે આપું. કાઢી મૂકાએલા શયતાન (ની શરારતો) થી (૩૬) તો તે (દીકરી) ને એના પરવદીગારે સારી રીતે સ્વીકારી[૧૮૫] અને એનો ઉત્તમ પ્રકારનો ઉછેર કર્યો,[૧૮૬] અને તેણીને ઝકરિય્યાની દેખરેખમાં આપી. જ્યારે**

આગળ વધી ગયો, ત્યારે હઝરત અબ્દુલ્લાહ બિન સલામે એનો હાથ હટાવીને તે આયત પઢી બતાવી, યહૂદીઓ ઘણા સટપટાયા, પછી પેલા વ્યભિચારીઓને હુઝૂરના હુકમ અનુસાર પથરાવ કરીને મારી નાખ-વામાં આવ્યા, તે સમયે આ આયત ઉતરી હતી;

૧૬૫. ખુદાઈ કિતાબના અનાદરની;

૧૬૬. એટલે કે ચાલીસ દિવસ અથવા એક સપ્તાહ, પછી કશી ચિંતા નથી,

૧૬૭. તેઓનું કહેવું હતું કે અમે અલ્લાહના દીકરા અને તેના પ્રિય છીએ, તે અમને શિક્ષા નહીં કરે અને જો કરશે તો ટૂંક મુદ્દત માટે જ હશે.

૧૬૮. તે દિવસ કયામતનો દિવસ છે;

૧૬૯. **શાને નુઝૂલ** :- મક્કાના વિજય સમયે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે પોતાની ઉમ્મતને ઈરાન અને રોમના રાજ્યનું વચન આપ્યું, તો યહૂદી અને નસરાનીઓએ એને અશક્ય ગણ્યું અને કહેવા લાગ્યા કે ક્યાં મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) અને ક્યાં ઈરાન તથા રોમનાં રાજ્યો; તે તો ઘણા શક્તિશાળી અને મહાન રક્ષણ હેઠણ છે, ત્યારે આ આયત ઉતરી, અને આખરકાર હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું વચન પુરૂ થયું;

૧૭૦. એટલે કે કદીક રાત્રીને લાંબી કરીને દિવસને ટૂંકો કરે તેમજ દિવસને લંબાવીને રાત્રીને ટૂંકાવી નાખે, આ તારી કુદરત છે, તો પછી ઈરાન અને રોમવાળાઓ પાસેથી રાજપાટ ખૂંચવી લઈને મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ગુલામોને આપી દેવું એ તેની કુદરતમાં શું વિસાત ધરાવે છે;

૧૭૧. મરેલામાંથી જીવતાને કાઢવાનાં અમુક ઉદાહરણો આ છે કે જીવતા માનવીને નિર્જીવ ટીપામાંથી તેમજ જીવતા પક્ષીના જીવતા બચ્ચાને જીવ વગરના ઈંડામાંથી અને જીવંત હૃદયવાળા મોમિનને મુર્દા દિલ કાફિરમાંથી કાઢે છે, અને જીવતામાંથી મરેલાને બનાવવાનાં અમુક દાખલા આ છે કે જીવતા મનુષ્યમાંથી નિર્જીવ વિર્યનું ટીપું તેમજ જીવતા પક્ષીમાંથી જીવ વગરનું ઈંડુ અને જીવંત હૃદયવાળા મોમિનમાંથી મૃત હૃદયવાળા કાફિરને બનાવે છે;

૧૭૨. **શાને નુઝૂલ** :- હઝરત ઉબાદા ઈબ્ને સામિતે જંગે અહઝાબના દિવસે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને વિનંતી કરી કે ૫૦૦ યહૂદીઓ મારી સાથે પરસ્પર સહાય કરવાના કરારથી બંધાએલા છે, મારી ઈચ્છા છે કે દુશ્મન સામે મદદ મેળવવા હું તેમને લડાઈ માટે બોલાવું, ત્યારે આ આયતે કરીમા ઉતરી અને કાફિરોને મિત્ર કે મદદગાર બનાવવાની મનાઈ કરવામાં આવી;

૧૭૩. કાફિરો સાથે મિત્રતા અને મહોબ્બત રાખવી હરામ છે. તેઓને ભેદી વાત કહેવી તેઓની સાથે સંબંધો રાખવા જાઈઝ નથી, હા! જો જાન-માલના નુકશાનનો ડર હોય તો એવા સમયે ફકત ઉપલકીઓ સંબંધ રાખવો જાઈઝ છે;

૧૭૪. એટલે કે કયામતની દિવસે દરેકને પોતાના આમાલનો બદલો મળશે, અને એમાં કઈક ઉણપ તેમજ ઢીલ કરવામાં નહીં આવે;

૧૭૫. એટલે કે જો મેં આ બુરૂં કામ ન કર્યું હોત તો સારૂ થાત;

૧૭૬. આ આયતથી સાબિત થયું કે અલ્લાહ સાથે મહોબ્બત કરવાનો દાવો ત્યારે જ સાચો ઠરી શકે છે જ્યારે કે દાવો કરનાર હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનો તાબેદાર હોય, અને હુઝૂરની ફરમાંબરદારી કરતોં હોય,

**શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ કુરેશીઓ પાસે આવ્યા જેઓ કાબા શરીફમાં તેઓએ મૂકેલી મૂર્તિઓને શણગારીને તેમના સામે સિજદા કરી રહ્યા હતા, હુઝૂરે ફરમાવ્યું, એ કુરેશીઓ! ખુદાની કસમ તમે પોતાના પૂર્વજો હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામના ધર્મથી ફરી ગયા, પેલાઓએ જવાબ આપ્યો કે અમે તો આ મૂર્તિઓને ખુદાની મહોબ્બત ખાતર પૂજીએ છીએ કે જેથી તેઓ અમને ખુદાની નિકટ કરી આપે, ત્યારે આ આયત ઉતરી, અને ફરમાવવામાં આવ્યું કે અલ્લાહની મહોબ્બતનો દાવો સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની તાબેદારી અને ફરમાંબરદારી વગર સ્વીકાર્ય નથી, જે આ દાવો પુરવાર કરવા ઈચ્છતો હોય તે હુઝૂરની ગુલામી કરે અને હુઝૂરે તો મૂર્તિપૂજાની મનાઈ કરી છે, તો મૂર્તિપૂજા કરનાર હુઝૂરનો નાફરમાન અને અલ્લાહ સાથે મહોબ્બત હોવાનાં દાવામાં જૂઠો છે.

૧૭૭. અને એ જ અલ્લાહ સાથે મોહબ્બત ધરાવવાની નિશાની છે! અલ્લાહ તઆલાની તાબેદારી રસૂલની તાબેદારી વગર થઈ શકતી નથી. બુખારી અને મુસ્લિમમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમનું ફરમાન છે કે જેણે મારી નાફરમાની કરી તેણે અલ્લાહની નાફરમાની કરી;

૧૭૮. યહૂદીઓએ કહ્યું હતું કે અમે હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્હાક અને હઝરત યાકૂબ (અલયહિમુસ્સલામ) ના વંશમાં છીએ અને તેઓના ધર્મ પર જ છીએ, ત્યારે આ આયત ઉતરી અને બતાવી દેવામાં આવ્યું કે આ સાહબોને તો અલ્લાહ પાકે ઈસ્લામની દોલત આપીને ચૂંટી લીધા હતા; અને તમે અય યહૂદીઓ! ઈસ્લામથી વિમુખ છો, તો તમારો એ દાવો ખોટો છે;

૧૭૯. એમનામાં અંદરો અંદર લોહીની સગાઈ પણ છે, અને એ લોકો એક બીજાના સહાયકો પણ છે.

૧૮૦. ઈમ્રાન નામનાં બે માણસો થઈ ગયા, એક ઈમ્રાન બિન યસહબ બિન ફાહિસ બિન લાવા બિન હઝરત યાકૂબ અલયહિસ્સલામ. આ તો હઝરત મૂસા અને હારૂન અલયહિમુસ્સલામના વાલિદ થાય છે. અને બીજા ઈમ્રાન માસાન, આ હઝરત ઈસા અલયહિસ્સલામના અમ્માનાં વાલિદ થાય છે. બન્ને ઈમ્રાનોની વચમાં ૧૮૦૦ વર્ષોનું અંતર છે. અહી બીજા ઈમ્રાન એટલે ઈમ્રાન બિન માસાનની પત્નીનું બયાન છે. તેણીનું નામ હન્ના બિન્તે ફાકુઝા હતું. આ હઝરત મરયમના અમ્મા થાય છે.

૧૮૧. અને તારી ઈબાદત સિવાય દુનિયાનું બીજુ કોઈ પણ કામ તેને નહીં હોય, બયતુલ મુકદ્દસની સેવા તેના શિરે હોય. ઉલમાએ આનો બયાન આ મુજબ કર્યો છે કે હઝરત ઝકરીયા અને ઈમ્રાન બન્ને સાઢુ ભાઈઓ હતા. એટલે કે બન્નેની પત્નીઓ સગી બહેનો થતી હતી, ફાકૂઝાની એક પુત્રી જેનું નામ ઈશાઅ હતું તે હઝરત ઝકરિયાના નિકાહમાં હતાં અને હઝરત યહયા અલયહિસ્સલામ આપના પેટે જ અવતર્યા હતા, અને ફાકૂઝની બીજી દીકરી જેનુ નામ હન્ના હતું, તે ઈમ્રાન સાથે પરણેલાં હતાં, અહીં એ હન્નાનુંજ બયાન છે.

એક લાંબો સમય થવા છતાં હન્નાને સંતાન પ્રાપ્ત ન થયું, એટલે સુધી કે વૃદ્ધાવસ્થા આવી અને નિરાશા છવાઈ ગઈ. આ કુટુંબ નેક લોકોનું હતું. અને એ બધા લોકો આલ્લાહના મકબૂલ બંદાઓ હતાં, એક દિવસે હન્નાએ એક ઝાડ પર એક ચકલીને જોઈ, જે પોતાના બચ્ચાને દાણો આપી રહી હતી. આ જોઈને એમના દિલમાં સંતાનનો શોખ જનમ્યો, અને અલ્લાહના દરબારમાં દુઆ કરી કે અય મારા પરવરદિગાર! જો તું મને સંતાન આપશે તો હું એને બયતુલ મુકદ્દસનો સેવક બનાવીશ, અને એ સેવા માટે એને હાજર કરી દઈશ જ્યારે તેઓ ગર્ભવતી થયાં અને પેલી મન્નત માની લીધી ત્યારે એમના પતિએ કહ્યું તે આ શું કર્યું? જો દીકરી જન્મશે તો શું થશે? તે દિવસમાં બયતુલ મુકદ્દસની સેવામાં ફકત છોકરાઓને જ મૂકવામાં આવતા હતા. અને છોકરીઓને સ્ત્રી જાતની કેટલીક નાપાકીઓ તેમજ સ્ત્રીની જન્મજાત કમજોરી અને પુરૂષોની સાથે રહી શકતી ન હોવાથી એ સેવાને પાત્ર ગણવામાં ન આવતી હતી તેથી તેઓને ઘણી ચિંતા થવા લાગી, અને હન્નાને બાળક જન્મે ત્યાર પહેલાં જ ઈમ્રાન મૃત્યુ પામ્યા.

૧૮૨. હન્નાએ આ શબ્દો પોતાની લાચારી દર્શાવવા માટે કહ્યા હતા, તેઓને પસ્તાવો અને દુઃખ થયું કે પુત્રીનો જન્મ થવાથી મન્નત કેમ કરી પુરી થશે?

૧૮૩. કારણ કે આ પુત્રી અલ્લાહની ખાસ મેહરબાની રૂપે છે. અને તેના ફઝલતથી પુત્ર કરતાં વધારે ફઝીલત ધરાવે છે. આ પુત્રી તે હઝરત મરયમ હતાં. જેઓ પોતાના સમયની તમામ સ્ત્રીઓમાં સહુથી ખૂબસૂરત અને અફઝલ હતાં;

૧૮૪. મરયમનો અર્થ છે ઈબાદત કરનાર ઔરત,

૧૮૫. અને મન્નતમાં દીકરાની જગ્યાએ હઝરત મરયમનો સ્વીકાર કર્યો, જન્મ પછી હન્નાએ હઝરત મરયમને એક કપડામાં વિંટાળીને બયતુલ મુકદ્દસમાં ત્યાંના ધર્મગુરૂઓ સામે મૂકી દીધાં, આ ધર્મગુરૂઓ હઝરત હારૂન અલયહિસ્સલામના વંશજો હતા, અને બયતુલ મુકદ્દસમાં એમનો મોભો એવો હતો જેવો કે કાબા શરીફમાં તેના ખાદીમોનો હોય છે, હઝરત મરયમ એમના એક આગેવાન તથા સંબંધીની દીકરી હતાં. અને તેઓનું ખાનદાન બની ઈસ્રાઈલમાં ઘણું ઊંચું અને ઈલ્મ ધરાવતું તે બધાં જ જેમની સંખ્યા ૨૭ની

تلك الرسل ٣ — ال عمران ٣

وَجَدَ عِنْدَهَا رِزْقًا ۚ قَالَ يٰمَرْيَمُ اَنّٰى لَكِ هٰذَا ۖ قَالَتْ
هُوَ مِنْ عِنْدِ اللّٰهِ ۖ اِنَّ اللّٰهَ يَرْزُقُ مَنْ يَّشَآءُ
بِغَيْرِ حِسَابٍ ﴿٣٧﴾ هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ ۚ قَالَ رَبِّ
هَبْ لِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً ۚ اِنَّكَ سَمِيْعُ
الدُّعَآءِ ﴿٣٨﴾ فَنَادَتْهُ الْمَلٰٓئِكَةُ وَهُوَ قَآئِمٌ يُّصَلِّيْ فِي
الْمِحْرَابِ ۙ اَنَّ اللّٰهَ يُبَشِّرُكَ بِيَحْيٰى مُصَدِّقًا ۢ بِكَلِمَةٍ
مِّنَ اللّٰهِ وَسَيِّدًا وَّحَصُوْرًا وَّنَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ ﴿٣٩﴾
قَالَ رَبِّ اَنّٰى يَكُوْنُ لِيْ غُلٰمٌ وَّقَدْ بَلَغَنِيَ الْكِبَرُ وَامْرَاَتِيْ
عَاقِرٌ ۚ قَالَ كَذٰلِكَ اللّٰهُ يَفْعَلُ مَا يَشَآءُ ﴿٤٠﴾ قَالَ رَبِّ
اجْعَلْ لِّيْٓ اٰيَةً ۚ قَالَ اٰيَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ ثَلٰثَةَ اَيَّامٍ
اِلَّا رَمْزًا ۚ وَاذْكُرْ رَّبَّكَ كَثِيْرًا وَّسَبِّحْ بِالْعَشِيِّ وَالْاِبْكَارِ ﴿٤١﴾

**ઝકરિય્યા તેણી પાસે તેણીની નમાઝ પઢવાની જગ્યાએ જતા (ત્યારે) તેણી પાસે નવી ખોરાકી જોતાં[૧૮૭] પૂછયું અય મરયમ આ તારી પાસે ક્યાંથી આવ્યું? બોલ્યાં તે અલ્લાહ પાસેથી (આવ્યું) છે; નિશંક જેને અલ્લાહ ઈચ્છે (તેને) ગણાત્રી વગરનું આપે[૧૮૮] અહીં[૧૮૯] ઝકરિય્યા પોતાના પરવરદિગારને પોકારી ઉઠયા, બોલ્યા અય મારા પાલનહાર! મને પોતાના પાસેથી સ્વચ્છ સંતાન આપ, બેશક તુ જ દુઆ સાંભળનાર છે (૩૮) તો ફરિશ્તાઓએ તેને સાદ આપ્યો અને તે પોતાની નમાઝની જગ્યાએ ઉભો રહીને નમાઝ પઢી રહયો હતો[૧૯૦] (કે) બેશક! અલ્લાહ આપને યહયા (ના જન્મ) ની ખુશખબર આપે છે, જે અલ્લાહ તરફના એક કલેમાની[૧૯૧] સત્યતા જાહેર કરશે અને સરદાર[૧૯૨] અને સદા માટે સ્ત્રીઓથી વેગળો રહેનાર અને નબી. અમારા ખાસ બન્દાઓમાંથી,[૧૯૩] (૩૯) કહ્યું અય મારા પરવપદિગાર! મારે દિકરો ક્યાંથી થશે. મને તો વૃદ્ધાવસ્થા આવી લાગી[૧૯૪] અને મારી સ્ત્રી વાંઝ (છે)[૧૯૫] ફરમાવ્યું અલ્લાહ આમ જ કરે છે જે ઈચ્છે તે (૪૦) વિનંતી કરી અય મારા પાલનહાર! મારા માટે કંઈક નિશાની કરી આપ;[૧૯૭] ફરમાવ્યું કે તારી નિશાની એ છે કે ત્રણ દિવસ સુધી તુ લોકો સાથે ઈશારા સિવાય (બીજી રીતે) વાત કરી શકીશ નહીં, અને પોતાના પાલનહારની ખૂબ યાદ કર[૧૯૮] અને થોડોક દિવસ બાકી હોય ત્યારે અને વહેલી સવારે તેની પવિત્રતા બોલ (૪૧)**

હતી. હઝરત મરયમનો ઉછેર પોતાના શિરે લેવા તૈયાર થયા, હઝરત ઝકરીઆએ કહ્યું કે એ છોકરીના પાલનપોષણનો હકદાર હું છું, કારણ કે મારા ઘરમાં એ છોકરીની માસી છે, છતાં સમાધાન એ વાત પર થયું કે ચિઠ્ઠીઓ નાખવામાં આવે, જ્યારે એવું કરવામાં આવ્યું ત્યારે હઝરત ઝકરીયાના નામની જ ચિઠ્ઠી નીકળી,

૧૮૬. હઝરત મરયમ એક દિવસમાં એટલું વધતાં હતાં જેટલું કે બીજુ બાળક એક વર્ષમાં વધે છે;

૧૮૭. સીઝન વગરનાં ફળો ત્યાં પડેલાં જોતાં, હઝરત મરયમે કોઈ સ્ત્રીનું દૂધ પીધું ન હતું,

૧૮૮. હઝરત મરયમે બાલ્યાવસ્થામાં વાતચીત કરી જ્યારે કે તેણી હજુ પારણામાં ઉછરી રહ્યાં હતાં, અને એમના ફરઝંદ હઝરત ઈસા અલયહિસ્સલામે પણ એ અવસ્થામાં જ વાત કરી હતી,

**મસઅલો** :- આ આયત અવલિયા અલ્લાહની કરામતોની દલીલ છે, અલ્લાહ તઆલા તેમની મારફત બુદ્ધિમાં ન આવે એવાં કાર્યો કરાવે છે.

હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામે જ્યારે આ જોયું ત્યારે કહેવા લાગ્યા કે જે પાક ઝાત કસમયે વગર સીઝનનાં ફળો કોઈની પણ મારફત વગર મરયમને આપે છે. તે બેશક! એ બાબતમાં પણ કુદરત ધરાવે છે કે મારી વાંઝ પત્નીને નવી તંદુરસ્તી આપે અને મને આ વૃદ્ધાવસ્થામાં નિરાશા છવાઈ ગયા પછી પણ ઔલાદ આપે. એવું વિચારીને આપે દુઆ કરી જેનું વર્ણન આગળની આયતમાં આવે છે,

૧૮૯. એટલે કે બયતુલ મુકદ્દસના મેહરાબમાં દરવાજા બંધ કરીને દુઆ માંગી,

૧૯૦. હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામ મહાન આલિમ હતા, અલ્લાહ તઆલાના દરબારમાં કુરબાનીઓ આપવાનું કામ આપ બજાવતા હતા, અને મસ્જિદ શરીફમાં આપની રજા વગર કોઈ પ્રવેશી

وَإِذْ قَالَتِ الْمَلَٰٓئِكَةُ يَٰمَرْيَمُ إِنَّ اللَّهَ اصْطَفَىٰكِ
وَطَهَّرَكِ وَاصْطَفَىٰكِ عَلَىٰ نِسَآءِ الْعَٰلَمِينَ ﴿٤٢﴾ يَٰمَرْيَمُ
اقْنُتِي لِرَبِّكِ وَاسْجُدِي وَارْكَعِي مَعَ الرَّٰكِعِينَ ﴿٤٣﴾
ذَٰلِكَ مِنْ أَنۢبَآءِ الْغَيْبِ نُوحِيهِ إِلَيْكَ ۚ وَمَا كُنتَ
لَدَيْهِمْ إِذْ يُلْقُونَ أَقْلَٰمَهُمْ أَيُّهُمْ يَكْفُلُ مَرْيَمَ وَمَا
كُنتَ لَدَيْهِمْ إِذْ يَخْتَصِمُونَ ﴿٤٤﴾ إِذْ قَالَتِ الْمَلَٰٓئِكَةُ
يَٰمَرْيَمُ إِنَّ اللَّهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ مِّنْهُ اسْمُهُ الْمَسِيحُ
عِيسَى ابْنُ مَرْيَمَ وَجِيهًا فِي الدُّنْيَا وَالْآخِرَةِ وَمِنَ
الْمُقَرَّبِينَ ﴿٤٥﴾ وَيُكَلِّمُ النَّاسَ فِي الْمَهْدِ وَكَهْلًا
وَمِنَ الصَّٰلِحِينَ ﴿٤٦﴾ قَالَتْ رَبِّ أَنَّىٰ يَكُونُ لِي وَلَدٌ
وَلَمْ يَمْسَسْنِي بَشَرٌ ۖ قَالَ كَذَٰلِكِ اللَّهُ يَخْلُقُ مَا يَشَآءُ

**અને જ્યારે ફરિશ્તાઓએ કહ્યું અય મરયમ ! બેશક અલ્લાહે તને ચૂંટી લીધી[૧૯૯] અને ખૂબ સ્વચ્છ કરી[૨૦૦] અને આજે આખા જગતની સ્ત્રીઓમાંથી તને પસંદ કરી[૨૦૧] (૪૨) અય મરયમ ! પોતાના પરવરદિગારની સમક્ષ અદબપૂર્વક ઉભી રહે[૨૦૨] અને તેના માટે સિજદો કર. અને રૂકૂઅ વાળાઓ સાથે રૂકૂઅ કર (૪૩) આ ગૈબની ખબરો છે જે અમે છુપી રીતે તમને બતાવીએ છીએ[૨૦૩] અને તમે તેઓની પાસે ન હતા જ્યારે તેઓ પોતાની કલમો વડે નામ કાઢતા હતા કે મરયમ કોના ઉછેરમાં રહે. અને તમે તેઓની પાસે ન હતા જ્યારે તેઓ ઝગડી રહ્યા હતા[૨૦૪] (૪૪) અને યાદ કરો જ્યારે ફરિશ્તાઓએ મરયમને કહ્યું અય મરયમ અલ્લાહ તને ખુશખબરી આપે છે પોતાના પાસેથી એક કલેમાની[૨૦૫] જેનું નામ છે મસીહ ઈસા મરયમનો પુત્ર. શિષ્ટાચારી દુનિયા અને આખિરતમાં અને નઝદીકવાળો[૨૦૬] (૪૫) અને લોકો સાથે વાત કરશે પારણામાં[૨૦૭] અને પાકી ઉંમરમાં[૨૦૮] અને ખાસ લોકોમાં હશે (૪૬) તેણીએ કહ્યું, અય મારા પરવરદિગાર ! મને બાળક કેવી રીતે થશે ? મને તો કોઈ પુરૂષે હાથ લગાવ્યો નથી[૨૦૯] ફરમાવ્યું, અલ્લાહ એમ જ પેદા કરે છે જે ઈચ્છે,**

શકતું ન હતું, જ્યારે આપ મહેરાબમાં નમાઝમાં મગ્ન હતા, બહાર માણસો પ્રવેશ કરવાની રાહ જોઈ રહ્યા હતા, કારણ કે દરવાજા બંધ હતા, ત્યાં અચાનક આપને એક સફેદ કપડાં પહેરેલો જુવાન દેખાયો, તે હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ હતા, જેઓએ આપને ફરઝંદની ખુશખબરી આપી, જે 'ઈનલ્લાહ યુબશ્શિરૂક' માં બયાન કરવામાં આવી છે;

૧૯૧. કલેમાનો મતલબ હઝરત ઈસા બિન મરયમ અલયહિસ્સલામ છે, જેઓને અલ્લાહ પાકે 'કુન' ફરમાવીને વગર બાપે પેદા કર્યા, તેઓ પર સહુથી પ્રથમ ઈમાન લાવનાર અને આપની સત્યતા જાહેર કરનાર હઝરત યહયા અલયહિસ્સલામ છે; જેઓ ઉંમરમાં હઝરત ઈસા અલયહિસ્સલામ કરતાં છ મહીના મોટા છે, આ બન્ને સાહેબો મસીયાઈ ભાઈઓ થાય છે. હઝરત યહયાના વાલિદા જ્યારે હઝરત મરયમને મળ્યાં ત્યારે કહ્યું કે હું ગર્ભવતી છું, હઝરત મરયમે કહ્યું, હું પણ હામિલા છું, ત્યારે હઝરત યહયાના વાલિદાએ કહ્યું, અય મરયમ! મને એમ લાગે છે કે મારા પેટમાંનું બાળક તારા પેટમાંના બાળકને સિજદો કરી રહયું છે.

૧૯૨. સૈય્યિદ એટલે કે સરદાર એવા આગેવાનને કહે છે કે લોકો જેની સેવા અને તાબેદારી કરતાં હોય. હઝરત યહયા અલયહિસ્સલામ મોમિનોના સરદાર તેમજ જ્ઞાન અને ધીરજમાં તેઓના આગેવાન હતા.

૧૯૩. હઝરત ઝકરિય્યા અહયહિસ્સલામને આશ્ચર્યમુગ્ધ થઈને આવું કહ્યું હતું.

૧૯૪. અને ઉંમર ૧૨૦ વર્ષની થઈ ચૂકી હતી.

૧૯૫. અને એની ઉમર ૯૮ વર્ષની છે : પ્રશ્નનો હેતુ એ જાણવાનો છે કે મને પુત્ર કેવી રીતે મળશે ? શું મારી જવાની પરત કરવામાં આવશે અને મારી પત્નીનું વાંઝીયાપણું દૂર કરી દેવામાં આવશે ? યા અમે બન્ને આવી પરિસ્થિતિ પર જ હોઈશું.

૧૯૬. ઘડપણમાં પુત્ર આપવો તેની કુદરતમાં કંઈ મુશ્કેલ નથી.

૧૯૭. જેથી મને ખબર પડે કે મારી પત્નીને હમલ રહ્યો છે અને તેથી હું વધારેને વધારે શુક્ર અને ઈબાદત કરી શકું.

૧૯૮. અને એવું જ થયું કે માણસો સાથે વાતચીત કરવાથી ઝુબાન મુબારક ત્રણ દિવસ સુધી બંધ રહી, અને એ જ ઝુબાન વડે તસ્બીહ અને ખુદાનું ઝિક્ર સારી રીતે બોલી શકાતું, આ પણ એક મહાન મોઅજિઝો હતો કે બધા જ અવયવો સહીસલામત હતાં. ઝુબાન વડે હમ્દ-તસ્બીહ બોલી શકાતી હતી. પણ ફકત વાતચીત ન થઈ શકતી હતી, અને એવી નિશાની એટલા માટે નક્કી કરવામાં આવી કે આવી મહાન નેઅમતના આભાર રૂપે હમ્દ અને તસ્બીહ સિવાય બીજું કશું જ ઝબાનથી નીકળે જ નહિ.

૧૯૯. કે સ્ત્રી જાત હોવા છતાં બયતુલ મુકદ્દસની સેવા માટે સ્વીકાર્યાં અને આ વાત એમના સિવાય બીજી કોઈ સ્ત્રીને મળી શકી નથી, એવી જ રીતે હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામને તેણીના આશ્રયદાતા બનાવવા અને તેણી માટે જન્નતનાં ફળો મોકલવાં વિગેરે બાબતો હઝરત મરયમની શ્રેષ્ઠતા દર્શાવે છે.

૨૦૦. પુરૂષના ભોગથી અને ગુનાહોથી અને અમુકના મુજબ સ્ત્રી જાતની ખાસ નાપાકીઓથી.

૨૦૧. કે પિતા વગર પુત્ર આપ્યો અને ફરિશ્તાઓની વાતચીત સંભળાવી.

૨૦૨. જ્યારે ફરિશ્તાઓએ આ કહ્યું ત્યારે હઝરત મરયમે એટલું લાંબુ કિયામ (નમાઝમાં ઉભું રહેવું) કર્યું કે મુબારક પગો પર વરમ આવી ગયો, અને પગ ફાટીને લોહી વહેવા લાગ્યું.

૨૦૩. આ આયતથી જાણ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહિ અલયહુ વસલ્લમને ગૈબનું ઈલ્મ આપ્યું છે.

૨૦૪. છતાં એ બનાવની ખબર આપવી એ વાતનો પુરાવો છે કે આપને ગૈબી ઈલ્મો આપવામાં આવ્યા છે.

૨૦૫. એટલે કે એક ફરઝંદની

૨૦૬. માન મર્તબાવાળો.

૨૦૭. વાત કરવાની ઉમર કરતાં પહેલાં.

૨૦૮. એટલે કે આસ્માનથી ઉતર્યા પછી. આ આયતથી સાબિત થાય છે કે હઝરત ઈસા અલયહિસ્સલામ આસ્માનથી જમીન પર ઉતરશે, અને દજ્જાલને કત્લ કરશે, જેવું કે હદીષોથી સાબિત છે.

૨૦૯. નિયમ એવો છે કે બાળક, પુરૂષ અને સ્ત્રીના સમાગમથી જન્મે છે. તો મને બાળક કેવી રીતે પેદા થશે ? નિકાહથી કે પછી પુરૂષ વગર જ;

૨૧૦. જે મારો નુબુવ્વતનો દાવો સત્ય હોવાની દલીલ છે.

૨૧૧. જ્યારે હઝરત ઈસા અલયહિસ્સલામે નુબુવ્વતનો દાવો કર્યો અને મુઅજિઝા બતાવ્યા, ત્યારે લોકોએ દરખાસ્ત કરી આપ એક ચામાચીડીયું બનાવો. આપે માટીમાંથી ચામાચીડીયાની આકૃતિ બનાવી. પછી તેમાં ફૂંક મારી તો તે ઉડવા લાગ્યું. ચામાચીડીયાની વિશિષ્ટતા એ છે કે તે ઉડનાર જાનવરોમાં નિપુણ અને આશ્ચર્યજનક છે. અને અલ્લાહની કુદરત પર દલાલત કરવામાં બીજાં જાનવરો કરતાં વધું સ્પષ્ટ છે.

إِذَا قَضَىٰٓ أَمْرًا فَإِنَّمَا يَقُولُ لَهُۥ كُن فَيَكُونُ ﴿٤٧﴾
وَيُعَلِّمُهُ ٱلْكِتَٰبَ وَٱلْحِكْمَةَ وَٱلتَّوْرَىٰةَ وَٱلْإِنجِيلَ ﴿٤٨﴾
وَرَسُولًا إِلَىٰ بَنِىٓ إِسْرَٰٓءِيلَ أَنِّى قَدْ جِئْتُكُم بِـَٔايَةٍ
مِّن رَّبِّكُمْ أَنِّىٓ أَخْلُقُ لَكُم مِّنَ ٱلطِّينِ كَهَيْـَٔةِ
ٱلطَّيْرِ فَأَنفُخُ فِيهِ فَيَكُونُ طَيْرًۢا بِإِذْنِ ٱللَّهِ ۖ وَأُبْرِئُ
ٱلْأَكْمَهَ وَٱلْأَبْرَصَ وَأُحْىِ ٱلْمَوْتَىٰ بِإِذْنِ ٱللَّهِ ۖ وَأُنَبِّئُكُم
بِمَا تَأْكُلُونَ وَمَا تَدَّخِرُونَ فِى بُيُوتِكُمْ ۚ إِنَّ فِى ذَٰلِكَ
لَءَايَةً لَّكُمْ إِن كُنتُم مُّؤْمِنِينَ ﴿٤٩﴾ وَمُصَدِّقًا لِّمَا بَيْنَ
يَدَىَّ مِنَ ٱلتَّوْرَىٰةِ وَلِأُحِلَّ لَكُم بَعْضَ ٱلَّذِى حُرِّمَ
عَلَيْكُمْ ۚ وَجِئْتُكُم بِـَٔايَةٍ مِّن رَّبِّكُمْ فَٱتَّقُوا۟ ٱللَّهَ وَأَطِيعُونِ ﴿٥٠﴾
إِنَّ ٱللَّهَ رَبِّى وَرَبُّكُمْ فَٱعْبُدُوهُ ۚ هَٰذَا صِرَٰطٌ مُّسْتَقِيمٌ ﴿٥١﴾

**કોઈ વાતનો હુકમ કરે તો તેને એટલું જ કહે છે કે થઈ જા, તે તરત જ થઈ જાય છે (૪૭) અને (તેને) અલ્લાહ શિખવાડશે કિતાબ અને હિકમત અને તવરાત અને ઈન્જીલ (૪૮) અને (તે) રસૂલ હશે બની ઈસરાઈલ તરફ. એવું કહેતા કે હું તમારી પાસે એક નિશાની લાવ્યો છું[૨૧૦] તમારા પરવરદિગાર તરફથી; કે હું તમારા માટે માટીમાંથી પક્ષીની આકૃતિ બનાવું છું પછી તેમાં ફૂંક મારૂં છું તો તે તરત જ પક્ષી બની જાય છે અલ્લાહના હુકમથી[૨૧૧] અને હું સારૂં કરી આપું છું જન્મજાત અંધ અને સફેદ ડાઘવાળાને[૨૧૨] અને હું મરેલાઓને જીવતા કરૂં છું અલ્લાહના હુકમથી[૨૧૩] અને તમે જે કંઈ ખાઓ છો અને જે કંઈ તમારા ઘરોમાં એકઠું કરીને રાખો છો તે તમને કહી આપું છું[૨૧૪] બેશક! જો તમે ઈમાન ધરાવતા હોય તો આ વાતોમાં તમારા માટે મોટી નિશાની છે (૪૯) અને મારાથી પહેલી કિતાબ તવરાતની સત્યતાની જાહેરાત કરતો આવ્યો છું. અને એટલા માટે કે હલાલ કરૂં તમારા માટે અમુક તે વસ્તુઓ જે તમારા પર હરામ હતી[૨૧૫], અને હું તમારા પાસે તમારા પરવરદિગાર તરફથી નિશાની લાવ્યો છું, તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો (૫૦) બેશક! મારો, તમારો બધાનો પાલનહાર અલ્લાહ છે તો તેને જ પૂજો[૨૧૬], આ સીધો માર્ગ છે (૫૧)**

કારણ કે તે પાંખો વગર ઉડે છે, તેને દાંત હોય છે. તે હસી શકે છે અને નારીને સ્તન હોય છે. અને બાળકને જન્મ આપે છે. બીજા જાનવરોમાં આ વાતો હોતી નથી;

૨૧૨. જેને કોઢ વ્યાપી ગયો હોય; અને ઈલાજ કરનારાઓ એનો ઈલાજ કરવાથી લાચાર બની ગયા હોય; કારણ કે હઝરત ઈસા અલયહિસ્સલામના સમયમાં ઉપચાર વિદ્યા પ્રગતિના શિખરે પહોંચેલી હતી, અને એના નિષ્ણાતો ઈલાજ કરવામાં ઘણા પ્રવિણ હતા, જેથી આપને એવા જ મોઅજિઝા આપવામાં આવ્યા જેથી જાહેર થાય કે ઉપચાર વિદ્યા જેનો ઈલાજ કરવાથી લાચાર બની જાય તેને સારૂ કરી આપવું એ સાચે જ નબીનો મોઅજિઝો અને એમની નુબુવ્વતની સત્યતાની દલીલ છે.

વહબનું કથન છે કે ઘણા વખત હઝરત ઈસા અલયહિસ્સલામ પાસે ૫૦, ૫૦ હજાર બીમારો એકઠા થઈ જતા હતા. તેમાં જે ચાલી શકે એમ હોય તે ચાલીને આપની સેવામાં હાજર થતો અને જે ચાલી શકે એમ ન હોય તેની પાસે આપ પોતે પધારતા. અને દુઆ ફરમાવીને તેને તંદુરૂસ્ત બનાવી દેતા હતા. અને પોતાના પર ઈમાન લાવવાની શરત કરી લેતા હતા.

૨૧૩. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે હઝરત ઈસા અલયહિસ્સલામે ચાર મુર્દાઓને જીવતા કર્યા, એક આઝર જેને આપની સાથે નિખાલસતા હતી, જ્યારે તે મરવાની અણી પર આવ્યો ત્યારે તેનાં બહેને આપને ખબર આપી. પણ તે આપનાથી ત્રણ દિવસના અંતર પર હતો. જ્યારે આપ ત્રણ દિવસે ત્યાં પહોચ્યાં ત્યારે જાણવા મળ્યું કે તેને મૃત્યુ પામવાને ત્રણ દિવસ થઈ ગયા છે. આપે તેની બહેનને કહ્યું કે મને તેની કબ્ર પર લઈ જા. તેણી લઈ ગઈ. આપે અલ્લાહ તઆલા પાસે દુઆ કરી તો

تلك الرسل ٣ — آل عمران ٣

فَلَمَّآ أَحَسَّ عِيسَىٰ مِنْهُمُ ٱلْكُفْرَ قَالَ مَنْ أَنصَارِىٓ
إِلَى ٱللَّهِ ۖ قَالَ ٱلْحَوَارِيُّونَ نَحْنُ أَنصَارُ ٱللَّهِ ءَامَنَّا
بِٱللَّهِ وَٱشْهَدْ بِأَنَّا مُسْلِمُونَ ﴿٥٢﴾ رَبَّنَآ ءَامَنَّا بِمَآ أَنزَلْتَ
وَٱتَّبَعْنَا ٱلرَّسُولَ فَٱكْتُبْنَا مَعَ ٱلشَّٰهِدِينَ ﴿٥٣﴾ وَمَكَرُوا۟
وَمَكَرَ ٱللَّهُ ۖ وَٱللَّهُ خَيْرُ ٱلْمَٰكِرِينَ ﴿٥٤﴾ إِذْ قَالَ ٱللَّهُ
يَٰعِيسَىٰٓ إِنِّى مُتَوَفِّيكَ وَرَافِعُكَ إِلَىَّ وَمُطَهِّرُكَ
مِنَ ٱلَّذِينَ كَفَرُوا۟ وَجَاعِلُ ٱلَّذِينَ ٱتَّبَعُوكَ فَوْقَ
ٱلَّذِينَ كَفَرُوٓا۟ إِلَىٰ يَوْمِ ٱلْقِيَٰمَةِ ۖ ثُمَّ إِلَىَّ مَرْجِعُكُمْ
فَأَحْكُمُ بَيْنَكُمْ فِيمَا كُنتُمْ فِيهِ تَخْتَلِفُونَ ﴿٥٥﴾ فَأَمَّا
ٱلَّذِينَ كَفَرُوا۟ فَأُعَذِّبُهُمْ عَذَابًا شَدِيدًا فِى ٱلدُّنْيَا
وَٱلْءَاخِرَةِ وَمَا لَهُم مِّن نَّٰصِرِينَ ﴿٥٦﴾ وَأَمَّا ٱلَّذِينَ

**પછી જ્યારે ઈસાએ તેમનાથી કુફ્ર જોયું[૨૧૭] કહ્યું, અલ્લાહ તરફ મારા મદદગાર કોણ થાય છે ? હવારીયોએ કહ્યું[૨૧૮] અમે અલ્લાહના દીનના મદદગાર છીએ, અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા અને આપ સાક્ષી બની જાવ કે અમે મુસલમાન છીએ[૨૧૯] (૫૨) અય અમારા પરવરદિગાર ! અમે જે તેં ઉતાર્યું તેના પર ઈમાન લાવ્યા અને રસૂલના તાબે થયા, તો અમને હક પર સાક્ષી આપનારાઓમાં લખી લે (૫૩) અને કાફિરોએ મકર કર્યો[૨૨૦] અને અલ્લાહે તેમના નાશની છૂપી તદબીર ફરમાવી. અને અલ્લાહ સર્વોત્તમ છૂપી તદ્બીરવાળો છે[૨૨૧] (૫૪) યાદ કરો જ્યારે અલ્લાહે ફરમાવ્યું, અય ઈસા ! હું તને પુરી ઉંમર સુધી પહોંચાડીશ[૨૨૨] અને તને મારા તરફ ઉઠાવી લઈશ[૨૨૩] અને તને કાફિરોથી પાક કરી દઈશ, અને તને માનનારાઓને[૨૨૪] કયામત સુધી તને ન માનનારાઓ પર ચઢતી આપીશ, પછી તમે બધા મારી તરફ પરત આવશો તો જે વાતમાં (તમે બધા) ઝગડો છો (તે વાતમાં) હું તમારા દરમ્યાન ફેંસલો કરી દઈશ (૫૫) તો તે જેઓ કાફિર થયા હું તેમને દુનિયા અને આખિરતમાં સખ્ત અઝાબ કરીશ, અને તેમનો કોઈ મદદગાર નહીં થાય (૫૬)**

આઝર અલ્લાહના હુકમથી જીવતો થઈને કબ્રમાંથી બહાર નીકળ્યો અને એક મુદ્દત સુધી જીવંત રહ્યો, તેને ઔલાદ પણ થઈ.

બીજો એક વૃદ્ધાનો દીકરો, જેનો જનાઝો આપની સામેથી પસાર થઈ રહ્યો હતો. હઝરતે તેના માટે દુઆ ફરમાવી તો જીવતો થઈને તેની લાશ ઊંચકી લઈ જનારાઓના ખભાઓ પરથી નીચે ઉતરી પડયો. કપડા પહેરીને ઘેર ગયો. મુદ્દત સુધી જીવ્યો તેની ઔલાદ પણ થઈ.

ત્રીજી એક આશીરની પુત્રીને જીવતી કરી. સાંજના સમયે ગુજરી ગઈ અલ્લાહ તઆલાએ હઝરત ઈસા અલયહિસ્સલામની દુઆથી એને જીવતી કરી.

અને ચોથો હઝરત નૂહ અલયહિસ્સલામનો દિકરો સામ, જેને મરણ પામવાને હજારો વરસ વીતી ગયાં હતાં. લોકોએ ઈચ્છા દર્શાવી કે આપ એમને જીવંત કરો. આપ તેમના બતાવ્યા મુજબ તેમની કબ્ર પર ગયા અને અલ્લાહ તઆલા પાસે દુઆ કરી. સાંભળવામાં આવ્યું કે કોઈ કહેનાર કહી રહ્યું છે ''અજીબ રૂહલ્લાહ'' (અલ્લાહની રૂહને જવાબ આપ) આ સાંભળતાની સાથે તે ગભરાઈ જઈને ઉભા થઈ ગયા. અને તે સમજવા લાગ્યા કે કયામત આવી પહોંચી. આ ગભરાણથી તેમનું અડધું માથું સફેદ થઈ ગયું. પછી તેઓ હઝરત ઈસા અલયહિસ્સલામ પર ઈમાન લાવ્યા. અને તેઓએ આપને વિનંતી કરી કે મને બીજા વખતે સકરાંતની તકલીફ ન થાય. અને વગર તકલીફે જ મારી રૂહ પાછી નીકળે, પછી તે જ સમય તેમનો ઈન્તેકાલ થયો, અને આયતમાં જે ''બેઈઝનિલ્લાહ'' (અલ્લાહના હુકમથી) ફરમાવવામાં આવ્યું છે. એ નસારાને રદિયો આપવા માટે છે જેઓ હઝરત મસીહને ખુદા માનતા હતા;

૨૧૪. જ્યારે હઝરત ઈસા અલયહિસ્સલામે બીમારોને સારૂં કર્યું અને મુર્દાઓને જીવતાં કર્યાં ત્યારે અમુક લોકોએ કહ્યું કે આ તો જાદુ છે, બીજો કોઈ મોઅજિઝો બતાવો, તો આપે ફરમાવ્યું કે જે તમે ખાઓ છો અને જે એકઠું કરો છો હું તમને તેની ખબર આપું છું, એનાથી સાબિત થયું કે ગૈબનું ઈલ્મ ધરાવવું એ અમ્બિયાનો મોઅજિઝો છે, અને હઝરત ઈસા અલયહિસ્સલામના હાથે આ મો'જિઝો પણ જાહેર થયો, આપ માણસે જે ગઈ કાલે ખાધું હોય અને જે આજે ખાશે અને જે આવતી કાલ માટે તૈયાર કરી રાખ્યું હોય તે તેને કહી આપતા હતા.

આપની પાસે ઘણાં બાળકો એકત્ર થતાં. આપ તેઓને કહી આપતા હતા કે તમારા ઘરોમાં ફલાણી વસ્તુ તૈયાર થઈ છે. તમારા ઘરવાળાંઓએ ફલાણી ફલાણી વસ્તુ ખાધી છે. અને ફલાણી વસ્તુ તમારી માટે મૂકી રાખી છે. બાળકો ઘેર જઈને રડતાં અને પેલી વસ્તું માંગતાં ત્યારે ઘરનાં માણસો તેઓને પૂછતાં કે તમને કોણે કહ્યું? ત્યારે તે બધા કહેતા કે હઝરત ઈસા અલયહિસ્સલામે, ત્યારે લોકોએ બાળકોને આપની પાસે જતાં રોક્યાં અને કહ્યું કે તેઓ જાદુગર છે તેમની પાસે ન બેસો, અને તે બધાંને એક ઘરમાં પુરી દીધાં. હઝરત ઈસા અલયહિસ્સલામ બાળકોને ઢુંઢતા ઢુંઢતા ત્યાં આવ્યા, ત્યારે તેઓએ કહ્યું કે તેઓ અહી નથી, ત્યાં આપે પૂછ્યું કે પેલા ઘરમાં કોણ છે? લોકોએ જવાબ આપ્યો કે તેમાં તો સુવ્વરો છે, ફરમાવ્યું એવું જ  થશે, હવે જ્યારે બારણું ખોલ્યું તો તેમાં સુવ્વર જ સુવ્વર દેખાયાં.

ટૂંકમાં એ કે ગૈબની ખબરો આપવી અમ્બિયાનો મોઅ્જિઝા છે અને અમ્બિયાની મારફત વગર કોઈ માણસ ગૈબ જાણી શકતો નથી.

૨૧૫. જે હઝરત મૂસા અલયહિસ્સલામની શરીઅતમાં હરામ હતી. જેમકે ઊંટનું માંસ, માછલી અને અમુક પક્ષીઓ.

૨૧૬. આમાં પોતે બન્દા છે એ વાતનો સ્વીકાર અને પોતે ખુદા હોવાનો ઈન્કાર છે, જેમાં નસારાનો રદીયો છે,

૨૧૭. એટલે કે જ્યારે હઝરત ઈસા અલયહિસ્સલામે જોયું કે યહૂદીઓ પોતાના કુફ્ર પર અડેલા છે. અને આપને કત્લ કરી નાખવાનો ઈરાદો ધરાવે છે. આટલી આટલી સ્પષ્ટ નિશાનીઓ તેમજ મોઅજિઝાઓની અસર તેઓને થતી નથી, અને એનું કારણ એ હતું કે તેઓ એળખી ગયા હતા કે આ તે જ મસીહ છે જેમની ખુશખબરી તવરાતમાં આપવામાં આવી છે. અને જેઓ તેમના દીનને મનસૂખ કરનાર છે. તો જ્યારે હઝરત ઈસા અલયહિસ્સલામે પોતે પૈગમ્બર હોવાનું જાહેર કર્યું ત્યારે આ વાત તેઓને બહું ખૂંચી અને તેઓ આપને તકલીફો પહોંચાડવા લાગ્યા. તેમજ કત્લ કરવા તૈયાર થયા અને આપની સાથે કુફ્ર કર્યું.

૨૧૮. હવ્વારીઓ તે નિખાલસ લોકો છે જે હઝરત ઈસા અલયહિસ્સલામના દીનના સહાયકો હતા, આપના ઉપર બધાંથી પહેલાં ઈમાન લાવ્યા હતા, એમની સંખ્યા ૧૨ માણસોની હતી;

૨૧૯. આ આયતથી દલીલ ફરમાવવામાં આવે છે કે ઈમાન અને ઈસ્લામ એક જ વસ્તુ છે. આનાથી એ પણ સાબિત થયું કે પહેલાનાં અમ્બિયાનો દીન ઈસ્લામ હતો ન કે યહૂદી અથવા ખ્રિસ્તી;

૨૨૦. એટલે કે બની ઈસરાઈલના કાફિરોએ મકર કર્યો અને ધોકાથી હઝરત ઈસા અલયહિસ્સલામને કત્લ કરી નાખવાનું કાવત્રુ રચ્યું અને પોતાના એક માણસને એ કામ માટે નક્કી કર્યો.

૨૨૧. અલ્લાહે એમના મકરનો એ બદલો આપ્યો; કે હઝરત ઈસા અલયહિસ્સલામને આસ્માન પર ઉઠાવી લીધા અને આપની મુખાકૃતિ તે માણસને આપી દીધી જે આપને મારી નાખવા તૈયાર થયો હતો. એ

અને તેઓ જે ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા, એનો બદલો એમને ભરપુર આપશે, અને જાલિમ અલ્લાહને નથી ગમતા (૫૭) આ અમે તમારા પર પઢીએ છીએ અમુક આયતો અને હિકમતવાળી નસીહત (૫૮) ઈસા નું ઉદાહરણ અલ્લાહની નજીક આદમ જેવું છે[૨૨૫] તેને માટીથી બનાવ્યો પછી ફરમાવ્યું થઈ જા તે તરત થઈ જાય છે (૫૯) અય સાંભળનાર ! આ તારા પરવરદિગાર તરફથી હક છે તો તું શંકાવાળાઓમાં ન થતો (૬૦) પછી અય મહબૂબ ! તમને ઈલ્મ લાધી ગયા પછી જો તમારી સાથે ઈસા વિષે વિવાદ કરે (તો) તેમને ફરમાવો, આવો ! આપણે બોલાવીએ અમારા બેટાઓ અને તમારા દીકરાઓ અને અમારી સ્ત્રીઓ અને તમારી સ્ત્રીઓ, અને અમારા જીવ અને તમારા જીવ (ને) પછી મુબાહેલા કરીએ અને જૂઠાઓ પર અલ્લાહની લાઅનત નાખીએ[૨૨૬] (૬૧) આ બયાન જ બેશક ! સાચું છે[૨૨૭] અને અલ્લાહ સિવાય કોઈ માઅબૂદ નથી[૨૨૮] અને બેશક ! અલ્લાહ ચઢીયાતો છે હિકમતવાળો (૬૨) પછી જો તેઓ મોઢું ફેરવે તો અલ્લાહ ફસાદીઓને જાણે છે (૬૩)



اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ اُجُوْرَهُمْ ؕ وَاللّٰهُ
لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿۵۷﴾ ذٰلِكَ نَتْلُوْهُ عَلَيْكَ مِنَ الْاٰيٰتِ
وَالذِّكْرِ الْحَكِيْمِ ﴿۵۸﴾ اِنَّ مَثَلَ عِيْسٰى عِنْدَ اللّٰهِ كَمَثَلِ
اٰدَمَ ؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿۵۹﴾
اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُنْ مِّنَ الْمُمْتَرِيْنَ ﴿۶۰﴾ فَمَنْ
حَآجَّكَ فِيْهِ مِنْۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ
تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَاَبْنَآءَكُمْ وَنِسَآءَنَا وَنِسَآءَكُمْ
وَاَنْفُسَنَا وَاَنْفُسَكُمْ ۟ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ
اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ﴿۶۱﴾ اِنَّ هٰذَا لَهُوَ الْقَصَصُ
الْحَقُّ ۚ وَمَا مِنْ اِلٰهٍ اِلَّا اللّٰهُ ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿۶۲﴾ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِالْمُفْسِدِيْنَ ﴿۶۳﴾

જ કારણે યહૂદીઓએ તેને હઝરત ઈસા સમજીને કત્લ કરી નાખ્યો;

**મસ્અલો** :- 'મકર' નો અર્થ અરબી શબ્દકોષમાં 'ગુપ્તતા' થાય છે. એટલા માટે જ છુપી તબદીરને પણ 'મકર' કહે છે. અને એ તદબીર કોઈ સારા હેતુ માટે હોય તો સારી અને ખરાબ મકસદ માટે હોય તો ખરાબ ગણાય છે. પણ ઉર્દૂ ભાષામાં એ શબ્દ 'ફરેબ'ના અર્થમાં વપરાય છે એટલા ખાતર અલ્લાહની શાનમાં કદાપી વપરાશે નહિ. અને હવે અરબી ભાષામાં પણ 'ફરેબ' અને 'ધોકા'ના અર્થમાં વપરાવા માંડયો છે. માટે અરબીમાં પણ શાને ઈલાહીમાં વાપરી શકાશે નહીં, આયતોમાં જ્યાં જ્યાં અલ્લાહની શાનમાં આ શબ્દ વપરાયો છે ત્યાં એનો અર્થ 'છુપી તદબીર' એટલે કે ગુપ્ત બંદોબસ્ત થાય છે;

૨૨૨. અર્થાત કાફિરો તમને કત્લ કરી શકશે નહીં (મદારિક વિ.);

૨૨૩. એટલે કે મોત આપવા વગર તમને ઉચ્ચતાના સ્થાને અને ફરિશ્તાઓની રહેવાની જગ્યાએ ઉઠાવી લઈશ, હદીષ શરીફમાં છે કે હઝરત ઈસા અલયહિસ્સલામ મારી ઉમ્મત પર ખલીફા બનીને ઉતરશે સલીબ (ક્રોસ)ને તોડી નાખશે, સુવ્વરોને મારી નાખશે, ચાલીસ વરસ રહેશે, નિકાહ કરશે, ઔલાદ પણ થશે, પછી આપનો વિસાલ (મૃત્યુ) થશે, તે ઉમ્મત કેવી રીતે નાશ પામે જેની શુરૂમાં હું છું, અંતમાં હઝરત ઈસા અને વચમાં મારા એહલેબૈતમાંથી મહદી હશે; મુસ્લિમ શરીફની હદીષમાં છે કે દમાસ્કસની જુમ્મા મસ્જિદના પૂર્વી મીનારા પર ઉતરશે. અને એવું પણ કહેવાયું છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના હુજરા મુબારકમાં દફન થશે;

૨૨૪. એટલે કે મુસલમાનોને જે આપની નુબુવ્વતની સત્યતા જાહેર કરે છે;

تلك الرسل ٣ — آل عمران ٣

قل يأهل الكتب تعالوا الى كلمة سواء بيننا وبينكم
الا نعبد الا الله ولا نشرك به شيئا ولا يتخذ بعضنا
بعضا اربابا من دون الله فان تولوا فقولوا
اشهدوا بانا مسلمون ﴿٦٤﴾ يأهل الكتب لم تحاجون
في ابرهيم وما انزلت التورىة والانجيل الا من
بعده افلا تعقلون ﴿٦٥﴾ هانتم هؤلاء حاججتم فيما
لكم به علم فلم تحاجون فيما ليس لكم به علم والله
يعلم وانتم لا تعلمون ﴿٦٦﴾ ما كان ابرهيم يهوديا ولا
نصرانيا ولكن كان حنيفا مسلما وما كان من
المشركين ﴿٦٧﴾ ان اولى الناس بابرهيم للذين اتبعوه
وهذا النبي والذين امنوا والله ولي المؤمنين ﴿٦٨﴾

**તમે ફરમાવો ! અય કિતાબવાળાઓ ! એવા કલેમા તરફ આવો જે અમારામાં તમારામાં સરખો છે[૨૨૯] એ કે માત્ર અલ્લાહની જ ઈબાદત કરીએ અને તેનો ભાગીદાર કોઈને ન કરીએ[૨૩૦] અને આપણામાં કોઈ એક બીજાને રબ ન બનાવીએ અલ્લાહ સિવાય[૨૩૧] પછી જો તેઓ ન માને તો કહી આપો તમે સાક્ષી રહો કે અમે મુસલમાન છીએ (૬૪) અય કિતાબવાળાઓ ! ઈબ્રાહીમ વિષે કેમ ઝગડો છો ? તવરાત અને ઈન્જીલ એમના પછી ઉતરી છે. તો શું તમને બુદ્ધિ નથી ? (૬૫) [૨૩૨] સાંભળો છો ! આ જે તમે છો[૨૩૩] તેમા ઝગડયા જેનું તમને ઈલ્મ હતું[૨૩૪] તો એવામાં[૨૩૫] શા માટે ઝગડો છો જેનું તમને ઈલ્મ છે જ નહીં, અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા[૨૩૬] (૬૬) ઈબ્રાહીમ યહૂદી હતા ન નસરાની બલ્કે બધા અસત્યોથી અલગ મુસલમાન હતા અને મુશ્રિકોમાંથી ન હતા[૨૩૭]. (૬૭) બેશક બધા લોકોથી ઈબ્રાહીમના વધારે હકદાર તેઓ હતા જે તેમના અનુયાયી બન્યા[૨૩૮] અને આ નબી[૨૩૯] અને ઈમાનવાળા[૨૪૦] અને ઈમાનવાળાઓના વાલી અલ્લાહ છે (૬૮)**

૨૨૫. **શાને નુઝૂલ** :- નજરાનના ખ્રિસ્તીઓનું એક ટોળું હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થયું અને તે લોકો આપને કહેવા લાગ્યા કે શું તમે એવું વિચારો છો કે ઈસા અલ્લાહના બન્દા છે ? આપે ફરમાવ્યું, હા ! તેના બન્દા, તેના રસૂલ અને તેનો કલેમા છે. જે કુંવારી બાનુ અઝરા તરફ નાખવામાં આવ્યા, ખ્રિસ્તીઓ આ સાંભળીને ખૂબ ક્રોધે ભરાયા અને કહેવા લાગ્યા કે અય મુહમ્મદ ! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) તમે કદી વગર બાપનો દીકરો જોયો છે ? આવું કહેવામાં તેમનો હેતુ એ હતો કે તેઓ અલ્લાહના બેટા છે, (મુઆઝલ્લાહ) ત્યારે આ આયત ઉતરી અને બતાવવામાં આવ્યું કે હઝરત ઈસા અલયહિસ્સલામ તો ફકત વગર બાપે જ જન્મયા, પણ હઝરત આદમ અલયહિસ્સલામ તો માં અને બાપ બન્ને વગર પેદા થયા, માટીમાંથી બન્યા, તો જ્યારે એમને અલ્લાહની મખ્લૂક અને બન્દા માનો છો તો પછી હઝરત ઈસા અલયહિસ્સલામને મખ્લૂક અને તેના બન્દા માનવામાં આશ્ચર્ય શેનું છે ?

૨૨૬. જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમે નજરાનના ખ્રિસ્તીઓને આ આયત પઢીને સંભળાવી અને મુબાહિલા કરવાનું નિમંત્રણ આપ્યું ત્યારે તેઓએ કહ્યું કે અમે વિચાર અને સલાહ મશ્વરો કરીને તમને કાલે જવાબ આપીશું, જ્યારે તેઓ એકત્ર થયા ત્યારે તેમના બધાંથી મોટા આલિમ અને બુદ્ધિશાળી માણસ આકિબને પૂછ્યુ કે અય અબ્દુલ મસીહ ! તમારો શું અભિપ્રાય છે ? તેણે કહ્યું કે અય નસરાનીઓ ! તમે જાણી તો ચૂક્યા છો કે મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસ્સલમ) અલ્લાહના મોકલેલા નબી છે. જો તમે એમની સાથે મુબાહિલા કરશો તો નાશ પામશો, હવે જો તમારા ધર્મ પર કાયમ રહેવા માંગતા હોવ તો એમને છોડો અને પોતાના ઘેર જાઓ આવો મશ્વરો કર્યા પછી તેઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમની

સેવામાં હાજર થયા તો તેઓએ જોયું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમના ખોળામાં હઝરત હુસેન છે. અને આપના મુબારક હાથમાં હઝરત હસનનો હાથ છે. અને હઝરત અલી અને હઝરત ફાતિમા આપની પાછળ છે, (રદીયલ્લાહુ અન્હૂમ) અને હુઝૂર તે બધાંને ફરમાવી રહ્યા છે કે જ્યારે હું દુઆ કરૂં ત્યારે તમે આમીન કહેજો. નજરાનના બધાંથી મોટા પાદરીએ જ્યારે આ જોયું ત્યારે કહેવા લાગ્યો, અય નસરાનીઓ! હું એવા મુખડાંઓ જોઈ રહ્યો છું કે જો તેઓ અલ્લાહ પાસે પહાડને એની જગ્યાએથી હટાવી દેવાની માંગણી કરશે તો અલ્લાહ તઆલા પહાડને પણ હટાવી દેશે, એઓ સાથે મુબાહિલો ન કરશો, નહિ તો નાશ પામશો. અને સમસ્ત વિશ્વમાં એક નસરાની પણ બાકી નહીં બચે, આ સાંભળીને ખ્રિસ્તીઓએ હઝરત સલ્લલ્લાહો અલયહિ વસ્સલમને કહ્યું કે મુબાહિલા કરવાનો અમારો વિચાર નથી, અંતે તેઓએ જીઝયો આપવાનું સ્વીકાર્યું પણ મુબાહિલા માટે તૈયાર થયા નહીં; હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમે ફરમાવ્યું કે તેના સોગંદ જેની કુદરતના હાથમાં મારા પ્રાણ છે. નજરાનવાળાઓ પર અઝાબ નજીક જ આવી લાગ્યો હતો . જો તેઓ મુબાહિલા કરત તો વાંદરાઓ અને સુવ્વરોની શિકલોમાં તેઓને બનાવી દેવામાં આવત. જંગલ આગથી ભળકી ઉઠત અને નજરાન તથા તેમાં રહેતાં પક્ષીઓ પણ નાશ પામત અને એક વર્ષના ગાળામાં બધા નસરાનીઓ ખત્મ થઈ જાત; **ફાયદો** :- જૂઠા પર ખુદાનો અઝાબ ઉતરે. એવી દુઆ કરવાને મુબાહિલા કહે છે;

૨૨૭. કે હઝરત ઈસા અલ્લાહના બન્દા અને રસૂલ છે અને તેઓની હાલતનું વર્ણન ઉપર ગુજરી ગયું;

૨૨૮. આમાં નસારા અને બધા જ મુશ્રિકોને રદિયો અપાયો છે;

૨૨૯. જેમાં કુરઆન, તવરાત. ઈન્જીલનો મતભેદ નથી.

૨૩૦. ન હઝરત ઈસાને, ન હઝરત ઉઝૈરને કે ન કોઈ બીજાને;

૨૩૧. જેમકે યહૂદીઓ અને નસરાનીઓને પોતાના ધર્મગુરૂઓને બનાવ્યા. તેમને સિજદો અને તેમની ઈબાદત કરતા હતા (જુમલ).

૨૩૨. **શાને નુઝૂલ** :- નજરાનના ખ્રિસ્તીઓ અને યહૂદીઓના ધર્મગુરૂઓમાં વિવાદ થયો. યહૂદી કહેતા હતા કે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ યહૂદી હતા, અને ખ્રિસ્તીઓ કહેતા હતા કે તેઓ અમારા ધર્મના હતા. આ વિવાદ લંબાયો ત્યારે ઉભય પક્ષોએ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમનો લવાદ તરીકે સ્વીકાર કર્યો અને આપને ફેંસલો કરી આપવા વિનંતી કરી, ત્યારે આ આયતે કરીમા ઉતરી અને તવરાત ઈન્જીલના આલિમોની નરી અજ્ઞાનતા જાહેર કરી દેવામાં આવી કે એમાંથી દરેકનો દાવો તેની નરી અજ્ઞાનતાની દલીલરૂપે છે, યહૂદી અને ખ્રિસ્તી ધર્મો તવરાત અને ઈન્જીલ ઉતર્યા પછી શરૂ થયા, અને હઝરત મૂસા અલયહિસ્સલામનો સમય કે જેમના પર તવરાત ઉતરી હતી તે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના સમય કરતાં હજારો વર્ષ પછીનો છે, અને હઝરત ઈસા અલયહિસ્સલામનો જમાનો કે જેમના પર ઈન્જીલ ઉતરી તે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના જમાના કરતાં લગભગ બે હજાર વર્ષો પછીનો છે, તેમજ તવરાત કે ઈન્જીલ બેમાંથી એકમાં પણ આપને યહૂદી-કે-નસરાની કહેવામાં નથી આવ્યા, છતાં આપના વિષે એવા દાવા કરવા એ અજ્ઞાનતા અને મૂર્ખતાની ચરમ સીમા છે.

૨૩૩. અય એહલે કિતાબ તમે!

૨૩૪. અને તમારી કિતાબોમાં જેની ખબર આપવામાં આવી હતી, એટલે કે અંતિમ સમયના નબી સલ્લલ્લાહો અલયહિ વસ્સલમના આગમન અને આપના વખાણ તેમજ ગુણોની, જ્યારે આ બધું જાણી

تلك الرسل ٣ — اٰل عمران ٣

وَدَّتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يُضِلُّوْنَكُمْ ؕ وَمَا
يُضِلُّوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ﴿۶۹﴾ يٰۤاَهْلَ الْكِتٰبِ
لِمَ تَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَاَنْتُمْ تَشْهَدُوْنَ ﴿۷۰﴾ يٰۤاَهْلَ
الْكِتٰبِ لِمَ تَلْبِسُوْنَ الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوْنَ الْحَقَّ
وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿۷۱﴾ وَقَالَتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ
اٰمِنُوْا بِالَّذِیْۤ اُنْزِلَ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَجْهَ النَّهَارِ
وَاكْفُرُوْۤا اٰخِرَهٗ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿۷۲﴾ وَلَا تُؤْمِنُوْۤا اِلَّا
لِمَنْ تَبِعَ دِيْنَكُمْ ؕ قُلْ اِنَّ الْهُدٰى هُدَى اللّٰهِ ۙ اَنْ يُّؤْتٰۤى
اَحَدٌ مِّثْلَ مَاۤ اُوْتِيْتُمْ اَوْ يُحَآجُّوْكُمْ عِنْدَ رَبِّكُمْ ؕ قُلْ اِنَّ
الْفَضْلَ بِيَدِ اللّٰهِ ۚ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۷۳﴾
يَّخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿۷۴﴾

**કિતાબવાળાઓનું એક જુથ દિલથી ઈચ્છે છે કે કોઈ રીતે તમને ભટકાવી દે. અને તેઓ પોતાને ભટકાવે છે અને તેઓને સમજ નથી[૨૪૧] (૬૯) અય કિતાબવાળાઓ! અલ્લાહની આયતોથી કુફ્ર કેમ કરો છો[૨૪૨] તમે પોતે ગવાહ હોવા છતાં[૨૪૩] (૭૦) અય કિતાબવાળાઓ સત્યમાં અસત્ય શા માટે ભેળવો છો ? અને તમને ખબર હોવા છતાં સત્યને કેમ છુપાવો છો (૭૧) અને કિતાબવાળાઓનું એક જુથ બોલ્યું[૨૪૪] પેલું જે ઈમાનવાળાઓ પર ઉતર્યું[૨૪૫] સવારમાં તેના પર ઈમાન લાવો અને સાંજે મુન્કિર બની જાઓ, કદાચ તેઓ ફરી જાય[૨૪૬] (૭૨) અને તમારા દીનના અનુયાયી સિવાય (બીજા પર) યકીન ન લાવો, તમે ફરમાવી દો કે અલ્લાહની હિદાયત જ હિદાયત છે[૨૪૭] (યકીન કઈ બાબતનો ન લાવો) એનો કે કોઈને મળે[૨૪૮] (એવું) જેવું તમને મળ્યું, અથવા તમારા પરવરદિગાર પાસે કોઈ તમારી હુજ્જત લાવે,[૨૪૯] તમે ફરમાવી દો કે ફઝલ તો અલ્લાહના જ હાથમાં છે, જેને ઈચ્છે (તેને) આપે, અને અલ્લાહ છૂટછાટવાળો ઈલ્મવાળો છે (૭૩) પોતાની રહમતથી[૨૫૦] જેને ઈચ્છે (તેને) ખાસ કરે છે[૨૫૧] અને અલ્લાહ મોટો ફઝલવાળો છે (૭૪)**

લીધા પછી પણ તમે એમના પર ઈમાન ન લાવ્યા, અને એ વિષે ઝગડામાં પડયા.

૨૩૫. એટલે હઝરતે ઈબ્રાહીમ અલયહિસ્સલામના યહૂદી કે નસરાની હોવાના વિવાદમાં.

૨૩૬. અસલ હકીકત આ છે કે.

૨૩૭. માટે કોઈ પણ યહૂદી કે નસરાની પોતાને હઝરત ઈબ્રાહીમના દીન પર હોવાનું જાહેર કરે તો તે ખોટું છે, એવી જ રીતે કોઈ મુશ્રિક પણ એવું કહી શકતો નથી. અમુક મુફસ્સીરોએ કહ્યું કે આમાં યહૂદીઓ અને નસરાનીઓના મુશ્રિક હોવા તરફ ઈશારો છે.

૨૩૮. અને તેમની નુબુવ્વતના સમય દરમ્યાન તેમના પર ઈમાન લાવ્યા અને તેમની શરીઅત પર અમલ કરતાં રહ્યા;

૨૩૯. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસ્સલમ;

૨૪૦. અને આપના ઉમ્મતી;

૨૪૧. **શાને નુઝૂલ** :- આ આયત હઝરત મુઆઝ બિન જબલ અને હુઝેફા બિન યમાન અને અમ્માર બિન યાસિર વિષે ઉતરી, જેઓને યહૂદીઓ પોતાના ધર્મમાં લાવવાના પ્રયત્નો કરતાં હતા, અને એમને યહૂદિય્યત સ્વીકારવાનું આમંત્રણ આપતા રહેતા હતા. આમાં બતાવવામાં આવ્યું કે આ તેઓની ખોટી ધારણા છે અને તેઓ એમને ભટકાવી શકવાના નથી.

૨૪૨. અને તમારી કિતાબોમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમના વખાણ અને ગુણો મૌજૂદ છે. અને તમે જાણો છો કે આપ બરહક (સાચા) નબી છે અને આપનો ધર્મ સાચો ધર્મ છે.


تلك الرسل ٣ — آل عمران ٣

وَمِنْ أَهْلِ الْكِتٰبِ مَنْ إِنْ تَأْمَنْهُ بِقِنْطَارٍ يُؤَدِّهٖٓ
إِلَيْكَ ۚ وَمِنْهُمْ مَّنْ إِنْ تَأْمَنْهُ بِدِينَارٍ لَّا يُؤَدِّهٖٓ
إِلَيْكَ إِلَّا مَا دُمْتَ عَلَيْهِ قَآئِمًا ۗ ذٰلِكَ بِأَنَّهُمْ
قَالُوا لَيْسَ عَلَيْنَا فِي الْأُمِّيّٖنَ سَبِيلٌ ۚ وَيَقُولُونَ
عَلَى اللّٰهِ الْكَذِبَ وَهُمْ يَعْلَمُونَ ﴿٧٥﴾ بَلٰى مَنْ أَوْفٰى
بِعَهْدِهٖ وَاتَّقٰى فَإِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِينَ ﴿٧٦﴾ إِنَّ
الَّذِينَ يَشْتَرُونَ بِعَهْدِ اللّٰهِ وَأَيْمَانِهِمْ ثَمَنًا قَلِيلًا
أُولٰٓئِكَ لَا خَلَاقَ لَهُمْ فِي الْآخِرَةِ وَلَا يُكَلِّمُهُمُ اللّٰهُ
وَلَا يَنْظُرُ إِلَيْهِمْ يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيهِمْ ۠ وَ
لَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٧٧﴾ وَإِنَّ مِنْهُمْ لَفَرِيقًا يَلْوُونَ
أَلْسِنَتَهُمْ بِالْكِتٰبِ لِتَحْسَبُوهُ مِنَ الْكِتٰبِ وَمَا

**અને કિતાબવાળાઓમાં કોઈ તે છે કે જો તેની પાસે એક ઢગલો મૂકે તો તે તને પાછી સોંપી દેશે[૨૫૨] અને તેઓમાં કોઈ તે છે કે જો તુ એક અશરફી તેના પાસે અમાનત મુકે તો તેને પરત નહીં કરે પણ જ્યાં સુધી (કે) તુ તેના માથા પર ઉભો રહે[૨૫૩] આ એટલા માટે કે તેઓ કહે છે કે અભણો[૨૫૪] ના વિષયમાં અમારા પર કોઈ પકડ નથી, અને અલ્લાહ પર જાણી જોઈને જૂઠ લગાડે છે[૨૫૫] (૭૫) હા! કેમ નહીં જેણે પોતાનો વાયદો પુરો કર્યો અને પરહેઝગારી (ધારણ) કરી, અને બેશક! પરહેઝગાર અલ્લાહને ગમે છે (૭૬) તેઓ જે આલ્લાહના વાયદા અને પોતાની કસમોના બદલે તુચ્છ કીંમત લે છે[૨૫૬] આખિરતમાં તેમનો કશો હિસ્સો નથી, અને અલ્લાહ ન તો તેઓ સાથે વાત કરે, અને ન તેઓ તરફ નજર ફરમાવે કયામતના દિવસે, અને ન તેમને પાક કરે, અને તેમના માટે દુ:ખ દાયક અઝાબ છે[૨૫૭] (૭૭) અને તેઓમાં અમુક તે છે જે જીભવાળીને કિતાબમાં ભેળ કરે છે કે (જેથી) તમે એવું સમજો કે આ (ભેળવેલું) પણ**

૨૪૩. પોતાની કિતાબોમાં ફેરફાર કરીને;

૨૪૪. અને તેઓએ અંદરો અંદર મશ્વરો કરીને આવી દગલબાજી કરવાનું વિચાર્યું કે,

૨૪૫. એટલે કે કુરઆન શરીફ;

૨૪૬. **શાને નુઝૂલ** :- યહૂદીઓ ઈસ્લામના વિરોધમાં રાત દિવસ નવા નવા પ્રપંચોના વિચારો કરતાં હતા, ખૈબરના યહૂદી મુલ્લાઓના ૧૨ માણસોએ અંદરો અંદર ચર્ચા વિચારણા કરીને એક આ પ્રપંચ વિચાર્યો કે તેમનામાંનું એક જુથ સવારમાં ઈસ્લામનો સ્વીકાર કરે અને સાંજે ફરી જાય, અને લોકોમાં એવો પ્રચાર કરે કે અમે પોતાની કિતાબોમાં આખરી ઝમાનાના રસૂલની જે નિશાનીઓ જોઈ હતી તે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમમાં નથી. જેથી આના કારણે મુસલમાનોને પોતાના દીનમાં શંકા જન્મે, પરંતુ અલ્લાહ પાકે આ આયત ઉતારીને તેમનો એ ભેદ ખુલ્લો પાડી દીધો, અને તેઓનો આ પ્રપંચ નિષ્ફળ ગયો. મુસલમાનો પહેલેથી જ સાવચેત બની ગયા,

૨૪૭. અને એના સિવાય જે કંઈ છે અસત્ય અને ગુમરાહી છે,

૨૪૮. દીન અને હિદાયત કિતાબ અને હિકમત; તેમજ બુઝુર્ગી અને શ્રેષ્ઠતા;

૨૪૯. કયામતના દિવસે;

૨૫૦. નુબુવ્વત અને રિસાલત દ્વારા

૨૫૧. **મસઅલો** :- આનાથી પુરવાર થાય છે કે જે કોઈને પણ નુબુવ્વત મળે છે તે અલ્લાહના ફઝલ માત્રથી મળે છે, એમાં કોઈનો હક દાવો લાગતો નથી;

هُوَ مِنَ الْكِتٰبِ ۚ وَيَقُولُونَ هُوَ مِنْ عِنْدِ اللّٰهِ وَمَا
هُوَ مِنْ عِنْدِ اللّٰهِ ۚ وَيَقُولُونَ عَلَى اللّٰهِ الْكَذِبَ
وَهُمْ يَعْلَمُونَ ﴿٧٨﴾ مَا كَانَ لِبَشَرٍ أَنْ يُؤْتِيَهُ اللّٰهُ
الْكِتٰبَ وَالْحُكْمَ وَالنُّبُوَّةَ ثُمَّ يَقُولَ لِلنَّاسِ كُونُوا
عِبَادًا لِي مِنْ دُونِ اللّٰهِ وَلٰكِنْ كُونُوا رَبّٰنِيّٖنَ
بِمَا كُنْتُمْ تُعَلِّمُونَ الْكِتٰبَ وَبِمَا كُنْتُمْ تَدْرُسُونَ ﴿٧٩﴾
وَلَا يَأْمُرَكُمْ أَنْ تَتَّخِذُوا الْمَلٰٓئِكَةَ وَالنَّبِيّٖنَ
أَرْبَابًا ۗ أَيَأْمُرُكُمْ بِالْكُفْرِ بَعْدَ إِذْ أَنْتُمْ مُسْلِمُونَ ﴿٨٠﴾
وَإِذْ أَخَذَ اللّٰهُ مِيثَاقَ النَّبِيّٖنَ لَمَا آتَيْتُكُمْ مِنْ
كِتٰبٍ وَحِكْمَةٍ ثُمَّ جَاءَكُمْ رَسُولٌ مُصَدِّقٌ لِمَا
مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهِ وَلَتَنْصُرُنَّهُ ۚ قَالَ ءَأَقْرَرْتُمْ

**કિતાબમાં છે, અને (સત્ય એ છે કે) તે કિતાબમાં નથી, અને તેઓ કહે છે આ અલ્લાહ પાસેથી છે, અને તે અલ્લાહ પાસેથી નથી અને અલ્લાહ પર જાણી જોઈને જૂઠ લગાડે છે[૨૫૮] (૭૮) કોઈ આદમીનો એ હક નથી કે અલ્લાહ તેને કિતાબ અને પૈગમ્બરી અને હુકમ આપે[૨૫૯] પછી તે લોકોને કહે કે અલ્લાહને છોડીને મારા બન્દા બની જાઓ[૨૬૦] હા! આવું કહેશે કે થઈ જાઓ અલ્લાહવાળા[૨૬૧] એ કારણે કે તમે કિતાબ શિખવાડો છો. (૭૯) અને એટલા માટે કે તમે સબક આપો છો[૨૬૨] અને ન તમને એ હુકમ આપશે[૨૬૩] કે ફરિશ્તાઓ અને પૈગમ્બરોને ખુદા ઠેરવી લો. શુ તમને તમે પોતે મુસલમાન થઈ ગયા પછી કુફ્રનો હુકમ આપશે?[૨૬૪] (૮૦) અને યાદ કરો જ્યારે અલ્લાહે પૈગમ્બરો પાસેથી એમનું વચન લીધું[૨૬૫] જો હું તમને કિતાબ અને હિકમત આપું, પછી તમારી પાસે એ રસૂલ પધારે[૨૬૬] કે (જે) તમારી કિતાબોની સત્યતા જાહેર કરે[૨૬૭] તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવજો, અને જરૂર જરૂર તેની મદદ કરજો, ફરમાવ્યું, શું તમે**

૨૫૨. **શાને નુઝૂલ** :- આ આયત એહલે કિતાબ વિષે ઉતરી, અને એમાં જાહેર કરવામાં આવ્યું કે એમનામાં બે પ્રકારના લોકો છે અનામત પાછી સોંપી દેનાર અને અનામત હજમ કરી જનારા, અમુક તો એવા છે કે ગમે તેટલો માલ તેમને અમાનત તરીકે સોંપવામાં આવે તો જરા પણ વધઘટ કર્યા વગર પાછો સોંપી દેશે, જેવી રીતે કે અબ્દુલ્લાહ બિન સલામ, જેમની પાસે એક કુરેશીએ ૧૨૦૦ અવકિયા સોનું અમાનત તરીકે મૂક્યું હતું, આપે તેને પાછુ સોંપી દીધું, અને એમનામાં અમુક એવી બદદાનતવાળાઓ છે કે એક થોડી વસ્તુ પર પણ તેમની નિય્યત બગડે છે, જેમકે ફહહાસ બિન આઝુરા, જેના પાસે કોઈએ એક અશરફી અમાનત મૂકી હતી, તે માંગણી વખતે ફરી ગયો;

૨૫૩. અને આપનાર ખસે કે તરત જ તે અમાનતનો માલ પચાવી જાય છે.

૨૫૪. એટલે કે બિન કિતાબીઓ

૨૫૫. કે તેણે પોતાની કિતાબોમાં પરધર્મીઓનું માલ હજમ કરી જવાનો હુકમ આપ્યો છે, જો કે તેઓ સારી રીતે જાણે છે કે તેની કિતાબોમાં આવો કોઈ હુકમ નથી.

૨૫૬. **શાને નુઝૂલ** :- આ આયત યહૂદીઓના ધર્મગુરૂઓ અને આગેવાનો અબૂરાફીઅ, કનાના, કઅબ બિન અશરફ અને દહયા બિન અખતબ વિષે ઉતરી જેઓએ અલ્લાહ તઆલાનો તે વાયદો છુપાવ્યો કે જે તવરાતમાં અલ્લાહ પાકે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમ પર ઈમાન લાવવા વિષે લીધો હતો, એમણે તેને બદલી નાખ્યો અને તેની જગ્યાએ પોતાના હાથો વડે કંઈનું કંઈ લખી નાખ્યું. અને જૂઠી કસમ ખાધી કે આ અલ્લાહ તરફથી જ છે, અને આ બધું તેઓએ પોતાના ધર્મના અજ્ઞાનો પાસેથી લાંચ અને ધન

મેળવવા માટે કર્યું.

૨૫૭. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમે ફરમાવ્યું, ત્રણ માણસો એવા છે કે કયામતના દિવસે તેમની સાથે અલ્લાહ તઆલા ન વાત ફરમાવશે ન તો તેમને રહમતની નઝરથી જોશે, તેમજ તેમને ગુનાહોથી પાક નહીં કરે, આ તેમના માટે દુ:ખદાયક અઝાબ છે, ત્યાર પછી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમે આ આયત ત્રણ વાર તિલાવત ફરમાવી, હઝરત અબૂદરદા રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું, તેઓ ખોટમાં રહ્યા. યા રસૂલલ્લાહ! તે કોણ લોકો છે? આપે જવાબ આપ્યો, પાયજામાને ઘુંટીથી નીચે સુધી લટકાવનાર; ઉપકાર કરીને કહી સંભળાવનાર અને પોતાના વેપારના માલને જૂઠી કસમો ખાઈને કાઢનાર, હઝરત અબૂઅમામા રદીયલ્લાહુ અન્હૂની રિવાયતમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમે ફરમાવ્યું, જે કોઈ મુસલમાનનો હક મારવા જૂઠી કસમ ખાશે અલ્લાહ તઆલા તેના પર જન્નત હરામ કરી દેશે, અને તેના માટે દોઝખ અનિવાર્ય કરી દેશે. સહાબાએ વિનંતી કરી કે યા રસૂલલ્લાહ! થોડી સરખી વસ્તુ હોય તો? આપે જવાબ આપ્યો ભલેને બાવળની ડાળખી જેટલી વસ્તુ હોય;

૨૫૮. **શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે આ આયત યહૂદી અને નસરાની બન્નેના વિષે ઉતરી, જેમણે તવરાત અને ઈન્જીલમાં ફેરફાર કરીને પોતાની મરજી મુજબ ઉમેરો કર્યો;

૨૫૯. એટલે કે કમાલ દરજ્જાનું ઈલ્મ અને અમલ આપે. અને ગુનાહોથી માસૂમ કરે;

૨૬૦. અમ્બિયા અલયહિમુસ્સલામ આવું કહે એ અશક્ય છે. અને આ કથનને તેમનું કથન કહેવું એ આક્ષેપ છે.

**શાને નુઝૂલ** :- નજરાનના ખ્રિસ્તીઓએ કહ્યું કે અમને હઝરત ઈસા અલયહિસ્સલામે હુકમ આપ્યો છે કે અમે તેઓને ખુદા માનીએ, આ આયતમાં અલ્લાહ તઆલાએ તેમની આ વાતને જૂઠી જાહેર કરી, અને બતાવ્યું કે અમ્બિયાની શાન એવી છે કે તે આ મુજબ કહી શકે જ નહીં.

આ આયતની શાને નુઝૂલમાં બીજુ એક મંતવ્ય આ મુજબનું છે કે, રફીઅ નામના યહૂદી અને સૈય્યદ નામના નસરાનીએ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમને કહ્યું કે અય મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસ્સલમ) શું તમે એવું ઈચ્છો છો કે અમે તમારી ઈબાદત કરીએ? અને તમને પરવરદિગાર માનીએ? હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસ્સલમે જવાબ આપ્યો કે અલ્લાહની પનાહ કે હું તમને અલ્લાહ સિવાય અન્યની ઈબાદત કરવાનું કહું, ન તો મને અલ્લાહે એવો હુકમ આપ્યો છે અને ન તો મને એટલા માટે મોકલ્યો છે;

૨૬૧. રબ્બાનીનો અર્થ જાણકાર આલિમ અને બાઅમલ આલિમ થાય છે;

૨૬૨. આનાથી સાબિત થયું કે ઈલ્મ અને તાલીમનું પરિણામ એ હોવું જોઈએ કે માણસ અલ્લાહવાળો બની જાય, જેને ઈલ્મથી આ ફાયદો ન થાય તેનું ઈલ્મ બેકાર છે;

૨૬૩. અલ્લાહ તઆલા અથવા તેનો કોઈ નબી;

૨૬૪. આવું કોઈ રીતે બની શકે જ નહિ;

૨૬૫. હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ અલયહિસ્સલામ અને એમના પછી જેને નુબુવ્વત આપી તે બધા પાસેથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિષે વચન લીધું, અને એ નબીઓએ પોતાની કોમો પાસેથી વચન લીધાં કે જો તેમની હયાતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નુબુવ્વત જાહેર થાય તો આપના પર ઈમાન લાવજો અને આપની મદદ કરજો, આનાથી સાબીત થયું હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ બધા અમ્બિયામાં સહુથી શ્રેષ્ઠ છે;

**સ્વીકાર કર્યો ? અને એના પર મારી ભારે જવાબદારી લીધી ? બધાંએ વિનંતી કરી. અમે સ્વીકાર કર્યો, ફરમાવ્યું તો એક બીજા પર સાક્ષી બની જાઓ. અને હું પોતે તમારી સાથે સાક્ષીઓમાં છું, (૮૧) તો જે કોઈ આના[૨૬૮] પછી ફરે[૨૬૯] તો તે લોકો જ ફાસિક છે[૨૭૦] (૮૨) તો શું અલ્લાહના દીન સિવાય બીજો દીન ઢૂંઢે છે[૨૭૧] અમે જે કંઈ આસ્માનોમાં અને જમીનમાં છે[૨૭૨] (તે બધાએ) તે ખુદાની સમક્ષ જ ગરદન નમાવેલી છે, રાજીખુશીથી[૨૭૩] અને લાચારીથી[૨૭૪] અને તેના તરફ જ પરત થશે (૮૩) એવું કહો કે અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર અને તેના પર જે અમારી તરફ ઉતર્યું અને જે ઉતર્યું ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ અને તેમના બેટાઓ પર, અને તેના પર જે કંઈ મળ્યું મૂસા અને ઈસા અને બીજા નબીઓને તેઓના પરવરદિગાર (તરફ)થી, અમે તેમનામાં કોઈ પર ઈમાનમાં ફરક કરતા નથી[૨૭૫] અને અમે તેના સમક્ષ માથું નમાવેલ છીએ (૮૪) અને જે કોઈ ઈસ્લામ સિવાય બીજો દીન ઈચ્છશે તે કદાપી તેનાથી કબૂલ રાખવામાં નહિ આવે, અને તે આખિરતમાં નુકસાનવાળાઓમાંથી છે (૮૫) અલ્લાહ કેમ કરીને એવી કોમની હિદાયત ઈચ્છે જે ઈમાન લાવીને કાફિરો**

تلك الرسل ٣ — ال عمران ٣

وَاَخَذْتُمْ عَلٰى ذٰلِكُمْ اِصْرِيْ ؕ قَالُوْۤا اَقْرَرْنَا ؕ قَالَ
فَاشْهَدُوْا وَاَنَا مَعَكُمْ مِّنَ الشّٰهِدِيْنَ ۝٨١ فَمَنْ
تَوَلّٰى بَعْدَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ۝٨٢ اَفَغَيْرَ
دِيْنِ اللّٰهِ يَبْغُوْنَ وَلَهٗۤ اَسْلَمَ مَنْ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ طَوْعًا وَّكَرْهًا وَّاِلَيْهِ يُرْجَعُوْنَ ۝٨٣ قُلْ اٰمَنَّا بِاللّٰهِ
وَمَاۤ اُنْزِلَ عَلَيْنَا وَمَاۤ اُنْزِلَ عَلٰۤى اِبْرٰهِيْمَ وَاِسْمٰعِيْلَ
وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ وَمَاۤ اُوْتِيَ مُوْسٰى
وَعِيْسٰى وَالنَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ ۪ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ
مِّنْهُمْ ۫ وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ۝٨٤ وَمَنْ يَّبْتَغِ غَيْرَ
الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ ۚ وَهُوَ فِي الْاٰخِرَةِ
مِنَ الْخٰسِرِيْنَ ۝٨٥ كَيْفَ يَهْدِي اللّٰهُ قَوْمًا كَفَرُوْا

૨૬૬. એટલે કે હુઝૂર સૈય્યદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ;

૨૬૭. એવી રીતે કે આપના ગુણો અને હાલતો તમામ અમ્બિયા અલયહિમુસ્સલામની કિતાબોમાં વર્ણવ્યા પ્રમાણે હોય;

૨૬૮. આ વચન પછી;

૨૬૯. અને આવનાર નબી હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવવામાં આનાકાની કરે;

૨૭૦. ઈમાનથી નીકળી ગએલા,

૨૭૧. વચનબદ્ધ થઈ ગયા પછી, અને દલીલો સ્પષ્ટ થઈ ગયા પછી, અને હાલત એ છે કે તમામ સૃષ્ટિ;

૨૭૨. ફરિશ્તાઓ, ઈન્સાનો, જિન્નાત;

૨૭૩. દલીલોનું પારખું કરીને, અને ન્યાય કરીને અને આ તાબેદારી તેઓને ફાયદો અને નફો આપે છે;

૨૭૪. કોઈક ડરના કારણે અથવા અઝાબને જોયા પછી, જેમકે કાફિર મોત સમયે અલ્લાહનો અઝાબ દેખીને ઈમાન લાવે છે, આ ઈમાન તેને કયામતના દિવસે ફાયદો આપશે નહિ.

૨૭૫. જેમકે યહૂદીઓ અને નસરાનીઓએ કર્યું કે અમુક પર ઈમાન લાવ્યા અને અમુકનો નકાર કર્યો;

૨૭૬. **શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે આ આયત યહૂદી અને નસારા વિશે ઉતરી, યહૂદીઓ હુઝૂરના આગમન પહેલાં આપના વસીલાથી દુઆઓ કરતાં હતા, અને આપની નુબુવ્વતનો સ્વીકાર કરતાં હતા અને આપની પધરામણીની રાહ જોતા હતા. જ્યારે

بعد إيمانهم وشهدوا أن الرسول حق وجاءهم
البينت والله لا يهدي القوم الظلمين ﴿٨٦﴾ أولئك
جزاؤهم أن عليهم لعنة الله والملئكة والناس
أجمعين ﴿٨٧﴾ خلدين فيها لا يخفف عنهم العذاب
ولا هم ينظرون ﴿٨٨﴾ إلا الذين تابوا من بعد
ذلك وأصلحوا فإن الله غفور رحيم ﴿٨٩﴾ إن
الذين كفروا بعد إيمانهم ثم ازدادوا كفرا لن
تقبل توبتهم وأولئك هم الضالون ﴿٩٠﴾ إن الذين
كفروا وماتوا وهم كفار فلن يقبل من أحدهم
ملء الأرض ذهبا ولو افتدى به أولئك
لهم عذاب أليم وما لهم من نصرين ﴿٩١﴾

**થઈ ગયા[૨૭૬] અને ગવાહી આપી ચૂક્યા હતા કે રસૂલ[૨૭૭] સાચા છે, અને એમની પાસે સ્પષ્ટ નિશાનીઓ આવી ચૂકી હતી[૨૭૮] અને અલ્લાહ જાલિમોને હિદાયત નથી કરતો (૮૬) તેમનો બદલો એ છે કે તેમના પર લઅનત છે અલ્લાહની અને ફરિશ્તાઓની અને આદમીઓની બધાની (૮૭) હમેશાં તેમાં રહે. ન તેમના પર અઝાબ હલકો થાય ન તેઓને મહેતલ આપવામાં આવે (૮૮) પણ જેઓએ એ પછી તવબહ કરી[૨૭૯] અને પોતાને સંભાળ્યો તો જરૂર અલ્લાહ માફ કરનાર મેહરબાન છે (૮૯) બેશક! જેઓ ઈમાન લાવીને કાફિર થયા, પછી કુફ્રમાં ઔર વધ્યા[૨૮૦] તેમની તવબહ કદાપિ કબૂલ થશે નહીં[૨૮૧] અને તેઓ જ ભટકેલા છે (૯૦) તેઓ જે કાફિરો થયા અને કાફિર જ મર્યા, તેમનામાં કોઈની પાસેથી પણ જમીન ભરીને સોનું જો તે પોતાના છુટકારા માટે આપે (તો પણ) કદાપી સ્વીકારાશે નહીં, તેઓ માટે દુ:ખદાયક અઝાબ છે, અને તેમનો કોઈ યાર (મદદ કરનાર) નથી (૯૧)**

હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પધાર્યા ત્યારા ઈર્ષાના કારણે આપનો ઈન્કાર કર્યો અને કાફિર થઈ ગયા, મતલબ એ છે કે અલ્લાહ તઆલા એવી કોમને કેમ કરી ઈમાનની તૌફીક આપે જે જાણી-ઓળખીને અને માનીને મુન્કિર બની ગઈ.

૨૭૭. એટલે કે હુઝૂર સય્યિદે અમ્બિયા મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ,

૨૭૮. અને તેઓ સ્પષ્ટ મોઅજિઝાઓ દેખી ચૂક્યા હતા. ૨૭૯. અને કુફ્રથી પરત થયા;

**શાને નુઝૂલ** :- હારીસ ઈબ્ને સુવેદ અન્સારીને કાફિરો સાથે મળી ગયા પછી પસ્તાવો થયો, તો તેઓએ પોતાની કોમને કહેવડાવ્યું કે તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને પૂછી જુએ કે મારી તવબહ કબૂલ થશે કે નહીં? તેમના વિષે આ આયત ઉતરી ત્યારે તેઓ તવબહ કરીને મદીના મુનવ્વરામાં હાજર થયા, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેમની તવબહ કબૂલ ફરમાવી;

૨૮૦. **શાને નુઝૂલ** :- આ આયત યહૂદીઓ વિષે ઉતરી, જેઓએ હઝરત મૂસા અલયહિસ્સલામ પર ઈમાન લાવ્યા પછી હઝરત ઈસા અલયહિસ્સલામ અને ઈન્જીલ સાથે કુફ્ર કર્યું; પછી કુફ્રમાં ઔર આગળ વધ્યા હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અને કુરઆન મજીદ સાથે પણ કુફ્ર કર્યું,

અને એક મંતવ્ય એવું છે કે આ આયત યહૂદીઓ અને નસરાનીઓ બન્ને વિષે ઉતરી જેઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની પધરામણી પહેલાં તો પોતાની કિતાબોમાં આપના ગુણોનું બયાન જોઈને આપના ઉપર ઈમાન ધરાવતા હતા પણ આપના આગમન પછી કાફિર થઈ ગયા, અને પછી કુફ્રમાં વધારે સખત બની ગયા.

૨૮૧. આ પરિસ્થિતિમાં, અથવા મરતી વખતે જો તેઓ કુફ્ર પર મરે તો;